# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

15 MAY-2026 FRIDAY | Vol. : 17 | Issue : 312 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3 
દિલ્હીની સરકારી ઓફિસોમાં બે દિવસ વર્ક ફ્રોમ હોમ: 'મંડે મેટ્રો' હેઠળ દર સોમવારે મેટ્રોમાં ઓફિસે આવવાનું રહેશે

4 
નહેરુના કાફલામાં 4 ગાડી હતી, પીએમના કાફલામાં 50 ગાડીઓ છે!

6 
'એક દિવસ બધુ ખતમ થઈ જશે...' IPLમાં 9મી સદી ફટકાર્યા બાદ વિરાટ કોહલી ઈમોશનલ થયો

7 
સેન્સેક્સ 790 પોઈન્ટ વધીને 75,399 પર બંધ થયો: નિફ્ટીમાં 277 પોઈન્ટનો ઉછાળો રહ્યો, બેન્કિંગ અને ફાર્મા શેરોમાં વધુ...


### 42 મહિનાનો રેકોર્ડ તોડ્યો

# મોંઘવારીનો મોટો વિસ્ફોટ, એપ્રિલમાં જથ્થાબંધ ફુગાવો 8.30% પર પહોંચ્યો

## ઈરાન સંકટ અને ખાડી દેશોમાં તણાવને કારણે કાચા તેલની કિંમતોમાં જે ઉછાળો આવ્યો તેની સીધી અસર આ આંકડાઓમાં દેખાઈ રહી છે

**નવી દિલ્હી, તા.14**

દેશમાં મોંઘવારીનું દબાણ હવે ઝડપથી વધતું દેખાઈ રહ્યું છે. એપ્રિલ 2026માં દેશનો જથ્થાબંધ મોંઘવારી દર એટલે કે WPI વધીને 8.30 ટકા પર પહોંચી ગયો છે. જ્યારે માર્ચમાં આ આંકડો 3.88 ટકા હતો. આ છેલ્લા 42 મહિના એટલે કે અંદાજે સાડા ત્રણ વર્ષનું સૌથી ઊંચું સ્તર માનવામાં આવી રહ્યું છે, જેનાથી આગામી સમયમાં રોજબરોજની ચીજવસ્તુઓની કિંમતો પર વધુ અસર પડી શકે છે.



આ વધારામાં સૌથી મોટું યોગદાન ઇંધણ સેક્ટરનું રહ્યું છે. Fuel & Power મોંઘવારી માર્ચના 1.05 ટકાથી ઉછળીને એપ્રિલમાં 24.71 ટકા સુધી પહોંચી ગઈ છે. તે જ સમયે, કાચા તેલની જથ્થાબંધ મોંઘવારી 88 ટકાથી ઉપર નોંધાઈ છે.

પેટ્રોલની કિંમતોમાં 32.40 ટકા અને ડીઝલમાં 25.19 ટકાના વધારાએ પણ મોંઘવારીના દબાણને વધુ વધારી દીધું છે. LPG ની કિંમતોમાં પણ 10.92 ટકાનો વધારો નોંધાયો છે. આ આંકડાઓથી સ્પષ્ટ જણાય છે કે, સામાન્ય લોકો પર મોંઘવારીનું દબાણ સતત વધી રહ્યું છે.

ઈરાન સંકટ અને ખાડી દેશોમાં તણાવને કારણે કાચા તેલની કિંમતોમાં જે ઉછાળો આવ્યો તેની સીધી અસર આ આંકડાઓમાં દેખાઈ રહી છે. પ્રાઈમરી આર્ટિકલ્સની મોંઘવારી માર્ચના 6.36 ટકાથી વધીને એપ્રિલમાં 9.17 ટકા થઈ ગઈ. મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટ્સમાં મોંઘવારી 3.39 ટકાથી વધીને 4.62 ટકા રહી.

સરકારે અત્યાર સુધી પેટ્રોલ, ડીઝલ અને ઘરેલુ LPGની કિંમતોને સ્થિર રાખી છે જેથી સામાન્ય લોકોને રાહત મળી શકે. જોકે, કોમર્શિયલ LPG સિલિન્ડરની કિંમતોમાં વધારો કરવામાં આવ્યો છે. અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે જો વૈશ્વિક સ્તરે તેલની કિંમતો સ્થિર નહીં થાય, તો આગામી મહિનાઓમાં જથ્થાબંધ અને છૂટક મોંઘવારી બંને પર દબાણ વધી શકે છે.

Core WPI એટલે કે ખોરાક અને ઇંધણને બાદ કરતાં બાકીની વસ્તુઓની મોંઘવારી 5 ટકા પર પહોંચી ગઈ છે, જે 43 મહિનાનું ઊંચું સ્તર છે. માર્ચમાં તે 3.7 ટકા હતી. રાહતની વાત એ છે કે ખાવા-પીવાની વસ્તુઓ બહુ મોંઘી થઈ નથી. Food Inflation માર્ચના 1.85 ટકાથી વધીને માત્ર 2.31 ટકા રહી. ડુંગળી અને બટાકાના ભાવ જથ્થાબંધ બજારમાં હજુ પણ ગયા વર્ષ કરતા નોંધપાત્ર રીતે નીચે છે. DPIIT મુજબ, મે મહિનાના WPI આંકડા 15 જૂને જાહેર કરવામાં આવશે.

માર્ચની સરખામણીએ એપ્રિલમાં ઇંધણ અને પાવર જૂથમાં મોંઘવારી દર ૧૮.૨૨ ટકા વધ્યો છે. જોકે, વીજળીના ભાવમાં ૨.૫૩ ટકાનો ઘટાડો થતાં સામાન્ય રાહત મળી છે. એપ્રિલમાં ફૂડ ઈન્ડેક્સ (અનાજ, કઠોળ અને ઉત્પાદિત ખાદ્ય ચીજો)માં માર્ચની સરખામણીએ ૨.૩૧ ટકાનો વધારો થયો છે. જ્યારે માર્ચ મહિનામાં ખાદ્ય મોંઘવારી દર ૧.૮૫ ટકા પર સ્થિર રહ્યો હતો. જથ્થાબંધ ભાવ સૂચકાંકમાં ૬૪.૨૩ ટકા હિસ્સો ધરાવતા મેન્યુફેક્ચરિંગ ઉત્પાદનોની મોંઘવારીમાં એપ્રિલમાં ૧.૪ ટકાનો વધારો થયો છે. આ જૂથની ૨૨માંથી ૨૧ પ્રોડક્ટ્સના ભાવમાં વધારો જોવા મળ્યો છે.

બીજી તરફ, ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) પર આધારિત ભારતનો છૂટક મોંઘવારી દર એપ્રિલમાં ૩.૪૮ ટકા નોંધાયો છે. વૈશ્વિક સ્તરે ક્રૂડના ભાવ વધવા છતાં વીજળી, ગેસ અને અન્ય ઇંધણ માટેનો ફુગાવો ૧.૭૧ ટકાના નીચા સ્તરે જળવાઈ રહ્યો છે. નિષ્ણાતોના મતે, જો પશ્ચિમ એશિયામાં તણાવ લાંબો સમય ચાલશે, તો આવનારા દિવસોમાં પરિવહન ખર્ચ વધવાને કારણે સામાન્ય જનતાના ખિસ્સા પર વધુ બોજ પડી શકે છે.

# SIRનો ત્રીજો તબક્કો જાહેર, હરિયાણા-ઉત્તરાખંડ સહિત 19 રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશો સામેલ....

## 37 કરોડ મતદારોનું વેરિફિકેશન થશે, હવે માત્ર હિમાચલ, જમ્મુ-કાશ્મીર, લદ્દાખનું શેડ્યૂલ આવવાનું બાકી

**નવી દિલ્હી, તા.14**

ચૂંટણી પંચે ગુરુવારે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ના ત્રીજા તબક્કાની જાહેરાત કરી છે. આ તબક્કા હેઠળ 16 રાજ્યો અને 3 કેન્દ્રશાસિત પ્રદેશોમાં 36.73 કરોડ મતદારોનું વેરિફિકેશન કરવામાં આવશે.



16 રાજ્યોમાં હરિયાણા, ઝારખંડ, કર્ણાટક, મહારાષ્ટ્ર, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, ઓડિશા, પંજાબ, સિક્કિમ, ત્રિપુરા, તેલંગાણા, આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ અને ઉત્તરાખંડનો સમાવેશ થાય છે. કેન્દ્રશાસિત પ્રદેશોમાં દિલ્હી, ચંદીગઢ, દાદરા અને નગર હવેલી તેમજ દમણ-દીવનો સમાવેશ થાય છે. SIR ના ત્રીજા તબક્કા પછી હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ સિવાય સમગ્ર દેશમાં SIR પ્રક્રિયા પૂર્ણ થઈ જશે. આ ત્રણેય રાજ્યોમાં હવામાન અને વસ્તી ગણતરીના બીજા તબક્કાને ધ્યાનમાં રાખીને SIR ના શેડ્યૂલની જાહેરાત પછીથી કરવામાં આવશે.

ચૂંટણી પંચે જણાવ્યું કે ત્રીજા તબક્કાની SIR પ્રક્રિયામાં 3.94 લાખ બૂથ લેવલ અધિકારીઓ (BLO) તૈનાત થશે. BLO ની મદદ માટે રાજકીય પક્ષો દ્વારા નિયુક્ત 3.42 લાખ બૂથ લેવલ એજન્ટો (BLA) પણ સામેલ રહેશે. દિલ્હીમાં SIR પછી અંતિમ મતદાર યાદી 7 ઓક્ટોબરે જાહેર કરવામાં આવશે. પંચે જણાવ્યું કે SIR ના પહેલા બે તબક્કામાં 13 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લગભગ 59 કરોડ મતદારોને આવરી લેવામાં આવ્યા હતા. આ દરમિયાન 6.3 લાખ BLO અને 9.2 લાખ BLA પ્રક્રિયામાં સામેલ થયા હતા.

આ ચૂંટણી પંચની એક પ્રક્રિયા છે. તેમાં ઘરે-ઘરે જઈને લોકો પાસેથી ફોર્મ ભરાવીને મતદાર યાદી અપડેટ કરવામાં આવે છે. 18 વર્ષથી વધુ ઉંમરના નવા મતદારોને ઉમેરવામાં આવે છે. જે લોકો મૃત્યુ પામ્યા છે અથવા જેઓ બીજી જગ્યાએ સ્થળાંતર કરી ગયા છે, તેમના નામ દૂર કરવામાં આવે છે. નામ, સરનામામાં થયેલી ભૂલોને પણ સુધારવામાં આવે છે.

પહેલા તબક્કામાં બિહારમાં થયું. ફાઈનલ યાદીમાં 7.42 કરોડ મતદારો છે. બીજા તબક્કા હેઠળ ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહ અને લક્ષદ્વીપમાં SIR ની જાહેરાત થઈ. બૂથ લેવલ ઓફિસર (BLO) અને બૂથ લેવલ એજન્ટ (BLA) ઘરે-ઘરે જઈને મતદારોનું વેરિફિકેશન કરે છે.

SIR દરમિયાન BLO/BLA મતદારને ફોર્મ આપશે. મતદારે તેમને માહિતી મેચ કરાવવાની રહેશે. જો બે જગ્યાએ મતદાર યાદીમાં નામ હોય તો તેને એક જગ્યાએથી હટાવવું પડશે. જો નામ મતદાર યાદીમાં ન હોય તો જોડાવવા માટે ફોર્મ ભરવું પડશે અને સંબંધિત દસ્તાવેજો આપવા પડશે. 1951 થી 2004 સુધીનું SIR થઈ ગયું છે, પરંતુ છેલ્લા 21 વર્ષથી બાકી છે. આ લાંબા ગાળામાં મતદાર યાદીમાં ઘણા ફેરફારો જરૂરી છે. જેમ કે લોકોનું સ્થળાંતર, બે જગ્યાએ મતદાર યાદીમાં નામ હોવું. મૃત્યુ પછી પણ નામ રહેવું. વિદેશી નાગરિકોના નામ યાદીમાં આવી જાય તો તેને દૂર કરવા. કોઈ પણ યોગ્ય મતદાર યાદીમાંથી છૂટી ન જાય અને કોઈ પણ અયોગ્ય મતદાર યાદીમાં સામેલ ન થાય.

# મમતા બેનર્જી કાળો કોટ પહેરીને કલકત્તા હાઈકોર્ટ પહોંચ્યા....

## ચૂંટણી હિંસા સંબંધિત કેસમાં દલીલ કરી, બહાર નીકળ્યા ત્યારે ચોર-ચોરના નારા લાગ્યા

**કોલકાતા, તા.14**

પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જી ફરી એકવાર કાળો કોટ પહેરીને કોર્ટમાં દલીલો કરવા પહોંચ્યા. મમતા ગુરુવારે કલકત્તા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુજોય પાલ અને જસ્ટિસ પાર્થસારથી સેન સમક્ષ હાજર થયા. આ મામલો તાજેતરની રાજ્ય વિધાનસભા ચૂંટણીના પરિણામો પછી થયેલી ચૂંટણીલક્ષી હિંસા સંબંધિત જનહિત અરજીનો હતો.



સુનાવણી દરમિયાન મમતાએ કોર્ટને જણાવ્યું કે રાજ્યમાં તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણી પછી મોટા પાયે હિંસા થઈ. તેમાં બુલડોઝર કાર્યવાહી પણ સામેલ છે. પોલીસ FIR નોંધાવવાની પરવાનગી આપી રહી નથી. તેમણે TMC કાર્યકરો પર હુમલા, આગચંપી અને હત્યાઓના આરોપો લગાવતા કોર્ટ પાસેથી સુરક્ષા અને નિષ્પક્ષ તપાસની માગ કરી. આ તરફ, સુનાવણી પછી જ્યારે મમતા કોર્ટ રૂમમાંથી બહાર નીકળ્યા, ત્યારે કોરિડોરમાં હાજર વકીલોના ટોળાએ તેમને ઘેરી લીધા. આ બધા મમતાને જોઈને ચોર-ચોરના નારા લગાવ્યા.

આ અરજી ઉત્તરપારા વિધાનસભા ક્ષેત્રમાંથી હારેલા ઉમેદવાર શીર્ષાન્ય બંદ્યોપાધ્યાયે દાખલ કરી હતી. 12 મેના રોજ દાખલ કરવામાં આવેલી જનહિત અરજીમાં પાર્ટી કાર્યકરો વિરુદ્ધ હિંસાનો આરોપ લગાવવામાં આવ્યો છે. સાથે જ દાવો કરવામાં આવ્યો છે કે તૃણમૂલ કોંગ્રેસ સાથે જોડાયેલા હોવાને કારણે ઘણા લોકોને પોતાના ઘર છોડવા મજબૂર થવું પડ્યું. સુપ્રીમ કોર્ટે ફેબ્રુઆરીમાં પશ્ચિમ બંગાળમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) કેસ પર સુનાવણી કરી હતી, ત્યારે મમતા બેનર્જીએ પણ દલીલો રજૂ કરી હતી. કોર્ટ રૂમમાં મમતાએ 13 મિનિટ સુધી પોતાની વાત રજૂ કરી. બેન્ચ સામે હાથ જોડીને ઊભેલા મમતાએ કહ્યું કે અમને ક્યાંય ન્યાય મળી રહ્યો નથી. સુપ્રીમ કોર્ટના ઈતિહાસમાં આ પહેલો પ્રસંગ હતો જ્યારે કોઈ રાજ્યના વર્તમાન મુખ્યમંત્રીએ કોર્ટમાં હાજર થઈને પોતાની દલીલો રજૂ કરી હતી. કેસોમાં સામાન્ય રીતે મુખ્યમંત્રીઓના વકીલ કે સલાહકાર જ હાજર રહે છે.

# પ્રતીકને સસરાએ આપ્યો મુખાગ્નિ: સપા પ્રમુખે પ્રણામ કર્યા, બંને પુત્રીઓ પણ સ્મશાનમાં હાજર રહી, પ્રતીક યાદવ અમર રહો નારા લાગ્યા

**લખનઉ, તા.14**

સપા પ્રમુખ અખિલેશ યાદવના નાના ભાઈ પ્રતીક ગુરુવારે બપોરે પંચતત્વમાં વિલીન થઈ ગયા. પ્રતીકની પત્ની અપર્ણાના પિતા અરવિંદ સિંહ બિષ્ટે ચિતાને મુખાગ્નિ આપ્યો હતો. હાથ જોડીને તેમણે પોતાના જમાઈને અંતિમ પ્રણામ કર્યા હતા. પત્ની અપર્ણા અને બંને પુત્રીઓ પણ સ્મશાનમાં હાજર રહી. હજારો સમર્થકો 'પ્રતીક યાદવ અમર રહો' ના નારા લગાવતા પ્રતીકની અંતિમયાત્રામાં જોડાયા હતા. પ્રતીક એનિમલ લવર હતો. પત્ની અપર્ણાએ કૂતરા અને વાંદરા સાથેનો પ્રતીકનો ફોટો શબવાહિની પર લગાવ્યો હતો. અપર્ણા, તેની બે પુત્રીઓ સાથે સ્મશાનમાં હાજર રહી. તેમની સાથે જુના અખાડાના આચાર્ય મહામંડલેશ્વર સ્વામી અવધેશાનંદ ગિરી પણ હતા. અખિલેશ અને શિવપાલ યાદવ પણ સ્મશાનમાં હાજર હતા. અખિલેશનો પુત્ર અર્જુન પણ તેમની સાથે હતો.





શબવાહિનીને ફૂલોથી શણગારવામાં આવી હતી. સ્વામી અવધેશાનંદ ગિરિ, બંને ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રજેશ પાઠકે પ્રતીકને શ્રદ્ધાંજલિ આપી. શિવપાલ યાદવ અને ડિમ્પલ યાદવે પણ અંતિમ દર્શન કર્યા હતા.

આ પહેલા, રાત્રે પત્ની અપર્ણા યાદવ બંને દીકરીઓ સાથે શબ પાસે બેસી રહી. પ્રતીકનું બુધવારે સવારે 6 વાગ્યે 38 વર્ષની ઉંમરે અવસાન થયું હતું. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મૃત્યુનું કારણ કાર્ડિયાક અરેસ્ટ જણાવાયું હતું. તેમના શરીર પર 6 ઈજાઓ મળી હતી, જે મૃત્યુ પહેલાં થઈ હતી. તેમાંથી 3 ઈજાઓ 7 દિવસ જૂની અને 3 એક દિવસ જૂની હતી.

પ્રતીક, મુલાયમ સિંહ યાદવની બીજી પત્ની સાધના ગુપ્તાના પુત્ર હતા. પત્ની અપર્ણા રાજ્ય મહિલા આયોગના ઉપાધ્યક્ષ છે. ડોકટરોના મતે, પ્રતીક ફેફસાંની ગંભીર બીમારી પલ્મોનરી એમ્બોલિઝમની ઝપેટમાં હતા. પ્રતીકને 13 દિવસમાં બે વાર હાર્ટ એટેક આવ્યો. આ પહેલા, 30 એપ્રિલે તેઓ લખનઉ એરપોર્ટ પર ચાલતા-ચાલતા પડી ગયા હતા. ત્યારે મેદાંતા હોસ્પિટલના ડોકટરોએ જણાવ્યું હતું કે પ્રતીકને હાર્ટ એટેક આવ્યો છે.

પ્રતીકની માતા સાધના ગુપ્તાના પ્રથમ લગ્ન 1986માં ચંદ્રપ્રકાશ ગુપ્તા સાથે થયા હતા. 1987માં પ્રતીકનો જન્મ થયો. 1990માં ચંદ્રપ્રકાશ ગુપ્તા અને સાધનાના છૂટાછેડા થયા. આ સમયગાળા દરમિયાન સાધના અને મુલાયમ નજીક આવ્યા. 2003માં મુલાયમ સિંહે સાધના ગુપ્તા સાથે લગ્ન કર્યા અને જાહેરમાં પ્રતીકને પુત્રનો હક આપ્યો હતો. પ્રતીકે બ્રિટનની લીડ્સ યુનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યો હતો. તેમને મોંઘી કાર અને સુપર બાઈક્સનો શોખ હતો. યાદવ પરિવારના હોવા છતાં પ્રતીકને રાજકારણ પસંદ નહોતું. પ્રતીકનો રિયલ એસ્ટેટ અને ફિટનેસનો વ્યવસાય હતો. 2022ના ચૂંટણી સોગંદનામામાં અપર્ણા અને પ્રતીકની જંગમ-સ્થાવર સંપત્તિ 23 કરોડ રૂપિયા દર્શાવવામાં આવી હતી. પ્રતીકે અપર્ણા સાથે 14 વર્ષ પહેલાં લવ મેરેજ કર્યા હતા. બંનેને બે દીકરીઓ છે. પ્રતીક એ 19 જાન્યુઆરીએ અચાનક પત્ની અપર્ણાથી છૂટાછેડા લેવાની જાહેરાત કરી હતી. તેણે કહ્યું હતું કે- અપર્ણાએ મારું જીવન નરક બનાવી દીધું. જોકે, 9 દિવસ પછી બંને વચ્ચે સમાધાન થઈ ગયું હતું. ઈન્સ્ટાગ્રામ પર પ્રતીક એ અપર્ણા સાથે તસવીર શેર કરતા લખ્યું હતું-'All is Good', એટલે કે બધું સારું છે.




# 7 વર્ષના બાળક સહિત 86 બાળકને ગોંધી રાખી મજૂરી કરાવતા

## ખોટાં વચનો અને ફરવાના બહાને ચાર રાજ્યોમાંથી બાળકો લવાયાં હતાં, સુરતમાં બાળમજૂરી રેકેટમાં નવો ખુલાસો

**સુરત, તા.14**



સુરત શહેરના પુણા વિસ્તારમાં ધમધમતા ટેક્સટાઈલ યુનિટો પર સુરત પોલીસ અને બાળ સુરક્ષા એજન્સીઓએ સર્જિકલ સ્ટ્રાઈક કરી બાળમજૂરીના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. પુણાની સીતારામ અને મુક્તિધામ સોસાયટીમાં પાડેલા દરોડામાં 86 બાળકોને મજૂરીની બેડીઓમાંથી મુક્ત કરાવ્યા છે. ચોંકાવનારી વાત એ છે કે, બચાવાયેલા બાળકોમાં સૌથી નાની ઉંમરનું બાળક માત્ર 7 વર્ષનું છે, જેની પાસેથી કપરાં કામ કરાવવામાં આવતા હતા. જ્યારે ખોટાં વચનો અને ફરવાના બહાને 4 રાજ્યોમાંથી તસ્કરી કરવામાં આવતી હોવાનું સામે આવ્યું છે.

ગાયત્રી સેવા સંસ્થાની બાતમીના આધારે નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (NCPCR), રાજસ્થાન પોલીસના 22 અધિકારીઓ અને એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ તેમજ પુણા પોલીસે સંયુક્ત રીતે આ કાર્યવાહી હાથ ધરી હતી. ગત બુધવારે પોલીસે સીતારામ સોસાયટીના 100 જેટલા મકાનોમાં આકસ્મિક ચેકિંગ શરૂ કર્યું હતું. જેમાંથી 27 મકાનોમાં ટેક્સટાઈલ યુનિટો ચાલતા હતા, જ્યાં બાળકોને ગોંધી રાખીને મજૂરી કરાવાતી હતી.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ બાળકોને રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર અને ઝારખંડ જેવા રાજ્યોમાંથી લવાયા હતા. કેટલાક બાળકો છેલ્લા ત્રણથી ચાર વર્ષથી આ યુનિટોમાં કામ કરી રહ્યા હતા, જ્યારે કેટલાક-બાળકોને તાજેતરમાં જ તેમના ગામડાઓમાંથી અહીં લાવવામાં આવ્યા હતા. એજન્ટો આ ગરીબ બાળકોના પરિવારજનોને આર્થિક મદદ કરી, બાળકોને ભણાવવાની કે સુરત ફેરવવાના બહાને અહીં લઈ આવતા હતા. બચાવાયેલા 86 બાળકોમાં સૌથી વધુ રાજસ્થાનના ઉદયપુર વિસ્તારના આદિવાસી બાળકો છે. જેમાં 8 અને 10 વર્ષના બે સગા ભાઈઓ પણ કામ કરતા મળી આવ્યા હતા. ઉત્તર પ્રદેશના ત્રણ, બિહારનો એક અને ઝારખંડનો એક બાળક પણ મળી આવ્યો હતો.

આ બાળકોને સાંકડી ઓરડીઓમાં ધુમાડા અને અવાજ વચ્ચે રાખવામાં આવ્યા હતા. કેટલાક બાળકો સાડીઓના દોરા કાપતા હતા, તો કેટલાક પાસે જોખમી મશીનો ચલાવવામાં આવતા હતા. દરોડા સમયે દ્રશ્યો એટલા હૃદયદ્રાવક હતા કે, 7 વર્ષનું એક માસૂમ બાળક શર્ટ વગર ધ્રૂજતું ઊભું હતું અને પોલીસને જોઈને અન્ય બાળકો પાછળ છુપાઈ ગયું હતું. આ બાળકો પાસે રોજના 12-12 કલાક સુધી વૈતરું કરાવવામાં આવતું હતું.

જ્યારે પોલીસ અને બાળ આયોગે ફેક્ટરી સંચાલકોની કડક પૂછપરછ કરી, ત્યારે તેમણે બચાવ કરતા કહ્યું કે તેઓ આ બાળકોને તેમના માતા-પિતાની મંજૂરીથી જ લાવ્યા છે. જોકે, પોલીસે સ્પષ્ટ કર્યું છે કે જુવેનાઈલ જસ્ટિસ એક્ટ હેઠળ 14 વર્ષથી ઓછી ઉંમરના બાળકો પાસે આવું જોખમી કામ કરાવવું એ ગંભીર ગુનો છે. પોલીસે તમામ સંચાલકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રેસ્ક્યુ કરાયેલા મોટાભાગના બાળકો એવા છે જેમણે ગરીબીને કારણે અભ્યાસ અધવચ્ચે જ છોડી દીધો હતો. એજન્ટો આવા 'સ્કૂલ ડ્રોપઆઉટ' બાળકોને ટાર્ગેટ કરી તેમના વાલીઓને થોડાક રૂપિયાની લાલચ આપી સુરતના શ્રમબજારમાં ધકેલી દેતા હતા. હાલ તમામ બાળકોને સુરક્ષિત સ્થળે ખસેડી તેમના પુનઃવસન માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે.

ગત 13 મે, 2026ના રોજ સુરતના ટેક્સટાઈલ માર્કેટમાં ચાલતા બાળ મજૂરીના એક મોટા નેટવર્કનો પર્દાફાશ થયો હતો. ઉદયપુરની માનવ તસ્કરી વિરોધી યુનિટ (AHTU) અને રાજ્ય બાળ આયોગની ટીમે સંયુક્ત કાર્યવાહી કરીને અલગ-અલગ ફેક્ટરીમાંથી 86 આદિવાસી બાળકોને રેસ્ક્યુ કર્યા હતા. આ તમામ બાળકો ઉદયપુર જિલ્લાના આદિવાસી વિસ્તારોના હોવાનું સામે આવ્યું હતું. જેમની પાસે મહિનાના 5થી 8 હજારમાં આખો મહિનો શોષણ કરાતું હતું. પુણા અને રાજસ્થાનની ઉદયપુર પોલીસના સંયુક્ત ઓપરેશનમાં આ બાળકોને બાળ મજૂરીની ચુંગાલમાંથી મુક્ત કરાવવામાં આવ્યા હતા.

# સુરત મેટ્રોના બીજા કોરિડોર પર ટ્રાયલ રનનો પ્રારંભ: 7 સ્ટેશનોના સ્ટ્રક્ચર તૈયાર

## 500 કલાક સુધી ટ્રેનનું સઘન ટેસ્ટિંગ ચાલશે, મેટ્રો પ્રોજેક્ટની 75% કામગીરી પૂર્ણ

**સુરત, તા.14**



સુરતની જનતા માટે ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મેળવવાના દિવસો હવે ગણતરીના બાકી રહ્યા છે. સુરત મેટ્રો પ્રોજેક્ટમાં એક મોટી સિદ્ધિ હાંસલ કરતા, આજથી કોરિડોર-2 (ઈસ્ટ-વેસ્ટ કોરિડોર) પર ટ્રાયલ રનનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. ભેસાણથી અડાજણ ગામ સુધીના 6.5 કિમીના અંતરમાં મેટ્રો ટ્રેન દોડતી જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે, સુરત મેટ્રોની કુલ કામગીરી હવે 75 ટકાથી વધુ પૂર્ણ થઈ ચૂકી છે, જે શહેરની ઝડપી કનેક્ટિવિટી તરફનું એક મજબૂત કદમ છે.

કોરિડોર-2 અંતર્ગત ભેસાણથી અડાજણ ગામ વચ્ચેના 7 સ્ટેશનોના સ્ટ્રક્ચરનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. આજથી શરૂ થયેલા ટ્રાયલ રન દરમિયાન ટ્રેનને આશરે 500 કલાક સુધી ચલાવવામાં આવશે. આ પ્રક્રિયામાં GEC (જનરલ એન્જિનિયરિંગ કન્સલ્ટન્ટ) અને GMRC (ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન) દ્વારા ટ્રેનની સ્પીડ, બ્રેકિંગ સિસ્ટમ અને ટેકનિકલ પાસાઓની ઝીણવટભરી તપાસ કરવામાં આવશે.

આ અગાઉ, કોરિડોર-1 (નોર્થ-સાઉથ કોરિડોર) માં ડ્રીમ સિટીથી અલથાણ ટેનામેન્ટ વચ્ચેના 8.5 કિમીના રૂટ પર ગત 29 માર્ચ, 2026થી ટ્રાયલ રન શરૂ કરી દેવામાં આવ્યો હતો. હાલમાં આ રૂટ પર વિવિધ રેગ્યુલેટરી સંસ્થાઓ દ્વારા પરીક્ષણની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે.

મેનેજમેન્ટના જણાવ્યા અનુસાર, ટ્રાયલ રન પૂર્ણ થયા બાદ ભારત સરકારની સંસ્થા RDSO (રિસર્ચ ડિઝાઈન એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઈઝેશન) દ્વારા ટેકનિકલ તપાસ કરવામાં આવશે. ત્યારબાદ સૌથી મહત્વની પ્રક્રિયા CMRS (કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી) દ્વારા હાથ ધરવામાં આવશે. આ સંસ્થા સુરક્ષાનું આખરી નિરીક્ષણ કરી લીલી ઝંડી આપશે, ત્યારબાદ જ સુરતવાસીઓ મેટ્રોની સફર માણી શકશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત'ના વિઝન હેઠળ સુરતને આધુનિક અને સુરક્ષિત પરિવહન સુવિધા આપવા માટે રાજ્ય સરકાર પણ કટિબદ્ધ છે. મુખ્યમંત્રી અને શહેરી વિકાસ મંત્રી દ્વારા આ પ્રોજેક્ટનું સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે, જેથી નિર્ધારિત સમયમર્યાદામાં પ્રોજેક્ટ પૂર્ણ કરી શકાય. સુરત મેટ્રો શરૂ થવાથી શહેરના પશ્ચિમ અને પૂર્વ વિસ્તાર વચ્ચેનું અંતર મિનિટોમાં કપાઈ જશે.

# ખેડા જિલ્લાના ઠાસરા, કપડવંજ, નડિયાદ, મહુધા, ગળતેશ્વર, ખેડા અને માતર ખાતે પ્રાકૃતિક કૃષિ હાટ ભરાયા

## જિલ્લાના તાલુકા સ્તરે પ્રાકૃતિક ખેડૂત હાટ વેચાણ કેન્દ્રમાં પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનો વેચાઈ રહયા છે

**નડિયાદ, તા.14**



ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના ઉપક્રમે આજરોજ ખેડા જિલ્લાના વિવિધ તાલુકામાં પ્રાકૃતિક ખેડૂત હાટ યોજાયો હતો. જે અંતર્ગત જિલ્લાના ઠાસરા,કપડવંજ, નડિયાદ ,મહુધા, ગળતેશ્વર, ખેડા અને માતર ખાતે પ્રાકૃતિક કૃષિ હાટ ભરાયા હતા.

આજે પ્રાકૃતિક રીતે ઉછેરેલા શાકભાજી, ફળો, અનાજ, કઠોળ અને મરી મસાલાનું વેચાણ કરવામાં આવ્યું હતુ. સવારે ૧૦ થી ૧૨ વાગ્યા દરમિયાન યોજાએલા આ પ્રાકૃતિક ખેડૂત હાટ વેચાણ કેન્દ્રમાં પ્રાકૃતિક કૃષિ પ્રેમીઓએ વિવિધ શાકભાજી અને કઠોળ તેમજ અનાજની ખરીદી કરી હતી.

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના જિલ્લા પ્રોજેક્ટ મેનેજર આરીફભાઈ શેખ જણાવે છે એમ," પ્રોજેક્ટ ડાયરેકટરચંદ્રકાંતભાઈ પટેલના માર્ગદર્શનમાં જિલ્લાના તાલુકા સ્તરે પ્રાકૃતિક ખેડૂત હાટ વેચાણ કેન્દ્રમાં પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનો વેચાઈ રહયા છે તેમજ ખેડા જિલ્લાના લોકો પ્રાકૃતિક શાકભાજી અને અનાજ તેમજ કઠોળનું મહત્વ સમજીને અમારા સ્ટોલો પરથી શાકભાજી અને કઠોળ તેમજ અનાજનું અનાજની ખરીદારી કરી રહ્યા છે.

આ હાટમાં નડિયાદ તાલુકાનાં તાલુકા પ્રોજેક્ટ મેનેજર પાર્થભાઈ પટેલ, બ્લોક ટેક્નોલોજી મેનેજર હિતેન્દ્ર ભાઈ અને એગ્રી આસિસ્ટન્ટ જગદીશભાઈ સોઢા, મહુધા તાલુકામાં તાલુકા પ્રોજેક્ટ મેનેજર સલમાબેન, ઠાસરા તાલુકાના તાલુકા પ્રોજેક્ટ મેનેજર હેરાજ પટેલ, એગ્રી આસિસ્ટન્ટ દલપતભાઈ સોઢા, કપડવંજ તાલુકાના તાલુકા પ્રોજેક્ટ મેનેજર ભુમીકાબેન પટેલ,માતર તાલુકાના તાલુકા પ્રોજેક્ટ મેનેજર હાર્દિકભાઈ, અગ્રીકલચર આસિસ્ટન્ટ કિરણભાઈ સોલંકી, ખેડા તાલુકાના તાલુકા પ્રોજેક્ટ મેનેજર મયુરભાઈ ખેડુતો સાથે હાજર રહ્યાં હતા.

# ગુજરાતમાં ઓફિસોમાં ગમે ત્યારે વર્ક ફ્રોમ હોમની જાહેરાત થઈ શકે

## ગુજરાત સચિવાલય ફેડરેશને CMને પત્ર લખ્યો, સરકારમાં ચર્ચા વિચારણા શરૂ

**ગાંધીનગર, તા.14**





પેટ્રોલ-ડીઝલની બચત માટે દિલ્હી સહિત કેટલાક રાજ્યોમાં ઓફિસમાં વર્ક ફ્રોમ હોમની શરૂઆત કરવામાં આવી છે. ત્યારે ગુજરાતમાં પણ ઓફિસોમાં વર્ક ફ્રોમ હોમની જાહેરાત થઈ શકે છે. ગુજરાત સચિવાલય ફેડરેશન દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખી સચિવાલયમાં 'વર્ક ફ્રોમ હોમ' અને '5 ડેઝ વીક' અમલમાં મૂકવાની માંગ ઉઠી છે. ફેડરેશન દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને આ મુદ્દે તાત્કાલિક નિર્ણય લેવા રજૂઆત કરવામાં આવી છે. ધી ગુજરાત સચિવાલય ફેડરેશન સાથે અંદાજિત 8000 જેટલા કર્મચારીઓ જોડાયેલા છે.

ફેડરેશનના પ્રમુખ કીર્તિ એલ. પટેલ અને મહામંત્રી હિરેન આર. પટેલ દ્વારા કરાયેલી રજૂઆતમાં જણાવાયું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને પેટ્રોલ-ડીઝલનો ઓછો ઉપયોગ કરવા, "વર્ક ફ્રોમ હોમ" અપનાવવા અને વર્ચ્યુઅલ મિટિંગને પ્રાથમિકતા આપવા અપીલ કરી છે. વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ અને ઈંધણ બચતની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર પણ આ દિશામાં પગલાં ભરે તેવી માંગ કરવામાં આવી છે.

પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ગુજરાત સચિવાલય રાજ્યના વહીવટી તંત્રનું કેન્દ્ર હોવાથી દરરોજ મોટી સંખ્યામાં કર્મચારીઓ અવરજવર કરે છે, જેના કારણે પેટ્રોલ-ડીઝલનો વ્યાપક વપરાશ થાય છે અને ટ્રાફિકનો બોજ પણ વધે છે. કોરોનાકાળ દરમિયાન ઈ-ઓફિસ, વર્ચ્યુઅલ મિટિંગ, વીડિયો કોન્ફરન્સિંગ અને ડિજિટલ ફાઈલ સિસ્ટમ સફળતાપૂર્વક અમલમાં મુકાઈ હતી, જેના સકારાત્મક પરિણામો મળ્યા હતા.

ફેડરેશને સરકાર સમક્ષ કેટલીક મહત્વપૂર્ણ માંગણીઓ મૂકી છે. જેમાં વિભાગોની કામગીરી મુજબ તાત્કાલિક 'વર્ક ફ્રોમ હોમ' અથવા 'હાઈબ્રિડ વર્ક મોડલ' શરૂ કરવું, રાજ્ય સરકારમાં '5 ડેઝ વીક' અમલમાં મૂકવો, રોટેશન આધારિત વર્ક ફ્રોમ હોમ વ્યવસ્થા શરૂ કરવી અને ઈ-ઓફિસ તથા ડિજિટલ માધ્યમોનો વધુ ઉપયોગ વધારવાનો સમાવેશ થાય છે.

ફેડરેશનનું માનવું છે કે આ પગલાંથી માત્ર ઈંધણ બચત જ નહીં પરંતુ પ્રદૂષણમાં ઘટાડો, સમય બચત, કર્મચારીઓની કાર્યક્ષમતામાં વધારો અને ગ્રીન ગવર્નન્સને પણ પ્રોત્સાહન મળશે. સાથે જ વડાપ્રધાન દ્વારા આપવામાં આવેલા ઈંધણ બચતના સંદેશને રાજ્ય સરકાર દ્વારા અસરકારક રીતે અમલમાં મૂકવાનો સંદેશ પણ જશે.

# NEET પરીક્ષા રદ મામલે યુથ કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

## સયાજીગંજમાં રોડ પર ભાજપ વિરોધી નારા લગાવ્યા, પોલીસે ટીંગાટોળી કરી કાર્યકર્તાઓની અટકાયત કરી



**વડોદરા, તા.14**

ધોરણ 12 સાયન્સ બાદ મેડિકલમાં પ્રવેશ માટેની NEET (નેશનલ એલીજીબીલીટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ) ની પરીક્ષાનું ગત 3 મે ના લેવાયેલુ પેપર રાજસ્થાનથી લીક થયા બાદ નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા આ પરીક્ષા રદ કરવામાં આવતા ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. ત્યારે આજે 14મેએ વડોદરામાં યુથ કોંગ્રેસ દ્વારા પોસ્ટર સાથે વિરોધ કરતા પોલીસે કાર્યકરોની અટકાયત કરી હતી.

શહેર યુથ કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા સયાજીગંજ વિસ્તારના ડેરી ડેન સર્કલ ખાતે પ્રદર્શન કરીને ઉગ્ર નારેબાજી કરી હતી. કાર્યકર્તાઓએ NEET પરીક્ષા અને પ્રધાનમંત્રી વિરોધી પોસ્ટરો લઈને સરકાર વિરુદ્ધ તીવ્ર વિરોધ દર્શાવ્યો હતો. વિરોધ સમયે હાય રે ભાજપ હાય હાયના નારા લગાવાયા હતા. સાથે પરીક્ષા લેનાર એજન્સીને રદ કરવાની માંગ કરી હતી.

પ્રદર્શન દરમિયાન યુથ કોંગ્રેસના આગેવાનોએ કહ્યું, પેપર લીકથી લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરવામાં આવ્યા છે. તેમણે કેન્દ્ર સરકાર અને NTA (નેશનલ ટેસ્ટિંગ એજન્સી) વિરુદ્ધ આકરા પ્રહાર કર્યા હતા. સાથે જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી છે.

યુથ કોંગ્રેસ દ્વારા જાહેર માર્ગ પર વિરોધ દર્શાવતા ટ્રાફિક જામની સ્થિતિ પણ થોડોક સમય સર્જાઈ હતી. જો કે વિરોધ પ્રદર્શનમાં પોલીસે ભંગ પાડી 10થી વધુ યુથ કોંગ્રેસ કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી.

# પોલીસ RTOની સંયુક્ત ડ્રાઇવ: એક દિવસમાં પેસેન્જર ઓવરલોડ, ફિટનેસ અને LED લાઈટ લગાવનાર 36 ચાલકો સામે કાર્યવાહી...

**વડોદરા, તા.14**



વડોદરા શહેરમાં કેટલાક વાહન ચાલકો નીતિ નિયમોને નેવે મૂકી વાહનો ચલાવતા હોય છે. ત્યારે RTO વિભાગ અને પોલીસ વિભાગ દ્વારા સંયુક્ત કાર્યવાહી કરવામાં આવતી હોય છે. ગઈકાલે સંયુક્ત કામગીરીમાં પેસેન્જર ઓવરલોડ, ફિટનેસ અને LED લાઈટ લગાવનાર 36 વાહન ચાલકો સામે કાર્યવાહી કરી રૂપિયા 1,85,800 નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. જ્યારે ગયા એપ્રિલ માસમાં 2377 વાહનો સામે કાર્યવાહી કરી 83.86 લાખનો દંડ ફટકાર્યો છે. અવારનવાર પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી વડોદરા અને ટ્રાફિક પોલીસ દ્વારા વાહન ચાલકો સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે છે ત્યારે RTO વિભાગે ગત એપ્રિલ મહિનામાં 2377 વાહનો સામે અલગ-અલગ કેસો કરી કુલ 83,86,102નો દંડ ફટકાર્યો હતો. આ સાથે ગઈકાલે પણ વિવિધ વાહનો સામે બે ટીમ બનાવી બે સ્પોર્ટ પર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. RTO વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર ઓવરલોડ વાહનના 177 કેસ (રૂા.21.48 લાખ), ઓવર ડાઈમેન્શનના 48 કેસ (2.83 લાખ) કલન્ડેસ્ટાઈન ઓપરેશન (એસટી વિભાગ સાથે મળીને) 7 કેસ (રૂા. 70,000), વ્હાઈટ LED લાઈટ 258 કેસ (2.58 લાખ ), ફિટનેસ 242 કેસ (7.37 લાખ) સીટબેલ્ટ, હેલ્મેટ 89 કેસ (44,500) તથા બુલ બાર (ગ્રિલ ગાર્ડ)ના 290 કેસોમાં 2.90 લાખ દંડ ફટકારાયો છે. ડ્રાઈવિંગ લાયસન્સના 366 કેસ (9.73લાખ), થર્ડપાર્ટી વીમા વગરના 371 કેસ (7.42 લાખ), ભયજનક રીતે વાહન ચલાવવું 280 કેસ (4.93 લાખ), પીયુસી ચેકિંગના 509 કેસ (2.54 લાખ), નો પાર્કિંગ 516 કેસ (2.58 લાખ), નંબર પ્લેટ વિનાના વાહનોસામે 139 કેસ (1.15 લાખ) અને પરમિટ વિના દોડતા વાહનોસામે 152 કેસો કરી 7.17 લાખનો દંડ કરાયો છે.

# બાપોદ પોલીસે 4 જુગારીઓને ઝડપ્યા: ચાચાનહેરુનગર આંગણવાડી પાસેના ખુલ્લા મેદાનમાં જુગાર રમતા હતા, 11 હજારનો મુદ્દામાલ જપ્ત

**વડોદરા, તા.14**



વડોદરા શહેરમાં દારૂ અને જુગાર જેવી પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા માટે પોલીસ દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. ત્યારે બાપોદ પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા સફળ કામગીરી કરવામાં આવી છે. પોલીસે બાતમીના આધારે રેડ કરી ચાચાનહેરુનગર આંગણવાડી પાસેના ખુલ્લા મેદાનમાં જુગાર રમતા ચાર શખસોને રંગેહાથ ઝડપી પાડયા હતા.

બાપોદ પોલીસ સ્ટેશનનો સ્ટાફ જ્યારે પેટ્રોલિંગમાં હતો તે દરમ્યાન મળેલી ચોક્કસ બાતમીના આધારે ચાચાનહેરુનગર આંગણવાડી પાસેના ખુલ્લા મેદાનમાં દરોડો પાડી જુગાર રમતા 4 શખસોને ઝડપી લેવામાં આવ્યા હતા. તેઓ પાસેથી રોકડ રકમ સહિતનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે. આ કાર્યવાહીમાં ઝડપાયેલા ચારે ઈસમોમાં મુકેશભાઈ ઉર્ફે લખન પ્રજાપતિ, રાજેન્દ્ર પ્રજાપતિ, અજય બારડ, હર્ષ અજમેરી (રહે. તમામ આરોપીઓ આજવા રોડ પર)ને સ્થળ પરથી ઝડપી લેવામાં આવ્યા હતા. આરોપીઓ પાસેથી પોલીસે રોકડ રૂપિયા 11,050નો મુદ્દામાલ કબજે કર્યો છે.

બાપોદ પોલીસ ઈન્સ્પેક્ટર ડી.ડી. લાડુમોરની સૂચના અનુસાર પોલીસ કોન્સ્ટેબલ જીવાતાભાઈ શામળભાઈ તથા અ.લો.ર. પુષ્પરાજસિંહ ભરતસિંહ અને તેમની ટીમે આ પ્રશંસનીય કામગીરી કરી છે. આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઉર્જા સંરક્ષણના અનુરોધને પગલે સોલા સિવિલની સકારાત્મક પહેલ

## ઈંધણ બચત અને ઉર્જા સંરક્ષણ માટે હોસ્પિટલ તંત્ર દ્વારા નવી માર્ગદર્શિકા જાહેર



**અમદાવાદ, તા.14**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશના નાગરિકોને પર્યાવરણની જાળવણી, પેટ્રોલ-ડીઝલની બચત અને ઉર્જા સંરક્ષણ માટે કરવામાં આવેલી વિશેષ અપીલને ધ્યાને રાખીને જી. એમ.ઇ.આર.એસ. મેડીકલ કોલેજ સંલગ્ન સોલા સિવિલ હોસ્પિટલ દ્વારા એક હકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો છે.

હોસ્પિટલના તબીબી અધિક્ષકદ્વારા રાષ્ટ્રસેવાના ઉમદા હેતુથી હોસ્પિટલના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને ઈંધણ અને વીજળીની બચત કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. આ પહેલ અંતર્ગત પર્યાવરણ મિત્ર વિકલ્પો અપનાવીને દેશના વિકાસમાં સહભાગી થવા માટે સંસ્થા દ્વારા કટિબદ્ધતા દર્શાવવામાં આવી છે.

સોલા સિવિલ હોસ્પિટલના વહીવટી તંત્ર દ્વારા કર્મચારીઓને પરિવહન માટે શક્ય હોય ત્યાં સુધી મેટ્રો, બસ કે BRTS જેવી જાહેર સેવાઓનો ઉપયોગ કરવા અથવા નજીકમાં રહેતા હોય તો ચાલીને કે સાયકલ દ્વારા આવવા-જવા જણાવાયું છે. આ ઉપરાંત, એક જ રૂટ પર રહેતા કર્મચારીઓ 'કાર-પૂલિંગ' દ્વારા ઈંધણનો વ્યય અટકાવે અને ઈલેક્ટ્રિક વાહનોના ઉપયોગને પ્રોત્સાહન આપે તેવો આગ્રહ રાખવામાં આવ્યો છે.

આ ઉપરાંત, હોસ્પિટલ પરિસરમાં વીજળીની બચત કરવા માટે બિનજરૂરી લાઈટ, પંખા કે એરકન્ડીશનર બંધ રાખવા તેમજ ACનું તાપમાન 24C કે તેથી વધુ રાખવાની સૂચના અપાઈ છે. દિવસ દરમિયાન કુદરતી પ્રકાશ અને હવાનો મહત્તમ ઉપયોગ કરીને 'વીજળી બચાવો - દેશ બચાવો'ના સંદેશને સાર્થક કરવા તમામ વિભાગીય વડાઓ અને કર્મચારીઓને આ માર્ગદર્શિકાનું પાલન કરવા સૂચવવામાં આવ્યું છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# UPમાં વાવાઝોડું, ટિનશેડ સાથે 50 ફૂટ ઉડ્યો યુવક

## 100 મીટર દૂર ખેતરમાં જઈને પડ્યો, 24 કલાકમાં 104ના મોત, 2000થી વધુ ગામમાં લાઈટો ગઈ





**પટના, તા.14**

દેશમાં બે પ્રકારના હવામાન જોવા મળી રહ્યું છે. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ અને અયોધ્યા સહીત 30 જિલ્લાઓમાં બુધવારે વાવાઝોડાને કારણે 104 લોકોનાં મોત થયાં હતા. સૌથી વધુ 21 મોત પ્રયાગરાજમાં અને 17 લોકોના મોત ભદોહીમાં થયાં હતા.

ઉત્તર પ્રદેશમાં 80 KMPHની ઝડપે વાવાઝોડું ફૂંકાયું, બરેલીમાં વાવાઝોડામાં એક યુવક ટીનશેડ સહિત હવામાં ઉડ્યો. રાજ્યના બાંદા શહેરમાં તાપમાન 45.4C રહ્યું. આજે 51 જિલ્લાઓમાં ભારે વાવાઝોડા-વરસાદનું એલર્ટ છે. બારાબંકી, સીતાપુર અને દેવરિયા સહિત ઘણા જિલ્લાઓના 2000થી વધુ ગામોમાં વીજળી ડુલ થઈ છે.

રાજસ્થાનમાં પણ ભારે ગરમી અને હીટવેવની અસર છે. બુધવારે સતત ચોથા દિવસે રાજ્યનું જેસલમેર દેશનું સૌથી ગરમ શહેર રહ્યું, અહીં 46.1C તાપમાન રહ્યું. હવામાન વિભાગ મુજબ આજે બીકાનેર, જોધપુર, જેસલમેર અને બાડમેરમાં ભારે ગરમીનું રેડ એલર્ટ છે. 13 જિલ્લાઓમાં હીટવેવનું એલર્ટ છે.

જ્યારે, મધ્ય પ્રદેશના 25થી વધુ જિલ્લાઓમાં હીટવેવ ચાલી રહી છે, જે 18 મે સુધી ચાલુ રહી શકે છે. બુધવારે ખજુરાહોમાં તાપમાન 45.4C રહ્યું. આજે ઈન્દોર, ઉજ્જૈન, ધાર અને રતલામમાં હીટવેવનું ઓરેન્જ એલર્ટ છે. આ જિલ્લાઓમાં વોર્મ નાઈટનું પણ એલર્ટ છે.

અહીં, હરિયાણાના મહત્તમ તાપમાનમાં છેલ્લા 24 કલાકમાં 1.1C નો વધારો થયો. રાજ્યના 5 શહેરોમાં 40C થી વધુ તાપમાન રહ્યું, જેમાં નારનૌલ 42.5C રહ્યું. રાજ્યમાં 17 મે થી હીટવેવનું યલો એલર્ટ છે. બિહારના પૂર્ણિયા-કટિહાર સહિત 7 જિલ્લાઓમાં આજે ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ છે. ઉત્તરાખંડના પહાડી જિલ્લાઓમાં આજે વરસાદનું યલો એલર્ટ છે.

બુધવારે સાંજે બરેલીમાં વાવાઝોડામાં એક યુવક ટિન શેડ સાથે હવામાં લગભગ 50 ફૂટ ઉડ્યો હતો. તે 100 મીટર દૂર ખેતરમાં પડ્યો હતો, જેનાથી તેનો હાથમાં ફ્રેક્ચર થયું હતું. હોસ્પિટલમાં સારવાર બાદ તેને રજા આપવામાં આવી છે.

પ્રયાગરાજ અને ભદોહીમાં સૌથી વધુ 17-17 મૃત્યુ થયા. મિર્ઝાપુરમાં વાવાઝોડા અને વીજળી પડવાથી 15 મૃત્યુ નોંધાયા. ફતેહપુરમાં 9, બદાયૂંમાં 6 અને પ્રતાપગઢ અને બરેલીમાં 4-4 મૃત્યુ નોંધાયા. ગુજરાતમાં આગઝરતી ગરમી પડી રહી છે. હવામાન વિભાગે આગામી 48 કલાક માટે હીટવેવ સંભાવના જણાવી છે. 13 મેને બુધવારે 44.1 ડિગ્રી સાથે અમદાવાદ રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું, જ્યારે સુરતમાં એક જ દિવસમાં તાપમાનમાં 8 ડિગ્રીનો ઘટાડો જોવા મળ્યો હતો. રાજ્યના 10 શહેરોનું તાપમાન 42 ડિગ્રીથી વધુ નોંધાયું હતું. ક્યાક તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો તો ક્યાક ઘટાડો જોવા મળ્યો છે.

હવામાન વિભાગ દ્વારા 13 મે, 2026ના રોજ જારી કરેલી આગાહી મુજબ, આગામી 48 કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. ત્યારબાદ, તાપમાનમાં 2-4Cનો ક્રમશઃ ઘટાડો થવાની સંભાવના છે. આગામી 48 કલાક દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં તાપમાન 41-45Cની વચ્ચે રહી શકે છે.

હવામાન વિભાગના પૂર્વાનુમાન મુજબ, આજે અમદાવાદમાં 44C, ગાંધીનગરમાં 44 C, સુરતમાં 34C, રાજકોટમાં 44C, વડોદરામાં 44C, અમરેલીમાં 45C, ભૂજમાં 42C અને ડીસામાં 44C મહત્તમ તાપમાન નોંધાઈ શકે છે.

રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના કેટલાક ભાગોમાં પણ હીટવેવ રહેવાની શક્યતા છે.

ઝારખંડના કેટલાક વિસ્તારોમાં 50-60 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

બિહાર, છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, કેરળ અને કર્ણાટકમાં ભારે પવન અને વીજળી સાથે વાવાઝોડાની શક્યતા છે.

પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં વરસાદ અને ભારે પવન ફૂંકાઈ શકે છે.

જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વરસાદ અને કરા પડી શકે છે. પહાડી વિસ્તારોમાં પણ ભારે પવન ફૂંકાઈ શકે છે.

બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ અને ઉત્તરપૂર્વીય રાજ્યોમાં વરસાદ અને વીજળી પડવાની શક્યતા છે.

# દિલ્હીમાં ફરી નિર્ભયાકાંડ, ચાલુ બસમાં મહિલા પર ગેંગરેપ: 2 કલાક સુધી દોડતી બસમાં બળાત્કાર કરતા રહ્યા, પછી રસ્તા પર ફેંકીને ભાગી ગયા

**નવી દિલ્હી, તા.14**

દિલ્હીમાં ફરી નિર્ભયા જેવો કાંડ થયો છે, જ્યાં એક ચાલુ સ્લીપર બસમાં મહિલા પર બે કલાક સુધી બળાત્કાર કર્યો હતો. પછી તેને રસ્તા પર ફેંકીને ભાગી ગયા. જે પ્રાઈવેટ બસમાં આ ઘટના બની તે બિહારની છે. જે દિલ્હીથી બિહારના રૂટ પર ચાલે છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મહિલાએ જણાવ્યું કે આરોપીઓ ઘટના પછી તેને સુમસામ વિસ્તારમાં ફેંકીને ભાગી ગયા. કોઈક રીતે પીડિતાએ પોલીસને ફોન કરીને આખી ઘટનાની જાણકારી આપી.

જેના પછી રાણીબાગ પોલીસ સ્ટેશનની પોલીસે આસપાસ લાગેલા CCTV ફૂટેજ તપાસ્યા અને બસની ઓળખ કરી. આ પછી બસ જપ્ત કરીને ડ્રાઈવર અને કંડક્ટર બંનેની ધરપકડ કરવામાં આવી.

પોલીસનું કહેવું છે કે બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરીને જેલમાં ધકેલવામાં આવ્યા છે અને કેસની તપાસ ચાલુ છે. ક્રમબદ્ધ રીતે જાણો કેવી રીતે બની આખી ઘટના

11 મેની રાત્રે મહિલા રોજની જેમ કામ કરીને પોતાના ઘરે પરત ફરી રહી હતી, ત્યારે સરસ્વતી વિહારના બસ સ્ટોપ પર એક સ્લીપર બસ આવીને ઊભી રહી.

એવું કહેવાય છે કે મહિલાએ બસના દરવાજા પર ઉભેલા એક વ્યક્તિને ટાઈમ પૂછ્યો, તેણે સમય જણાવવાને બદલે મહિલાને બળજબરીથી અંદર ખેંચી લીધી હતી.

ત્યારબાદ આરોપીઓ બસને નાંગલોઈ તરફ લઈ ગયા, જ્યાં કથિત રીતે યૌનશોષણ થયું. ચાલુ બસમાં બે લોકોએ વારાફરતી મહિલા પર દુષ્કર્મ આચર્યું. લગભગ 7 KM સુધી ચાલુ બસમાં તેઓ ગેંગરેપ કરતા રહ્યા. રાત્રે લગભગ 2 વાગ્યે આરોપીઓ તેને રસ્તા પર ફેંકીને ફરાર થઈ ગયા.

પોલીસ દ્વારા મળેલી માહિતી અનુસાર, પીડિતાને રાણી બાગ વિસ્તારમાંથી બસમાં બળજબરીથી બેસાડવામાં આવી હતી. પછી



આરોપીઓ તેને નાંગલોઈ વિસ્તારમાં લઈ ગયા અને ત્યાં તેની સાથે બળાત્કાર કર્યો.

ઘટનાને લઈને દિલ્હી પોલીસે રાણી બાગ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, મહિલા સાથે ગેંગરેપની આ ઘટના 2 દિવસ પહેલા બની છે.

પીડિતા મહિલા પરિણીત છે અને તેને 3 બાળકો છે. પોલીસે પીડિતાનું મેડિકલ કરાવ્યા બાદ FIR નોંધી છે.

પોલીસે મહિલાની ફરિયાદ પર કેસ નોંધ્યો છે અને ત્યારબાદ તાત્કાલિક કાર્યવાહી કરતા બસના ડ્રાઈવર અને કંડક્ટરની ધરપકડ કરી છે. દિલ્હી પોલીસે બસને પણ જપ્ત કરી છે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે બસની અંદર પડદા લાગેલા હતા, જેના કારણે બહારથી કંઈ પણ દેખાતું ન હતું. AC બસ હોવાને કારણે તેમાં બંધ કાચ હતા, જેના કારણે ન તો પીડિતાની ચીસો બહાર સંભળાઈ અને પડદા લાગેલા હોવાને કારણે રસ્તા પર જઈ રહેલા અન્ય લોકોને ઘટનાનો અહેસાસ પણ ન થયો. બસની અંદરથી પુરાવા એકઠા કરવા માટે એક ફોરેન્સિક ટીમને બોલાવવામાં આવી હતી.

જે બસમાં ગેંગરેપ થયો છે તેનો નંબર BR-28P 3949 છે, જે બિહારના ગોપાલગંજ RTOમાં રજિસ્ટર્ડ છે. અને રોયલ ટ્રાવેલ્સ એન્ડ કાર્ગો કંપની દ્વારા સંચાલિત થાય છે. આ બસ દિલ્હી-બિહાર રૂટ પર ચાલે છે.

દિલ્હી પોલીસે આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમો હેઠળ ગુનો નોંધીને બસ જપ્ત કરી છે. પોલીસે બસના ડ્રાઈવર (ઉમેશ) અને હેલ્પર (રામેન્દ્ર) ની ધરપકડ કરી છે.

મહિલા ઝૂંપડપટ્ટીમાં રહે છે. પતિ અને 3 દીકરીઓ છે. પોલીસે ઈજાઓ જોઈને જ્યારે તેને હોસ્પિટલમાં દાખલ કરવા કહ્યું ત્યારે મહિલાએ એમ કહીને ના પાડી દીધી. હાલમાં તેના ઘરે જ મહિલાની સારવાર ચાલી રહી છે.

આ ઘટના 2012ના દિલ્હી બસ ગેંગરેપ કેસની યાદ અપાવે છે, જેમાં 23 વર્ષની પેરામેડિક વિદ્યાર્થી, જેને બાદમાં નિર્ભયા તરીકે ઓળખવામાં આવી, તેની સાથે 16-17 ડિસેમ્બરની રાત્રે દક્ષિણ દિલ્હીમાં ચાલતી બસની અંદર 6 લોકોએ નિર્દયતાથી બળાત્કાર કર્યો હતો.

તેને બાદમાં રસ્તા પર ફેંકી દેવામાં આવી હતી. બાદમાં 29 ડિસેમ્બરે સિંગાપોરની માઉન્ટ એલિઝાબેથ હોસ્પિટલમાં ઈજાઓને કારણે તેનું મૃત્યુ થયું હતું. આ કેસના તમામ 4 દોષિતોને 20 માર્ચ 2020ના રોજ તિહાર જેલમાં ફાંસી આપવામાં આવી હતી.

# બંગાળમાંગૌહત્યાપરપ્રતિબંધ,કતલખાના પણ બંધ: ઉલ્લંઘન કરવા પર થશે જેલ.....

### સુવેન્દુ સરકાર 75 વર્ષ જુનો કાયદો લાવી, સરકારી સર્ટિફિકેટ વિના ગાય, બળદ, ભેંસ મારી શકાશે નહીં

**કોલકાતા, તા.14**

પશ્ચિમ બંગાળની BJP સરકારે રાજ્યમાં ગાયોની હત્યા પર પ્રતિબંધ મૂક્યો છે. CM સુવેન્દુએ 1950ના બંગાળ કાયદા અને 2018ના કલકત્તા હાઈકોર્ટના આદેશનો હવાલો આપતા એક નોટિસ જારી કરી છે. આ નોટિસમાં કહેવામાં આવ્યું છે કે 'ફિટનેસ સર્ટિફિકેટ' વિના કોઈપણ પશુ-ભેંસની હત્યા સંપૂર્ણપણે પ્રતિબંધિત છે.



બંગાળ સરકારે કહ્યું કે ફિટનેસ સર્ટિફિકેટ ફક્ત કોઈ નગરપાલિકાના અધ્યક્ષ, કોઈ પંચાયત સમિતિના પ્રમુખ અને એક સરકારી પશુચિકિત્સક સાથે મળીને જારી કરવામાં આવશે.

આ સર્ટિફિકેટ ત્યારે જ જારી થશે જ્યારે ઓથોરિટી સહમત થાય કે પ્રાણી 14 વર્ષથી વધુ ઉંમરનું છે, તે પ્રજનન માટે લાયક નથી અને ઘરડું છે. ઈજાગ્રસ્ત અને અપંગ છે, અથવા અસાધ્ય રોગને કારણે અક્ષમ છે.

આ ઉપરાંત, સાર્વજનિક કતલખાનાઓ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સરકારે કહ્યું છે કે પ્રાણીઓની હત્યા ફક્ત નગરપાલિકાના કતલખાનામાં, અથવા સ્થાનિક પ્રશાસન દ્વારા નિર્ધારિત કતલખાનામાં જ કરવામાં આવશે.

મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ મમતા બેનર્જીના 15 વર્ષના શાસનનો અંત લાવ્યા પછી ઘણા મોટા પગલાં લીધા છે. પશુ હત્યા સાથે સંકળાયેલા 75 વર્ષ જૂના 'પશ્ચિમ બંગાળ પશુ હત્યા નિયંત્રણ અધિનિયમ, 1950'નું ઉલ્લંઘન કરવા પર 6 મહિના સુધીની જેલ અને 1000 રૂપિયા સુધીનો દંડ અથવા બંને સજા થઈ શકે છે.

એટલું જ નહીં, જો ફિટનેસ સર્ટિફિકેટ આપવાનો ઈનકાર કરવામાં આવે તો, કોઈપણ વ્યક્તિ સર્ટિફિકેટ રદ થયાની સૂચના મળ્યાના 15 દિવસની અંદર રાજ્ય સરકાર સમક્ષ અપીલ કરી શકે છે.

75 વર્ષ પહેલાં પશ્ચિમ બંગાળમાં એક કાયદો હતો- વેસ્ટ બંગાળ એનિમલ સ્લોટર કંટ્રોલ એક્ટ. તેને 1950માં બનાવવામાં આવ્યો હતો. તેનો હેતુ ગાયો અને અન્ય પશુઓની હત્યા (હત્યા અને તેમને કાપવા)ને નિયંત્રિત કરવાનો હતો, સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવાનો નહીં. આ કાયદા મુજબ સરકારી સર્ટિફિકેટ વિના ગાય, બળદ, વાછરડા, ભેંસને મારી શકાતા ન હતા.

# દિલ્હીની સરકારી ઓફિસોમાં બે દિવસ વર્ક ફ્રોમ હોમ: 'મંડે મેટ્રો' હેઠળ દર સોમવારે મેટ્રોમાં ઓફિસે આવવાનું રહેશે

### સરકાર 6 મહિના નવી કાર નહીં ખરીદે, CM રેખા ગુપ્તાની જાહેરાત

**નવી દિલ્હી, તા.14**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પેટ્રોલ-ડીઝલ બચાવવાની અપીલ બાદ દિલ્હી સરકારે મોટો નિર્ણય લીધો છે. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ જાહેરાત કરી છે કે રાજધાનીની સરકારી કચેરીઓમાં અઠવાડિયામાં બે દિવસ વર્ક ફ્રોમ હોમ કરાવવામાં આવશે. આ સાથે સરકાર ખાનગી કંપનીઓને પણ બે દિવસ વર્ક ફ્રોમ હોમ કરવા અપીલ કરશે. સીએમએ કહ્યું છે કે સરકાર પેટ્રોલ-ડીઝલ બચાવવા માટે સરકારી અને ખાનગી બંને સ્તરે કામ કરી રહી છે. આ માટે 'મારું ભારત મારું યોગદાન' યોજના શરૂ કરવામાં આવી છે.

સરકારી કચેરીઓમાં બે દિવસ WFH સીએમ રેખા ગુપ્તાએ કહ્યું કે પીએમ મોદીએ દેશના દરેક નાગરિકને જે અપીલ કરી છે તે દેશહિતમાં કરી છે. આ માટે અમે એક યોજના બનાવી છે. પેટ્રોલ અને ડીઝલની બચત થાય તે માટે અમે સરકારી અને ખાનગી બંને સ્તરે કામ કર્યું છે. હવે સરકારી કચેરીઓમાં દર અઠવાડિયે 2 દિવસ વર્ક ફ્રોમ હોમ રહેશે.

જ્યારે ખાનગી કંપનીઓને પણ 2 દિવસ વર્ક ફ્રોમ હોમ માટે કહેવામાં આવશે. અધિકારીઓને



મળતા ઈંધણમાં 20%નો ઘટાડો સીએમએ કહ્યું કે દિલ્હીના સરકારી અધિકારીઓને જે પેટ્રોલ અને ડીઝલ મળતું હતું તેમાં 20 ટકાનો ઘટાડો કરવામાં આવશે. દર સોમવારે મંડે મેટ્રો તરીકે કામ કરશે. એટલે કે અધિકારીઓ અને કર્મચારીઓ મેટ્રો દ્વારા ઓફિસ આવશે. દિલ્હીમાં જેટલી પણ સરકારી અધિકારીઓની કોલોની છે તેમના માટે 58 બસો તૈનાત કરવામાં આવશે, જે કોલોનીથી મેટ્રો સ્ટેશન સુધી ચલાવવામાં આવશે. આ ઉપરાંત દિલ્હી સરકાર શાળા અને કોલેજોમાં ઓનલાઈન ક્લાસિસ શરૂ કરાવવા માટે અપીલ કરશે. મુખ્યમંત્રીએ કહ્યું છે કે અમે શાળા, કોલેજ અને યુનિવર્સિટીને પણ અપીલ કરીએ છીએ કે તેઓ ઓનલાઈન ક્લાસિસ ચલાવે. તો 6 મહિના માટે દિલ્હી સરકાર કોઈ પણ પેટ્રોલ-ડીઝલ અને EV ગાડી ખરીદશે નહીં. પીએમ મોદીની બચતની અપીલની અસર 12 રાજ્યોમાં જોવા મળી રહી છે. ત્રિપુરામાં ગ્રુપ C અને Dના માત્ર 50% સરકારી કર્મચારીઓ જ રોજ ઓફિસ આવશે, બાકીના કર્મચારીઓ વર્ક ફ્રોમ હોમ કરશે.

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ અને ગોવાના CM પ્રમોદ સાવંતે પેટ્રોલ બચાવવા, સરકારી ખર્ચ ઘટાડવા માટે પોતાના કાફલામાં ગાડીઓની સંખ્યા 50% ઘટાડવાનો નિર્ણય લીધો છે.

પંજાબમાં ગવર્નર ઓફિસમાં દર બુધવારે અધિકારીઓ ગાડીથી નહીં આવે. હરિયાણામાં સીએમ નાયબ સિંહ સૈની અઠવાડિયામાં એક દિવસ ગાડી વગર જશે.

આ પહેલા બુધવારે દિલ્હી, યુપી, એમપી, રાજસ્થાન અને બિહારમાં પણ VVIP કાફલામાં ગાડીઓની સંખ્યા ઓછી કરી દેવામાં આવી છે. પીએમ મોદી પણ બુધવારે કાફલો છોડીને માત્ર 2 ગાડીઓ સાથે નીકળ્યા. સામાન્ય રીતે પીએમના કાફલામાં 12 થી 15 ગાડીઓ હોય છે. દિલ્હીના શિક્ષણ મંત્રી આશિષ સૂદે મંગળવારે દિલ્હી મેટ્રોમાં INA થી કડકડડૂમા કોર્ટ સુધી મુસાફરી કરી. પછી મેટ્રો સ્ટેશનથી સૂરજમલ વિહારમાં આવેલા 'CM શ્રી સ્કૂલ' સુધી જવા માટે ઈ-રિક્ષામાં ગયા હતા.

# ચારધામ યાત્રામાં 25 દિવસમાં 40 શ્રદ્ધાળુઓના મોત

### કેદારનાથમાં સૌથી વધુ 22 લોકોએ જીવ ગુમાવ્યા, બદ્રીનાથમાં 7, ગંગોત્રી-યમુનોત્રીમાં પણ આંકડો વધ્યો

**દેહરાદૂન, તા.14**

ચારધામ યાત્રામાં શ્રદ્ધાળુઓની સંખ્યા સતત રેકોર્ડ બનાવી રહી છે. 19 એપ્રિલથી શરૂ થયેલી યાત્રામાં 13 મે સુધીમાં 12 લાખ 64 હજાર 217 શ્રદ્ધાળુઓ ચારેય ધામના દર્શન કરી ચૂક્યા છે. પરંતુ બીજી તરફ યાત્રા દરમિયાન મૃત્યુનો આંકડો પણ સતત વધી રહ્યો છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC- State Emergency Operation Centre) દ્વારા 14 મેના રોજ સવારે 10 વાગ્યે જાહેર કરાયેલા અહેવાલ મુજબ, અત્યાર સુધીમાં ચારધામ યાત્રામાં 40 શ્રદ્ધાળુઓના મોત થયા છે. સૌથી વધુ 22 મૃત્યુ કેદારનાથ ધામમાં નોંધાયા છે. જ્યારે બદ્રીનાથમાં 7, યમુનોત્રીમાં 6 અને ગંગોત્રીમાં 5 શ્રદ્ધાળુઓએ જીવ ગુમાવ્યા છે.

સરકાર સતત સારી સ્વાસ્થ્ય સુવિધાઓ અને મેડિકલ તૈયારીઓનો દાવો કરી રહી છે, પરંતુ સતત વધતા મૃત્યુના આંકડા યાત્રા માર્ગ પરની સ્વાસ્થ્ય પડકારો અને ઊંચાઈ સંબંધિત મુશ્કેલીઓની ગંભીરતા પણ દર્શાવે છે. સ્વાસ્થ્ય વિભાગનું કહેવું છે કે મોટાભાગના મૃત્યુ હાર્ટ એટેક, હાઈ એલ્ટિટ્યુડ સિકનેસ, હાઈપરટેન્શન અને અન્ય સ્વાસ્થ્ય કારણોસર થયા છે.



સ્વાસ્થ્ય વિભાગ મુજબ ચારધામ યાત્રામાં અત્યાર સુધી થયેલા મોટાભાગના મૃત્યુ તબિયત બગડવા, હાર્ટ એટેક અને હાઈ એલ્ટિટ્યુડ સિકનેસ જેવી સમસ્યાઓના કારણે થયા છે.

યાત્રા માર્ગ ઊંચાઈવાળા વિસ્તારોમાંથી પસાર થાય છે, જ્યાં ઓક્સિજનનું સ્તર ઓછું હોવાને કારણે અને સતત ચઢાણને કારણે વૃદ્ધો અને પહેલેથી બીમાર યાત્રીઓની તબિયત બગડવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે.

ચારધામ યાત્રા શરૂ થતા પહેલા સરકારે ઘણી સમીક્ષા બેઠકો કરી હતી. તમામ વિભાગોને યાત્રા શરૂ થતા પહેલા તૈયારીઓ પૂર્ણ કરવા નિર્દેશ આપવામાં આવ્યા હતા. સરકારનો દાવો છે કે યાત્રા માર્ગ પર સ્વાસ્થ્ય સેવાઓ, ડોકટરો અને મેડિકલ સ્ટાફની પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

યાત્રીઓ માટે એડવાઈઝરી પણ જાહેર કરવામાં આવી હતી, જેમાં વૃદ્ધો, હાઈ બ્લડ પ્રેશર, સુગર અને હૃદય રોગથી પીડિત લોકોને સ્વાસ્થ્ય તપાસ કરાવવાની સલાહ આપવામાં આવી હતી. સ્વાસ્થ્ય મંત્રીએ પણ યાત્રીઓને સાવચેતી રાખવા અને શરીરમાં તકલીફ થાય તો તરત રોકાવાની અપીલ કરી છે.

રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી ડો. સુબોધ ઉનિયાલે કહ્યું કે ઘણા યાત્રીઓ શરીરના સંકેતોને અવગણીને ઝડપથી યાત્રા પૂરી કરવાનો પ્રયાસ કરે છે. આનાથી હાર્ટ એટેક અને હાઈ એલ્ટીટ્યુડની સમસ્યા વધી જાય છે.

સ્વાસ્થ્ય મંત્રીના જણાવ્યા અનુસાર યાત્રા માર્ગ પર 47 હોસ્પિટલ બનાવવામાં આવી છે. આ ઉપરાંત લગભગ 2820 આરોગ્ય કર્મચારીઓ અને 400 ડોકટરોને અલગ-અલગ પડાવો પર તહેનાત કરવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું કે પ્રથમ વખત દૂન મેડિકલ કોલેજ અને શ્રીનગર મેડિકલ કોલેજમાં 180 ડોકટરોને વિશેષ પ્રશિક્ષણ આપવામાં આવ્યું છે. તેમને હાઈ એલ્ટીટ્યુડ સિકનેસ, હાઈપરટેન્શન અને સુગરના દર્દીઓની સારવારની ટ્રેનિંગ આપવામાં આવી છે. બદ્રીનાથ અને કેદારનાથમાં હોસ્પિટલ શરૂ કરવાની દિશામાં પણ કામ ચાલી રહ્યું છે.

સરકાર હવે યાત્રા માર્ગ પર સમર્પિત ટ્રોમા સેન્ટર બનાવવાની તૈયારીમાં પણ લાગી ગઈ છે. દૂન મેડિકલ કોલેજ અને શ્રીનગર મેડિકલ કોલેજમાં ટ્રોમા સેન્ટર વિકસાવવામાં આવી રહ્યા છે.

આ ઉપરાંત કૌડિયાલા સહિત યાત્રા માર્ગના અન્ય સંવેદનશીલ સ્થળોએ પણ ટ્રોમા સેન્ટર બનાવવાની યોજના છે જેથી અકસ્માત કે સ્વાસ્થ્ય ઈમરજન્સીની સ્થિતિમાં "ગોલ્ડન અવર" ની અંદર સારવાર મળી શકે અને જીવ બચાવી શકાય.

## તંત્રી લેખ

# ચેરિટી બિગિન્સ ફ્રોમ હોમ : અપીલ નહીં, એક્શન જરૂરી

વડાપ્રધાને બેફિકર રહીને જીવતી જનતાને દેશ પ્રત્યેની જવાબદારીનું ભાન કરાવીને શાંત પાણીમાં પથ્થર ફેંક્યો છે. 'ચેરિટી બિગિન્સ ફ્રોમ હોમ' કહેવતને ધ્યાનમાં રાખીને વડાપ્રધાને પોતાની કારનો કાફલો ઘટાડી નાખ્યો છે, એ જ રીતે ગુજરાતના મુખ્યમંત્રી પણ માત્ર બે જ કાર સાથે બહાર જતા થયા છે. ભાજપ શાસિત રાજ્યોમાં પેટ્રોલ-ડીઝલ બચાવવાના કેટલાક ફરજિયાત સ્વ-નિયંત્રણો લાદવામાં આવી રહ્યાં છે. જો તેનો કડક અમલ થશે તો સરકારની વાહવાહી થશે. પ્રજાને સલાહ આપવા કરતાં સરકાર પોતાના વહીવટમાં કરકસર કરવાની જાહેરાત કરે તેની લોકો રાહ જોઈ રહ્યા છે. માત્ર ભારત જ નહીં, પણ વિશ્વની આથક સ્થિતિ તેલના વધતા ભાવોને કારણે લપસી રહી છે. રોડ પર ઢોળાયેલા ઓઈલ પરથી પસાર થતાં ટુ-વ્હીલર સ્લિપ ન થઈ જાય તે માટે તેના પર માટી કે રેતી નાખવામાં આવે છે, જે ઓઇલને શોષી લે છે. પરંતુ આથક તંત્ર લપસી ન પડે તેવી કોઈ રેતી કે માટી હોતી નથી. તેને મુશ્કેલીમાં પસાર ન થવું પડે તે માટે 'ડાયવર્ઝન' આપવું પડે છે. વડાપ્રધાન મોદીએ પેટ્રોલ-ડીઝલનો વપરાશ ઘટાડવાની વાત કરીને આવું જ એક ડાયવર્ઝન આપવાનો પ્રયાસ કર્યો છે.

સરકાર પોતાની વાહવાહી કરવા છાશવારે તોતિંગ ખર્ચ કરતી રહે છે તેના પર પૂર્ણવિરામ મૂકાવું જોઈએ. ઈલેક્ટ્રિક વ્હીકલ (ઈવી) ખરીદનારને વધુ સબસિડી આપવી જોઈએ અથવા ઘેર કે ઓફિસમાં સોલર પેનલ નખાવનારને વધુ રાહત આપવી જોઈએ. સરકારે પ્રજાના માથે જવાબદારી નાખીને મામલો વધુ ગંભીર બનાવી દીધો છે. સરકારી કાર્યક્રમો અને તેના જમણવારમાં થતા ખર્ચ ઘટાડવાથી પણ કરોડો રૂપિયા બચાવી શકાય છે. આથક દેશભક્તિ (ઈકોનોમિક પટ્રિઓટીઝમ): જાતે જ પેટ્રોલ-ડીઝલનો વપરાશ ઓછો કરી રેલવે, એસટી બસ જેવા જાહેર વાહનોનો ઉપયોગ કરવો. વ્યક્તિગત સ્તરે આ મુદ્દે જાગૃતિ જરૂરી છે. આયાત બિલઃ પ્રજાએ આયાત બિલ પર પણ નજર રાખવી જોઈએ, કારણ કે આપણે જે વપરાશ કરીએ છીએ તે વિદેશથી મંગાવાય છે. જ્યારે ૮૫ ટકા ઓઈલ બહારથી મંગાવાતું હોય ત્યારે આયાત બિલમાં ઉછાળો આવે તે સ્વાભાવિક છે.

ફોરેક્સ રિઝર્વઃ દેશ પાસે રહેલો ડોલરનો ભંડાર 'ફોરેક્સ રિઝર્વ' તરીકે ઓળખાય છે. ભારત જે તેલ ખરીદે છે તેની ચૂકવણી ડોલરમાં કરવી પડે છે, તેથી આ ભંડાર સાચવવો જરૂરી છે.

સૈનિકો સરહદનો મોરચો સંભાળે છે, જ્યારે પ્રજાએ આથક મોરચો સંભાળવો પડશે. અમેરિકા-ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ સમાધાનથી દૂર જઈ રહ્યું છે ત્યારે ભારત માટે તેલના વધુ પૈસા ચૂકવવાનો વખત આવ્યો છે. યુદ્ધ શરૂ થયું ત્યારે ઓઈલનો ભાવ બેરલ દીઠ ૬૫ ડોલર હતો, જે આજે ૧૧૫ ડોલરને વટાવી ચૂક્યો છે. અખાતમાં સ્થિતિ ફરી રાબેતા મુજબ બને તો પણ ઓઈલ ક્ષેત્રે આત્મનિર્ભર બનવાનો ધ્યેય સરકારે રાખવો પડશે. ૮૦ ટકા તેલ આયાત કરવું પડતું હોય ત્યારે ભારત ઓશિયાળું રહે તે સ્વાભાવિક છે. સરકાર વારંવાર આત્મનિર્ભર બનવા પર ભાર મૂકી રહી છે, જેના પગલે વિવિધ ક્ષેત્રે 'પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ' સ્કીમ અમલમાં મુકવામાં આવી છે, જેનો લાભ લેવાઈ રહ્યો છે.

જેમ વૃક્ષારોપણ માટે સરકાર ઝુંબેશ ચલાવે છે, તેમ દરેક ઘરે સોલર પેનલ માટે ઝુંબેશ કરવી જોઈએ. હાઈ-રાઈઝ અને લક્ઝરી ફ્લેટો ઊભી કરતી રિયલ એસ્ટેટ કંપનીઓએ સોલર પેનલ ફરજિયાત બનાવવી પડશે. નવી સ્કીમોમાં ફ્લેટ લેતા લોકોએ પણ 'કમ્બાઈન્ડ સોલર પેનલ' માટે આગ્રહ રાખવો પડશે. સરકારે તેનાં વાહનોમાં ઈવીનો ઉપયોગ વધારવો પડશે અને લોકોને પણ તે દિશામાં વાળવા પડશે. ઈવીની સૌથી મોટી સમસ્યા ચાજગ સ્ટેશનોની અછત છે. બેંગલુરુનું એક સ્ટાર્ટઅપ વાહનની ઉપર જ સોલર પેનલ ફિટ કરવા વિશે સંશોધન કરી રહ્યું છે. સૂર્યની ગરમી જ ગતિશીલ વાહનને ચાર્જ કર્યા કરે તો મામલો આસાન બની જાય. નવાં ઈવી સબંધિત સંશોધનો પાછળ સરકારે રોકાણ કરીને સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહિત કરવા પડશે.

બ્લૂ બુક એવો દસ્તાવેજ છે જેના થકી વડા પ્રધાનની સુરક્ષાના નિયમો અને વ્યવસ્થા નક્કી કરવામાં આવે છે. રાજ્યના મુખ્યમંત્રીઓની સુરક્ષાની ગાઈડલાઈન્સ પણ તેને આધિન જ હોય છે. અંગ્રેજો દ્વારા આ બ્લૂ બુકની પરંપરા શરૂ કરવામાં આવી હતી. દેશ આઝાદ થયા બાદ પણ નેતાઓ દ્વારા આ પરંપરા પકડી રાખવામાં આવી છે : લાલ બહાદુર શાસ્ત્રી પોતાની સાદગી માટે જાણીતા હતા. તેમના કાફલામાં ૩ વાહનો રહેતા હતા. ત્યારબાદ ૧૯૬૬થી ૧૯૭૭ અને ૧૯૮૦થી ૧૯૮૪ સુધી સત્તામાં રહેલા ઈન્દિરા ગાંધીના કાફલામાં ૮ થી ૧૨ ગાડીઓ રહેતી હતી

# નહેરુના કાફલામાં 4 ગાડી હતી, પીએમના કાફલામાં 50 ગાડીઓ છે!

## અંગ્રેજો દ્વારા અમલમાં મુકાયેલી બ્લુ બુકને બંધારણીય માન્યતા નથી છતાં આજે પણ નેતાઓ તેના નામે સુરક્ષા પાછળ કરોડો રૂપિયાનું આંધણ કરે છે



ઈન્દિરા ગાંધીના અવસાન બાદ સત્તામાં આવેલા પીએમ રાજીવ ગાંધીની સુરક્ષામાં ફેરફાર કરવામાં આવ્યો હતો. તેના પગલે કાફલાની સંખ્યા ૧૫ થી ૨૦ થઈ ગઈ હતી : વી.પી સિંહ અને અટલ બિહારી વાજપેયી ત્યારબાદ ૧૯૮૯થી ૨૦૦૪ સુધી સત્તામાં આવ્યા હતા. તેમના કાફલામાં ગાડીઓની સંખ્યા ૨૫થી ૩૦ થઈ ગઈ. મનમોહનસિંહ જ્યારે ૨૦૦૪માં પીએમ બન્યા અને ૨૦૧૪ સુધી સત્તામાં તો તેમના કાફલામાં ૩૦થી ૪૦ જેટલી ગાડીઓનો સમાવેશ કરાયો. પીએમ મોદીના કાફલામાં ૫૦ જેટલા વાહનો છે

વૈશ્વિક આર્થિક સંકટ અને પેટ્રોલ-ડિઝલની અછતને પગલે ભારતીય વડા પ્રધાન દ્વારા લોકોને પેટ્રોલ-ડિઝલનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની અપીલ કરાઈ હતી. આ ઉપરાંત વિદેશ પ્રવાસ ન કરવા, સોનું ન ખરીદવા અને કરકસર કરીને બચત કરવાની પણ સલાહ આપવામાં આવી હતી. આ સલાહ બાદ પ્રજાના આકરા પ્રતિસાદ આવતાની સાથે જ પીએમના કાફલામાં ૫૦ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. બીજી તરફ ઘણા રાજ્યના મુખ્યમંત્રીઓ દ્વારા પણ તેમના કાફલામાં ઘટાડો કરવાની જાહેરાત કરાઈ છે. એસપીજી દ્વારા પણ કાફલો ૫૦ ટકા ઘટાડી દેવાની જાહેરાત કરવામાં આવી છે.

આ તમામ જાહેરાતો વચ્ચે એક વાત વિચારવા જેવી છે કે, દાયકાઓથી પીએમ, સીએમ અને નેતાઓ દ્વારા બ્લૂ બુકના નામે પોતાના કાફલો મોટો કરવામાં આવ્યો છે અને તેના આધારે જ ગાડીઓની સંખ્યા સતત વધારવામાં આવી છે. હકિકતે વડા પ્રધાન, ગૃહ પ્રધાન કે પછી રાજ્યોના મુખ્ય મંત્રીઓ અને અન્ય મંત્રીઓની સુરક્ષા માટે ચોક્કસ પ્રોટોકલ રાખવામાં આવ્યા છે. ખાસ કરીને ગૃહમંત્રાલય હેઠળ આવતી બ્લૂ બુક દ્વારા નેતાઓની સુરક્ષા નક્કી કરવામાં આવે છે અને તેમનો કાફલો તૈયાર કરવામાં આવે છે. દરેકને તેમની કેટેગરી પ્રમાણે કાફલો અને સુરક્ષા પુરા પાડવામાં આવે છે. વડા પ્રધાન અને રાષ્ટ્રપતિની સુરક્ષા સૌથી ટોચના સ્તરે હોય છે. એસપીજી આ સુરક્ષા સંભાળે છે. બીજી તરફ રાજ્યની પોલીસ તેમના મુખ્યમંત્રીઓની સુરક્ષા સંભાળે છે. આ બધું જ ગૃહમંત્રાલયના આદેશ અને આયોજન હેઠળ થાય છે.

જાણકારોના મતે બ્લૂ બુક એવો દસ્તાવેજ છે જેના થકી વડા પ્રધાનની સુરક્ષાના નિયમો અને વ્યવસ્થા નક્કી કરવામાં આવે છે. રાજ્યના મુખ્યમંત્રીઓની સુરક્ષાની ગાઈડલાઈન્સ પણ તેને આધિન જ હોય છે. આમ જોવા જઈએ તો અંગ્રેજો દ્વારા આ બ્લૂ બુકની પરંપરા શરૂ કરવામાં આવી હતી. દેશ આઝાદ થયા બાદ પણ નેતાઓ દ્વારા આ પરંપરા પકડી રાખવામાં આવી છે અને તેના આધારે પોતાની સવલતોમાં સુધારા-વધારા કરવામાં આવે છે. ગૃહમંત્રાલય દ્વારા તૈયાર કરવામાં આવેલું આ એક સિક્રેટ પ્રોટોકોલ મેન્યુઅલ ગણાય છે. તેમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડા પ્રધાન, તેમના પરિવારો અને દેશના રાજ્યોના વિવિધ સીએમ અને તેમના પરિવારોની સુરક્ષા અંગે જરૂરી નિયમો અને શિષ્ટાચાર લખવામાં આવ્યા હોય છે. તેને સંલગ્ન અધિકારીને આ જવાબદારી આપવામાં આવે છે અને તેના થકી બધું જ ગોઠવાતું હોય છે.

ખાસ વાત એ છે કે, બ્લૂ બુકને મહત્ત્વનો દસ્તાવેજ ગણવામાં આવે છે પણ હકિકતે તેને કોઈ બંધારણીય માન્યતા મળેલી નથી. તે સામાન્ય શિષ્ટાચાર સાથે જોડાયેલો દસ્તાવેજ ગણાય છે. તે ગૃહમંત્રાલયને આધીન હોય છે. તે દેશની ગરિમા અને એકતાનું પ્રતિક છે. તેમાં રાષ્ટ્રપતિ કે વડા પ્રધાન કોઈપણ રાજ્યમાં જાય તો એરપોર્ટ ઉપર સીએમ, અન્ય મંત્રીઓ કે મુખ્ય સચિવ અને પોલીસ વડાની હાજરી ફરજિયાત માનવામાં આવે છે. તે ઉપરાંત તેમના રૂટ ઉપર સુરક્ષાની વ્યવસ્થા કરવી, ધ્વજ લગાવવા, રાષ્ટ્રગાન વગાડવું, સીટિંગ એરેન્જમેન્ટ કરવા અને અન્ય પ્રોટોકોલનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત વડા પ્રધાન અને મુખ્યમંત્રીઓના પ્રવાસ અને કાર્યક્રમ માટે એડવાન્સ સિક્યોરિટી લાયેઝન પણ કરવામાં આવે છે. વિશેષ ટીમ દ્વારા તેમના પ્રવાસના રૂટ, સ્થળ અને અન્ય બાબતોની પૂરતી તપાસ કરવામાં આવે છે અને સુરક્ષા વ્યવસ્થા સજ્જડ કરવામાં આવે છે. ટેકનીકલ સિક્યોરિટીની વાત કરીએ તો તમામ મુખ્ય ગાડીઓમાં રન ફ્લેટ ટાયર હોય છે જે ગોળી વાગવા કે પંચર થવા જેવી પરિસ્થિતિમાં પણ કેટલાક કિલોમીટર સુધી ચાલી શકે છે. કોઈપણ મોટી વિઝિટ દરમિયાન પ્રવાસના રૂટ ઉપર આવતી તમામ સરકારી અને ખાનગી મોટી હોસ્પિટલોને એલર્ટ ઉપર રાખવામાં આવે છે અને ત્યાં એક વિશેષ મેડિકલ ટીમ પણ સજ્જ રાખવામાં આવે છે. વડા પ્રધાન, રાષ્ટ્રપતિ કે પછી મુખ્યમંત્રીઓને અપાતી આ વાહનોના કાફલાની સંખ્યા સમયાંતરે વધી છે. દેશ આઝાદ થયો પછી બ્લૂ બુકને અનુસરીને નેતાઓએ અને મંત્રીઓએ પોતાની જરૂરિયાત અને ઠાઠ પ્રમાણે પોતાનો કાફલો મોટો કરવાનું શરૂ કરી દીધું. હાલમાં જોઈએ તો સમયની સાથે અને સુરક્ષા તથા સંભવિત ખતરાના કારણે વડા પ્રધાનના કાફલાની સંખ્યા ઘણી મોટી છે. દેશ આઝાદ થયો ત્યારે શરૂઆતમાં આ કાફલા ઘણા નાના હતા. કદાચ તેને કાફલો કહી શકાય તેવું પણ નહોતું. તે સમયે સુરક્ષા અને પડકારો ખાસ હતા નહીં અને કેટલાક વડા પ્રધાન વધારે તામઝામ કરવા માગતા નહોતા તેથી તેમના કાફલા નાના હતા જ્યારે કેટલાકના મોટા કાફલા હતા.

જવાહરલાલ નહેરુ જ્યારે દેશની આઝાદી બાદ પહેલી વખત વડા પ્રધાન બન્યા ત્યારે પીએમના કાફલા જેવું કશું હતું જ નહીં. ૧૯૬૪માં સુરક્ષાનો મોટો મુદ્દો જ નહોતો. દેશમાં સાદગીની સ્થિતિ હતી. સંશાધનોના અભાવે દેશમાં સામાન્ય સ્થિતિ હતી, ગરીબી હતી અને તેથી નહેરુના કાફલામાં ચાર વાહનો રહેતા હતા. તેમાં એક પીએમની ગાડી, બીજી એક પોલીસ એસ્કોર્ટ કાર, બેકઅપ કાર અને અન્ય એકાદી ગાડી રહેતા હતા. ત્યારબાદ સત્તામાં આવેલી લાલ બહાદુર શાસ્ત્રી પોતાની સાદગી માટે જાણીતા હતા. તેઓ ૧૯૬૪થી ૧૯૬૬ સુધી પીએમ તરીકે સત્તામાં રહ્યા. તેમના કાફલામાં ૩ વાહનો રહેતા હતા. તેઓ સાદાઈથી જ રહેવાનું, પ્રવાસ કરવાનું પસંદ કરતા હતા.

ત્યારબાદ ૧૯૬૬થી ૧૯૭૭ અને ૧૯૮૦થી ૧૯૮૪ સુધી સત્તામાં રહેલા ઈન્દિરા ગાંધીના કાફલામાં ૮ થી ૧૨ ગાડીઓ રહેતી હતી. તેમાંય ૧૯૭૧ના યુદ્ધ બાદ તેમની સુરક્ષા વધારે કડક કરવામાં આવી હતી. ત્યારબાદ કટોકટી લાગુ કરવા જેવી સ્થિતિ અને રાજકીય અસ્થિરતા અને આતંકવાદના ભય વચ્ચે તેમની સુરક્ષા વધારી દેવાઈ. ચિંતાનજક વાત એ હતી કે, ઓપરેશન બ્લૂ સ્ટાર બાદ તેમના જ સુરક્ષા જવાનોએ પીએમ હાઉસમાં તેમની હત્યા કરી નાખી હતી. ઈન્દિરા ગાંધીના અવસાન બાદ સત્તામાં આવેલા પીએમ રાજીવ ગાંધીની સુરક્ષામાં ફેરફાર કરવામાં આવ્યો હતો. ૧૯૮૫માં એસપીજીની રચના કરવામાં આવી અને તેમના માથે પીએમની સુરક્ષાની જવાબદારી નાખવામાં આવી. તેના પગલે રાજીવ ગાંધીના કાફલામાં બુલેટપ્રુફ ગાડી, એમ્બ્યુલન્સ, જામર, રીઝર્વ વ્હીકલ જેવા વાહનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેના પગલે કાફલાની સંખ્યાન ૧૫થી ૨૦ થઈ ગઈ હતી.

ઉલ્લેખનીય છે કે, વી.પી સિંહ અને અટલ બિહારી વાજપેયી ત્યારબાદ ૧૯૮૯થી ૨૦૦૪ સુધી સત્તામાં આવ્યા હતા. તેમના કાફલામાં ગાડીઓની સંખ્યા ૨૫થી ૩૦ થઈ ગઈ. આતંકવાદ, કાશ્મીર અને વૈશ્વિક સુરક્ષાના કારણે તેમના કાફલામાં મોટો વધારો કરવામાં આવ્યો હતો. તેમાં ઈલેક્ટ્રોનિક જામર, ક્વિક રિએક્શન ટીમ, પોલીસ, અર્ધલશ્કરી દળ, પીએમની પોતાની ત્રણ કાર વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. મનમોહનસિંહ જ્યારે ૨૦૦૪માં પીએમ બન્યા અને ૨૦૧૪ સુધી સત્તામાં રહ્યા તો તેમનો કાફલો પણ મોટો કરવામાં આવ્યો. તેમાં ૩૦થી ૪૦ જેટલી ગાડીઓનો સમાવેશ કરાયો હતો. તેમાં બીએમડબ્લ્યૂ સિક્યોરિટી વ્હીકલ, ડિકોય કાર, એસપીજી સિક્યોરિટી કાર અને અન્ય વાહનોનો સમાવેશ થતો હતો. તે સમયે આતંકવાદી હુમલાનો સૌથી વધુ ભય હોવાથી કાફલો વધારાયો હતો. વર્તમાન સમયની વાત કરીએ તો નરેન્દ્ર મોદી વડા પ્રધાન તરીકે સત્તામાં આવ્યા ત્યારે તેમની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો હતો. પીએમ મોદીના કાફલામાં ૫૦ જેટલા વાહનો હોય છે. તેમાં બુલેટપ્રૂફ બીએમડબલ્યૂ કાર, રેન્જ રોવર, ડિકોય કાર, આધુનિક જામર્સ ધરાવતી કાર, એસપીજી કમાન્ડ વ્હીકલ, એનએસજી-પોલીસ એસ્કોર્ટ, એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને અન્ય ગાડીઓનો મોટો કાફલો હોય છે. પીએમ દિલ્હીમાં હોય ત્યારે આ કાફલો ૧૪ ગાડીઓનો હોય છે. તેઓ દિલ્હીની બહાર જાય ત્યારે જ તેમાં ૫૦ વાહનો હોય છે.

વડા પ્રધાન અને રાજ્યના મુખ્યમંત્રીઓના તામજામ મોટા હોય છે. તેમને ઝેડ પ્લસ કેટેગરીની સુરક્ષા આપવામાં આવે છે. તેમના કોન્વોય પાછળ દરરોજ લાખો રૂપિયાના પેટ્રોલ-ડીઝલનું આંધણ થતું હોય છે.

લોકમુખે ચર્ચા ચાલી છે કે, નેતાઓને સાદગી, સમર્પણ, કરકસર અને જતું કરવાની ભાવના માત્ર સામાન્ય લોકો પાસેથી રાખવી છે. તેઓ પોતાના કાફલામાં કે સુવિધામાં જરાય બાંધછોડ કરતા નથી. હાલમાં સ્થિતિની ગંભીરતા દર્શાવવા માટે કેટલાક નેતાઓ કે મંત્રીઓ દ્વારા એકાદ-બે મહિના કાફલો ઘટાડાશે કે એકાદ-બે વિદેશ પ્રવાસ રદ કરવામાં આવશે જેથી પ્રજાને ઉદાહરણ મળે. આગામી સમયમાં સ્થિતિ જૈસે થે જેવી જ રહેવાની છે. વડા પ્રધાનના કાફલામાં સ્થાનિક ધોરણે ૧૫ ગાડીઓથી માંડીને દિલ્હીની બહાર જવા દરમિયાન ૫૦ ગાડીઓ સુધીનો કાફલો હોય છે. તેઓ કઈ ગાડીમાં પ્રવાસ કરશે તે અંતિમ ઘડીએ સિક્યોરિટી ઓફિસર દ્વારા નક્કી કરવામાં આવે છે. તેવી જ રીતે મુખ્યમંત્રીઓની સુરક્ષા પણ તેમના ઉપર રહેલા ખતરાને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. તેમને ઝેડ પ્લસ સુરક્ષા આપવામાં આવે છે. તેમાં ૧૦થી ૧૫ ગાડીઓનો કાફલો હોય છે. રાજ્યના પ્રોટોકોલ અને ત્યાંની સ્થિતિને આધારે નક્કી કરવામાં આવે છે. સીએમના કાફલામાં પણ મુખ્ય બુલેટપ્રુફ એસયુવી, પાયલટ કાર, જામર, સિક્યોરિટીની ગાડીઓ, એસ્કોર્ટ ગાડીઓનો સમાવેશ કરવામાં આવે છે. તે ઉપરાંત મેડિકલ ઈમર્જન્સી માટે એમ્બ્યુલન્સ પણ સતત સાથે હોય છે. સીએમની આ સુરક્ષા પણ પીએમની સુરક્ષાના માપદંડોને સમકક્ષ માનવામાં આવે છે.

# મોદીની સલાહ પછી પણ કેન્દ્રીય મંત્રીનો લાંબો કાફલો



શેઠની શિખામણ ઝાંપા સુધી. એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકોને પેટ્રોલ - ડીઝલનો વપરાશ ઘટાડવાની સલાહ આપી રહ્યા છે ત્યારે એમના જ કેન્દ્રીય મંત્રી વાહનોનો કાફલો વધારી રહ્યા છે. ગુરુગ્રામમાં કેન્દ્રીય મંત્રી રાવ ઈન્દ્રજીત સિંહનો લાંબો કાફલો ચર્ચાનો વિષય બન્યો છે. ગુરુગ્રામના મીની સચીવાલયની સામે મંત્રીની આગળ પાછળ ૧૦ મોટરો ચાલતી હતી. સામાન્ય માણસ વિચારી રહ્યો છે કે જ્યારે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટને કારણે દેશ આર્થિક મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે ઈંધણની બચત કરવાને બદલે જનપ્રતિનિધિઓ જલસા કરી રહ્યા છે. જો મોટા હોદ્દા પર બેઠેલા લોકો સાદગી નહીં અપનાવે તો સામાન્ય માણસ પણ મોદીની વાત માનશે નહીં. ફક્ત ઈન્દ્રજીત સિંહ જ નહીં કેન્દ્રના બીજા કેટલાક મંત્રીઓ પણ એમનો કાફલો ઘટાડવા તૈયાર નથી. તામિલનાડુ વિધાનસભામાં ટીવીકેના પ્રમુખ થલપતિ વિજયએ ફ્લોર ટેસ્ટમાં બહુમતિ સાબિત કરી દીધી છે. તેઓ પોતાના સાથી પક્ષોને એક રાખવામાં સફળ થયા છે. એમણે એઆઇએડીએમકેના બે ટુકડા પણ કરી નાખ્યા છે. વિજયની સરકારને એઆઇએડીએમકેના ૨૫ ધારાસભ્યોએ ટેકો આપ્યો હતો. આ કારણે એઆઇએડીએમકેના પ્રમુખ પલાની સ્વામીને મોટો ફટકો પડયો છે. એમની પાસે હવે ૨૨ ધારાસભ્યો બચ્યા છે. વિધાનસભામાં ૧૪૪નો આંકડો પસાર કરવા માટે વિજયએ એઆઇએડીએમકેના બળવાખોર નેતા સીવી શનગુમન સાથે ડીલ કરી હતી. સરકારમાં એમને ભાગીદારી પણ મળશે. એવી ધારણા છે કે એઆઇએડીએમકેના ૫-૬ ધારાસભ્યોને મંત્રી બનવાનો મોકો મળી શકે છે. શક્તિ પરીક્ષામાં વિધાનસભામાં વિજયના પક્ષ ટીવીકેના ૧૦૬, કોંગ્રેસના ૫, સીપીઆઇના ૨, સીપીએમના ૨, આયુએમએલના ૨ ધારાસભ્યોનો ટેકો મળ્યો હતો. એઆઇએડીએમકેના ૨૨ ધારાસભ્યોએ સમર્થનનો વિરોધ કર્યો હતો.

સુપ્રિમ કોર્ટના કોલેજિયમે એક અગત્યનો નિર્ણય લઈને કલકત્તા હાઈકોર્ટમાં નવ નવા જજોની નિમણૂકને મંજૂરી આપી છે. ન્યાયતંત્રમાં ઝડપી ન્યાય મળતો થાય એ માટે આ નિર્ણય અગત્યનો ગણવામાં આવે છે. કોલેજિયમે ૧૧ અને ૧૨ મેએ મળેલી બેઠકમાં આ નિર્ણય લીધો હતો. કમિટીના અધ્યક્ષ તરીકે સીજેઆઈ હતા. કોલેજિયમએ ઈન્દ્રનિલ રોય, આર્યક દત્ત, અતારૂપ બેનર્જી, સંદીપકુમાર ડે, પાર્થ પ્રતિમ રોય, સુદીપ દેબ, અનુજ સિંહ, અર્જૂન રાય મુખર્જી, રીશાદ મેદોરાના નામો હાઈકોર્ટના જજ તરીકે મંજૂર કર્યા છે. હાઈકોર્ટના જજોની નિમણૂક માટે એક ખાસ પ્રક્રિયા છે. આ પ્રક્રિયાને મેમોરેન્ડમ ઓફ પ્રોસીજર (ઓમઓપી) કહેવામાં આવે છે. આ પ્રક્રિયાનો ઉદ્દેશ એવો છે કે જેથી અનુભવી અને યોગ્ય ઉમેદવાર પસંદ કરવામાં આવે. સૌથી પહેલા સંબંધીત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ દ્વારા જજોની નિમણૂકનો પ્રસ્તાવ તૈયાર કરવામાં આવે છે. ત્યાર પછી આ પ્રસ્તાવ મુખ્યમંત્રી અને રાજ્યપાલના માધ્યમ દ્વારા આગળ મોકલવામાં આવે છે. સમાજવાદી પક્ષના પ્રમુખ અખિલેશ યાદવના સાવકા ભાઈ અને મુલાયમ સિંહ યાદવના નાના પુત્ર પ્રતિક યાદવનું ફક્ત ૩૮ વર્ષની ઉંમરે અચાનક મૃત્યુ થયું છે. પ્રતિકનું મૃત્યુ થયું એ પહેલા રાજકારણમાં પણ બહુ ઓછાને ખબર હતી કે અખિલેશ યાદવને નાનો ભાઈ પણ છે. પ્રતિક યાદવએ રાજકારણમાં આવવાને બદલે બાંધકામ વ્યવસાય અને ફિટનેસ વ્યવસાયમાં રહેવાનું પસંદ કર્યું હતું. એમણે લંડનથી એમબીએની ડીગ્રી મેળવી હતી. ભાઈના મૃત્યુ પછી અખિલેશ યાદવે એક નિવેદન આપ્યું છે. આ નિવેદનમાં એમને બિઝનેસમાં નુકસાન સાથે જોડેલી વાત કરી છે. અખિલેશ યાદવના નિવેદન પછી એવી ચર્ચા થઈ રહી છે કે શું બિઝનેસમાં થયેલા નુકસાનને કારણે પ્રતિક યાદવ ડિપ્રેશનનો ભોગ બન્યા હતા? અખિલેશે કહ્યું હતું કે, 'પ્રતિક પોતાની તબિયત માટે ખૂબ જાગૃત હતો અને પોતાના બિઝનેસમાં વ્યસ્ત રહેતો હતો. કોઈક વખત બિઝનેસમાં નુકસાન થતા વ્યક્તિ માનસીક રીતે હેરાન થઈ જાય છે.'

મધ્યપ્રદેશના વકીલ સુદીપ સિંહ સૈનીએ એવું નિવેદન આપ્યું હતું કે, કોર્ટ ફક્ત એવા આરોપીઓને જ જામીન આપે છે કે જેમણે સિનિયર વકીલો રોક્યા હોય. જૂનિયર વકીલ રોકનાર આરોપીને ભાગ્ય જ જામીન મળે છે. આ નિવેદન પછી હાઈકોર્ટમાં આખી વાત ગઈ હતી. સુદીપ સિંહ સૈની છઠ્ઠી માર્ચે બેચ સમક્ષ રજૂ થયા હતા અને આવશ્યક વસ્તુના કાયદા હેઠળ પોતાના ક્લાયન્ટ માટે જામીન માગ્યા હતા. એ વખતે એમણે નિવેદન કર્યું હતું કે ફક્ત સિનિયર વકીલના ક્લાયન્ટોને જ જામીન આપવામાં આવે છે. કોર્ટને વકીલની આ વાત અપમાનજનક લાગી હતી. કોર્ટે નોંધ્યું હતું કે વકીલ પોતાની વાત સાબિત કરવા માટે કોઈ આધાર આપી શક્યા નથી. ત્યાર પછી સૈનીએ પોતાના નિવેદન બદલ માફી માંગી હતી. બેન્ચે સૈનીને ઠપકો આપીને એમની માફી સ્વીકારી હતી.

લોકસભામાં બેઠકોની સંખ્યા વધારવા માટે કોંગ્રેસ અને ભાજપના નેતાઓ વચ્ચે દલીલબાજી થઈ રહી છે. કેલિફોર્નીયામાં આયોજીત 'સ્ટેનફોર્ડ ઈન્ડિયા કોન્ફરન્સ ૨૦૨૬'માં કોંગ્રેસના નેતા શશી થરૂરે કહ્યું હતું કે લોકસભામાં સભ્યોની સંખ્યા વધારીને ૮૫૦ કરવાની વાત મજાક છે. જો આમ થશે તો સંસદ ચીનની 'પ્યુપીલ્સ કન્સલટેટીવ કોન્ફરન્સ'ની દેશી આવૃત્તી બની જશે. એમણે કહ્યું હતું કે, 'બેઠકો વધવાથી દલીલ કરવા માટે કે કોઈપણ વાત પર ચર્ચા કરવા માટે મોકો નહીં મળે.' એમના કહેવા પ્રમાણે ૧૯૨૯થી અમેરિકાની વસ્તી ત્રણ ગણી વધી ગઈ છે. છતાં પણ અમેરિકાની સંસદમાં સભ્યોની સંખ્યા ૪૩૫ જ છે. મહિલાઓની અનામતનો મુદ્દો સિમાંકન સાથે જોડી શકાય નહીં. ૨૦૨૭ અને ૨૦૨૯ની વચ્ચે થનારી વસ્તી ગણતરીના આંકડાની રાહ જોવી જોઈએ. લગભગ ૧૬ વર્ષ સુધી ભારતમાં રહ્યા પછી અભિનેત્રી મંદાના કરીમીએ દેશ છોડવાનો નિર્ણય લીધો છે. સોશ્યલ મીડિયા પર આ ખબર વાયરલ થયા પછી એમના ચાહકોને આંચકો લાગ્યો છે. મંદાનાએ ઈન્સ્ટાગ્રામ પર 'આસ્ક મી એનીથીંગ' સેશન દરમિયાન એરપોર્ટનો એક વીડિયો શેર કરીને કહ્યું હતું કે, એ ભારતને અલવીદા કહી રહી છે. એમણે આ નિર્ણયને જિંદગીનો એક ખૂબ જ મુશ્કેલ નિર્ણય ગણાવ્યો હતો. અભિનેત્રીએ કહ્યું હતું કે, ભારત એમના માટે બીજુ ઘર છે, પરંતુ હવે એ એક નવી શરૂઆત કરવા જઈ રહી છે.

# કોના માટે કેટલું ઘસાવું બસ એ નક્કી કરી લો બાકી કદર તો જીંદગીમાં થઈ નથી અને થવાની પણ નથી એમ સમજીને ચાલો.!



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

વિશ્વમાં ચાર પાંચ દેશો વચ્ચે ચાલી રહેલા યુધ્ધની અસર હવે સોમનાથ મંદિર જીર્ણોધ્ધાર વિરાસતના ૭૫ વર્ષની ભવ્યાતિ ભવ્ય ઉજવણી કર્યા પછી ઝડપભેર એક હળવી ટકોર સાથે દેખાઈ રહી છે.અમૂલ દૂધથી શરૂ થઈ હવે સોના ચાંદી પછી પેટ્રોલ ડીઝલમાં શું અસર કરશે તેની તરફ સૌનું ધ્યાન છે ત્યારે આપણે ચિંતનાત્મક લેખમાં જોઈએ તો સંબંધોનું સૌથી પવિત્ર બંધન એટલે પિતા-પુત્રીનો નાતો. પણ જે દીકરીના માથે પિતાનો હાથ જ ન હોય,તેના લગ્નમાં કન્યાદાન કોણ કરે? સમાજના ટોણા, વિધિના બંધન અને એકલતાના ડુંગર વચ્ચે જ્યારે શ્રદ્ધા અડગ હોય ત્યારે ચમત્કાર થાય જ છે. રતનગઢ ગામની અનાથ ગૌરીની આ કથા માત્ર એક લગ્નની વાર્તા નથી, પરંતુ શ્રદ્ધા, પ્રારબ્ધ અને ભક્તવત્સલ ભગવાનની કૃપાનું જીવંત દૃષ્ટાંત છે. જ્યાં દુનિયાએ 'અનાથ' કહ્યું, ત્યાં સ્વયં બાબા ખાટુ શ્યામે આવીને જગતને બતાવ્યું કે મારા શરણે આવેલો કોઈ ક્યારેય અનાથ હોતો નથી. બાળપણમાં જ માર્ગ અકસ્માતે માતા-પિતાનું છત્ર ગુમાવી ચૂકેલી ગૌરી માટે રતનગઢ ગામની શેરીઓ સાવ સૂની બની ગઈ હતી. સગાં-સંબંધીઓએ મોઢું ફેરવી લીધું, અને સમાજની નજરોમાં તે 'અપશુકનિયાળ' બની ગઈ. પણ ગૌરીનું હૈયું ક્યારેય ખાલી ન પડ્યું. તેણે ગામના ખાટુ શ્યામ મંદિરને જ પોતાનું ઘર માન્યું અને બાબાની મૂર્તિને જ માતા-પિતા માનીને સેવા કરવા માંડી. સવાર-સાંજ મંદિરની સફાઈ,દીવા અગરબત્તી અને ભજન-કીર્તનમાં તેનું બાળ પણ વીત્યું. લોકો તેને 'ગાંડી' કહેતા, પણ ગૌરીનું એક જ રટણ હતું: 'મારો બાબો છે ને!' સમય વીત્યો. ગૌરી લગ્નયોગ્ય થઈ. ગામમાં વાત ફેલાઈ, પણ 'અનાથ' છોકરી સાથે લગ્ન કરવા કોણ તૈયાર થાય? કન્યાદાન જેવી પવિત્ર વિધિ પિતા વિના કેમ પૂરી થાય? સમાજના સવાલો ગૌરીના હૃદયને વીંધી નાખતા હતા. આવા સમયે જયપુરનો એક નેકદિલ યુવાન, અર્જુન, ગૌરીના શીલ અને શ્રદ્ધાથી પ્રભાવિત થઈ તેની સાથે લગ્ન કરવા તૈયાર થયો. ગોઠવાયેલા લગ્ન નક્કી થયા, પણ ગામના સંકુચિત લોકોના ટોણા ચાલુ જ રહ્યા. 'કન્યાદાન કોણ કરશે? શું ભૂત પ્રેત આવશે?' લગ્નની આગલી રાત. આખું ગામ ઊંઘતું હતું, પણ ગૌરીની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં. તે દોડીને ખાટુ શ્યામના મંદિરે પહોંચી અને મૂર્તિને વળગીને ધ્રુસકે ધ્રુસકે રડી પડી. 'બાબા, મેં જિંદગીભર તમને જ બાપ માન્યા. કાલે દુનિયા સામે હું ફરી અનાથ સાબિત થઈશ? શું મારા પિતાનું સ્થાન ખાલી જ રહેશે?' તેનો કરુણ પોકાર મંદિરની દીવાલો સાથે અથડાઈને પાછો આવતો હતો. અને ત્યાં જ ચમત્કાર થયો. મંદિરનો બુઝાયેલો દીવો એકાએક પ્રજ્વલિત થઈ ગયો. ગર્ભગૃહમાંથી એક મધુર, આશ્વાસન આપતો અવાજ ગૂંજી ઉઠ્યો: 'દીકરી, તું નિશ્ચિંત રહે. કાલે તારા લગ્નમાં તારો પિતા સ્વયં આવશે. હારે કા સહારા ક્યારેય તેના ભક્તને હારવા દેતો નથી.' બીજા દિવસે જાન આવી. મંડપ શણગારાયો, પણ બધાની નજર કન્યાદાનની વિધિ પર હતી. કુતૂહલ અને કટાક્ષથી ભરેલું ગામ મંડપમાં એકઠું થયું. પંડિતજીએ કન્યાદાનનો મુહૂર્ત કહ્યો કે તરત જ ગામના પાદરથી ઘોડાના ડાબલાનો અવાજ આવ્યો. સૌએ જોયું તો એક શ્વેત અશ્વ પર, શ્વેત વસ્ત્રધારી, કપાળે દિવ્ય તિલક કરેલા એક તેજસ્વી વૃદ્ધ પુરુષ મંડપ તરફ આવી રહ્યા હતા. તેમના આગમન સાથે જ આખો મંડપ ચંદન અને તાજા ગુલાબની અલૌકિક સુગંધથી મહેંકી ઉઠ્યો કોઈ કંઈ બોલે તે પહેલાં જ તે વૃદ્ધ પુરુષ સીધા મંડપમાં આવ્યા અને સિંહ જેવી ગર્જના સાથે બોલ્યા, 'હું આ દીકરીનો પિતા છું. આજે હું જ મારી ગૌરીનું કન્યાદાન કરીશ.' તેમના મુખનું તેજ અને અવાજનો અધિકાર એવો હતો કે ટોણા મારનારાઓની જીભ સિવાઈ ગઈ. કોઈ સવાલ પૂછવાની હિંમત ન કરી શક્યું. તેમણે શાસ્ત્રોક્ત વિધિથી ગૌરી નો કોમળ હાથ અર્જુનના હાથ માં સોંપ્યો. કન્યાદાન કરતી વખતે તેમની આંખોમાંથી વહેતું વાત્સલ્ય જોઈને સૌની આંખો ભીની થઈ ગઈ.તે જૈવિક પિતા થી પણ વિશેષ હેત વરસાવતું હતું.તેમણે અર્જુનને કહ્યું, 'દીકરા, આ ગૌરી મારો પ્રાણ છે, મારો વિશ્વાસ છે. તેની આંખમાં ક્યારેય આંસુ નઆવવા દેતો. તેનું સદા રક્ષણ કરજે.' વિધિ પત્યા બાદ વિદાયની વેળા આવી. તે વૃદ્ધ પુરુષ ધીમે પગલે ગામના વળાંક તરફ ચાલવા લાગ્યા. અર્જુન અને કેટલાક

## અનાથ ગૌરીની કન્યાદાન વિધિ જ્યાં સ્વયં'હારે કા સહારા' પિતા બનીને આવ્યા

ગામલોકો આભાર માનવા તેમની પાછળ દોડ્યા, પણ વળાંક પર પહોંચીને જોયું તો ત્યાં કોઈ ન હતું. ન ઘોડો, ન તે વૃદ્ધ. હતા ફક્ત રસ્તા પર પથરાયેલી તાજી ગુલાબની પાંખડીઓ. એ જ ઘડીએ મંદિરના પૂજારી હાંફતા હાંફતા મંડપમાં આવ્યા. તેમણે આશ્ચર્યથી કહ્યું,'ચમત્કાર થયો!મંદિરમાં બાબા ખાટુશ્યામ ની મૂર્તિના ચરણ પાસે મંડપમાં મહેંકતી હતી એવી જ તાજી ગુલાબની પાંખડીઓ પડી છે!' આ સાંભળતાં જ આખું ગામ સ્તબ્ધ થઈ ગયું. જે હોઠો પર કટાક્ષ હતા તે જ હોઠો પર 'હારે કા સહારા કી જય' નો નાદ ગૂંજી ઉઠ્યો. સૌને સમજાઈ ગયું કે અનાથ ગૌરીનું કન્યાદાન કરવા સ્વયં શ્યામ બાબા પધાર્યા હતા. જે સમાજ ગૌરીને 'અભાગણી' કહેતો હતો, તે જ સમાજ તેને માથે બેસાડીને 'શ્યામ કી લાડલી' કહેવા લાગ્યો. વાચક મિત્રો,આ વાત આપણને ત્રણ મોટા પાઠ શીખવે છે.પહેલો સાચી શ્રદ્ધા ક્યારેય હારતી નથી. ગૌરીએ દુનિયાના ટોણા સહન કર્યા પણ બાબામાંથી વિશ્વાસ ન ડગાવ્યો, અને બાબાએ તેનું વિશ્વાસ સાચવી લીધું. બીજો, જેમ વ્યાસજીના શિષ્ય દાસની કથામાં કહ્યું છે તેમ, મૃત્યુનો કે ભવિષ્યનો વિચાર કરીને વર્તમાન બગાડવો ન જોઈએ. ગૌરીએ 'કાલે શું થશે' ની ચિંતા બાબા પર છોડી દીધી.અને ત્રીજો, અક્રૂરજીની જેમ પદે પદે પ્રભુનું સ્મરણ કરવું. અક્રૂરને શ્રીકૃષ્ણના દર્શનની તાલાવેલી હતી, તેવી જ તાલાવેલી ગૌરીને પોતાના બાબા ને મળવાની હતી. જ્યારે કંસે અક્રૂરને કૃષ્ણને તેડવા મોકલ્યા,ત્યારે તે જાણતો નહતો કે તે પોતાના જ મૃત્યુનેઆમંત્રણ આપી રહ્યો છે. આ પ્રારબ્ધ છે. તેવી જ રીતે,ગૌરીને હેરાન કરનાર સમાજ જાણતો ન હતો કે તે સ્વયં ભગવાનને આમંત્રણ આપી રહ્યો છે. અંતે, જેના માથે શ્યામનો હાથ હોય તે ક્યારેય અનાથ હોતો નથી. કારણ કે જેનો કોઈ નથી, તેના શ્યામ છે -'હારે કા સહારા ખાટુ શ્યામ હમારા'. આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# માનનીય રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સાબરમતી રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું







**અમદાવાદ, તા.14**

તા. 13.05.2026ના રોજ ગુજરાતના માનનીય રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ પુનર્વિકાસ હેઠળના સાબરમતી રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન માનનીય રાજ્યપાલએ સાબરમતી સ્ટેશન પર પ્રદર્શિત લઘુ મોડેલ તથા સ્ટેશન પુનર્વિકાસ યોજનાનું અવલોકન કર્યું હતું. નિરીક્ષણ દરમિયાન મંડળ રેલ પ્રબંધક વેદ પ્રકાશે માનનીય રાજ્યપાલને સાબરમતી રેલવે સ્ટેશન તથા NHSRCL (બુલેટ ટ્રેન) સ્ટેશન પ્રોજેક્ટ અંગે વિગતવાર માહિતી આપી હતી.

આ પ્રસંગે માનનીય રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ મીડિયાને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે આજે તેમને પ્રથમ વખત સાબરમતી રેલવે સ્ટેશન નિહાળવાનો અવસર મળ્યો છે. તેમણે જણાવ્યું કે મંડળ રેલ પ્રબંધક વેદ પ્રકાશ તથા અન્નુ ત્યાગી દ્વારા સ્ટેશન પ્રોજેક્ટ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી, જેને જોઈ તેઓ અત્યંત આશ્ચર્યચકિત અને આનંદિત થયા છે.

માનનીય રાજ્યપાલએ જણાવ્યું કે ભારતના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજી દ્વારા શરૂ કરાયેલ બુલેટ ટ્રેન અભિયાન ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે અને ખાસ કરીને ગુજરાતમાં તેનું કાર્ય અત્યંત પ્રભાવશાળી રીતે આગળ વધી રહ્યું છે. તેમણે જણાવ્યું કે દેશના વિવિધ ભાગોમાં નિયમિત રીતે સંચાલિત થતી ટ્રેનોના સંચાલનમાં કોઈપણ પ્રકારનો વિક્ષેપ સર્જાયા વિના એટલું ભવ્ય અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવું પોતાનામાં અનોખું છે અને કદાચ ભારતમાં પ્રથમ વખત આ પ્રકારનું સ્ટેશન વિકસિત થઈ રહ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું કે તેમને માહિતી મળી છે કે ભારત સરકારની કેબિનેટ દ્વારા આજે જ ધોલેરાથી સાબરમતી સુધીની સેમી હાઈ સ્પીડ ટ્રેન પ્રોજેક્ટને અંદાજે રૂ. 20,000 કરોડની મંજૂરી આપવામાં આવી છે. સાથે સાથે અમદાવાદ અને ગાંધીનગર વિસ્તાર મેટ્રો નેટવર્ક સાથે પણ જોડાયેલો છે, જેના કારણે મુસાફરોને દેશના વિવિધ ભાગોમાં જવા માટે ઉત્તમ અને નિરવિઘ્ન કનેક્ટિવિટી પ્રાપ્ત થશે.

માનનીય રાજ્યપાલએ જણાવ્યું કે સાબરમતી સ્ટેશનને અત્યંત સુવ્યવસ્થિત અને આધુનિક રીતે વિકસાવવામાં આવી રહ્યું છે, જ્યાં આવતી અને જતી ટ્રેનો માટે અલગ વ્યવસ્થા રહેશે. બુલેટ ટ્રેન, મેટ્રો તથા દેશના વિવિધ ભાગોથી આવતી ટ્રેનોનું આ સંગમ ભવિષ્યમાં એક દર્શનીય કેન્દ્ર બનશે, જેના પર દેશવાસીઓને ગૌરવ અને સ્વાભિમાનનો અનુભવ થશે. તેમણે આ આધુનિક વિકાસ કાર્ય માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજી, માનનીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ તેમજ રેલવે પ્રશાસન અને તમામ રેલ અધિકારીઓને શ્રેય આપ્યો.

માનનીય રાજ્યપાલએ જણાવ્યું કે તેઓ આજે રેલમાર્ગ દ્વારા દિલ્હી માટે પ્રસ્થાન કરી રહ્યા છે અને પ્રધાનમંત્રીજી દ્વારા દેશવાસીઓને કરાયેલી અપીલને અનુરૂપ તેમણે સંકલ્પ કર્યો છે કે તેમની મોટાભાગની આગામી યાત્રાઓ રેલવે અને એસટી બસ મારફતે જ થશે. તેમણે જણાવ્યું કે તેઓ દર અઠવાડિયે ગુજરાતના વિવિધ તાલુકાઓમાં ખેડૂતો વચ્ચે જાય છે, જનસભાઓ કરે છે, વૃક્ષારોપણ કાર્યક્રમોમાં ભાગ લે છે તથા અનુસૂચિત જાતિના પરિવારો વચ્ચે સમય વિતાવે છે. હવે તેઓ આ યાત્રાઓ હવાઈ માર્ગના બદલે રેલવે અને એસટી બસ મારફતે કરશે. સાથે સાથે તેમણે પોતાના કાફલાને પણ મર્યાદિત કરીને માત્ર ત્રણ વાહનો સુધી રાખ્યો છે, જેથી દેશના વિકાસ અને ઊર્જા સંરક્ષણમાં પોતાનું યોગદાન આપી શકે.

# સાંસદદેવુસિંહ ચૌહાણ અને ધારાસભ્ય પંકજ દેસાઈની મુખ્ય ઉપસ્થિતિમાં નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે નવા સોનોગ્રાફી મશીનનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

- **નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે ૦૨ ૪-ડી અલ્ટ્રાસાઉન્ડ સોનોગ્રાફી મશીન અને ૦૬ મલ્ટીપેરા મોનિટરની સુવિધાઓનો શુભારંભ કરવામાં આવ્યો**
- **નડિયાદ સિવિલ હોસ્પિટલને ૦૨ ૪-ડી અલ્ટ્રાસાઉન્ડ સોનોગ્રાફી મશીન અને ૦૬ મલ્ટીપેરા મોનિટર તથા ડાકોર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલને ૦૧ ૪-ડી અલ્ટ્રાસાઉન્ડ સોનોગ્રાફી મશીન અર્પણ કરાયા**

**નડિયાદ, તા.14**

ખેડા સાંસદદેવુસિંહ ચૌહાણ અને નડિયાદ ધારાસભ્યપંકજભાઈ દેસાઈની મુખ્ય ઉપસ્થિતિમાં નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે નવા સોનોગ્રાફી મશીનનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો.

સાંસદદેવુસિંહ ચૌહાણના માર્ગદર્શનમાં ઈન્ડીયન રીન્યુબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી લિમીટેડ (ઈરડા) દ્વારા સી.એસ.આર એક્ટિવિટી અંતર્ગત આરોગ્ય વિભાગ માટે અપાયેલ રૂ. ૯૯ લાખના ૪-ડી અલ્ટ્રાસાઉન્ડ સોનોગ્રાફી મશીન અને મલ્ટીપેરા મોનિટરની સુવિધાઓનો દર્દીઓ માટે શુભારંભ કરવામાં આવ્યો હતો.

જેમાં, નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે ૦૨ ૪-ડી અલ્ટ્રાસાઉન્ડ સોનોગ્રાફી અને ૦૬ મલ્ટીપેરા મોનિટરની નવી સેવાઓનો શુભારંભ થતાં આવનાર દર્દીઓ માટે પ્રેગ્નન્સી સંબંધિત અને હાર્ટ રેટ, બીપી, ઓક્સિજન લેવલ, ઈસીજી, ટેમ્પરેચર અને આર.આર સહિતની સેવાઓમાં ઉમેરો થશે. તેમજ ડાકોર હોસ્પિટલ ખાતે પણ નવા સોનોગ્રાફી મશીનની સેવાઓનો લાભ દર્દીઓને મળશે.




જેમાં ખાસ કરીને ૪-ડી સોનોગ્રાફી મશીનની મદદથી એબનોર્મલ પ્રેગ્નન્સીનું વધુ અસરકારક રીતે નિદાન કરી શકાશે અને માતા મરણને અટકાવી શકાશે. સાથે જ નવજાત શિશુઓના મગજની તપાસ પણ વધુ અસરકારક રીતે કરી શકાશે.

આ પ્રસંગે સાંસદ દેવુસિંહ ચૌહાણ અને ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ સોનોગ્રાફી વિભાગની મુલાકાત લઈ નવી સુવિધાઓથી પરિચિત થયા હતા. તેમણે લાઈવ ૪-ડી અલ્ટ્રાસાઉન્ડ સોનોગ્રાફી મશીનનું નિદર્શન નિહાળ્યું હતું. સાથે જ બંને મહાનુભાવોએ પોતાનું બ્લડ પ્રેશર અને ટેમ્પરેચરની ચકાસણી પણ કરાવી હતી.

કાર્યક્રમ અંતર્ગત સાંસદ દેવુસિંહ ચૌહાણે આધુનિક સોનોગ્રાફી મશીનની સુવિધા બદલ ઈરડા કંપનીનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે નવા મશીનો દર્દીઓની સેવાઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. સાંસદએ ઉમેર્યું કે આજે સરકારદ્વારા તમામ નાગરિકોને ડોરસ્ટેપ આરોગ્ય લક્ષી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ત્યારે નાગરિકોની પણ ફરજ બને છે કે તેમણે ઘરમાં સ્વચ્છતા જાળવવી અને કોઈ પણ પ્રકારની તકલીફ ઊભી થાય ત્યારે સમયસર હોસ્પિટલનો સંપર્ક કરી વ્યવસ્થાઓમાં સહકાર આપવો.

ખેડા જિલ્લાના આરોગ્ય વિભાગની કામગીરીને બિરદાવતા સાંસદએ જણાવ્યું હતું કે આજે ખેડા જિલ્લામાં બાળ મરણ અને માતા મરણના દરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને ૧૦૦% ડિલિવરી હોસ્પિટલમાં કરવામાં આવે છે.

આ તકે ધારાસભ્યપંકજભાઈ દેસાઈએ નડિયાદ હોસ્પિટલને આધુનિક બનાવવામાં મદદરૂપ થયેલ તમામ સ્થાનિક પ્રયાસોને બિરદાવ્યા હતા. તેમણે ઉમેર્યું કે પૂર્વ મુખ્યમંત્રી બાબુભાઈ પટેલે શરૂ કરાવેલ નડિયાદ સિવિલ હોસ્પિટલ આજે અનેકવિધ માળખાકીય સુવિધાઓથી સજ્જ બનીને નડિયાદ સહિત સમગ્ર ખેડા જિલ્લાના જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે આરોગ્ય લક્ષી સેવાઓ આપી રહી છે. આ અવસરે ધારાસભ્યએ જેનેરીક દવાનું મહત્વ સમજાવી આ દવાનો ઉપયોગ કરવા અપીલ કરી હતી.

પંકજભાઈએ ઉમેર્યું હતું કે અત્યારે ૧૪૦ બેડની નવી હોસ્પિટલ બિલ્ડીંગનું કામ ચાલુ છે. ત્યારે આગામી આયોજન મુજબ સિવિલ હોસ્પિટલ ખાતે ૩૫૦-૪૦૦ બેડ કાર્યરત કરવામાં આવશે. સાથે જ નડિયાદ ખાતે સરકારી મેડિકલ કોલેજ ઉપલબ્ધ કરાવવા આવેદનની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવેલ છે. અને ટૂંક સમયમાં તમામ ધારાસભ્યઓ અને સાંસદદ્વારા મેડિકલ કોલેજની મંજૂરી માટે સરકારને રજૂઆત કરવામાં આવશે.

આ તકે દેવુસિંહ ચૌહાણ અને પંકજભાઈ દેસાઈ દ્વારા જરૂરિયાતમંદ દીકરી ભાવનાબેન પરમારને ડાયાબિટીસ ઈન્સ્યુલિન પીન આપવામાં આવી હતી અને આરોગ્યલક્ષી તમામ કામમાં મદદરૂપ થવા ખાતરી આપવામાં આવી હતી.

ઉપસ્થિત બંને મહાનુભાવોએ મીડિયાને પણ આરોગ્યલક્ષી યોજનાકીય લાભોની માહિતી મહત્તમ લોકો સુધી પહોંચાડવા કરાવવા અપીલ કરી હતી.

મુખ્ય સિવિલ સર્જન ડો. કવિતાબેન શાહે નડિયાદ સિવિલ હોસ્પિટલની વિકાસગાથા અને વર્તમાન સમયમાં સિવિલ હોસ્પિટલ દ્વારા આપવામાં આવતી સેવા વિશે માહિતી આપી હતી. તથા આધુનિક મેડિકલ ઉપકરણો ઉપલબ્ધ કરાવવા માટે મદદરૂપ થનાર તમામ પદાધિકારીઓ, ઈરડા કંપની અને જિલ્લા વહીવટી તંત્રનો આભાર માન્યો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી . ડોક્ટર ધ્રુવે, ટીબી અધિકારી ડો. દિનેશ બારોટ, સહિત નડિયાદ અને ડાકોર સિવિલ હોસ્પિટલના તમામ ડોક્ટર્સ અને સ્ટાફ સહિત પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# કઠલાલ તાલુકાના ભાટેરા ક્લસ્ટર હેઠળ આવેલા ભાટેરા, પહાડ અને જમણી ગામોમાં પ્રાકૃતિક ખેતી જાગૃતિ અભિયાન યોજાયુ

**નડિયાદ, તા.14**

ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના ભાટેરા ક્લસ્ટર હેઠળ આવેલા ભાટેરા, પહાડ અને જમણી ગામોમાં પ્રાકૃતિક ખેતી જાગૃતિ અભિયાન અંતર્ગત વિશેષ ખેડૂત જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના લાભો વિશે માહિતગાર કરી રાસાયણિક મુક્ત ખેતી તરફ પ્રેરિત કરવાનો હતો. આ કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક ખેતી પદ્ધતિ દ્વારા જમીનની ઉર્વરાશક્તિ જાળવી રાખવા, ઉત્પાદન ખર્ચ ઘટાડવા તેમજ આરોગ્યપ્રદ પાક ઉત્પાદન અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કૃષિ નિષ્ણાતો દ્વારા સમજાવવામાં આવ્યું કે સતત રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના ઉપયોગથી જમીનની ગુણવત્તા ઘટે છે તેમજ માનવ આરોગ્ય અને પર્યાવરણ ઉપર પણ નકારાત્મક અસર થાય છે. ખેડૂતોને જીવામૃત,



ઘન જીવામૃત, બીજામૃત, આચ્છાદન અને વાફસા જેવી પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓ અંગે પ્રાયોગિક માહિતી આપવામાં આવી હતી. સાથે જ ગાય આધારિત ખેતી પદ્ધતિ, દેશી બીજોના સંવર્ધન અને જૈવિક પદ્ધતિઓ દ્વારા પાક સુરક્ષા વિશે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના જિલ્લા પ્રોજેકટ મેનેજર આરીફભાઈ શેખ જણાવે છે એમ," કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત ખેડૂતો સાથે સંવાદ યોજી તેમની સમસ્યાઓ, ખેતીમાં આવતી મુશ્કેલીઓ તથા પ્રાકૃતિક ખેતી અપનાવવા અંગેના પ્રશ્નોના નિરાકરણ માટે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવી ઓછી કિંમતમાં વધુ નફાકારક ખેતી તરફ આગળ વધવા પ્રેરણા આપવામાં આવી હતી.

આ ઉપરાંત સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા અમલમાં મુકાયેલી વિવિધ યોજનાઓ અને સહાય અંગે માહિતી આપવામાં આવી હતી. ખેડૂતોને પર્યાવરણ સંરક્ષણ, પાણી બચત અને જમીનના સ્વાસ્થ્ય જાળવવા માટે પ્રાકૃતિક ખેતીને એક અસરકારક વિકલ્પ તરીકે અપનાવવા અપીલ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતો, ગ્રામજનો, કૃષિ વિભાગના અધિકારીઓ તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી પ્રત્યે વિશેષ ઉત્સાહ અને જાગૃતિ જોવા મળી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌએ પ્રાકૃતિક ખેતી અપનાવી સ્વસ્થ સમાજ, સ્વચ્છ પર્યાવરણ અને સમૃદ્ધ ખેડૂત જીવન નિર્માણ માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# નાગરિકો ઇચ્છે તો se.census.gov.in વેબસાઇટના માધ્યમથી પોતાના કુટુંબની સ્વ-ગણતરી તા.૧૭ મે થી ૩૧ મે, ૨૦૨૬ દરમ્યાન કરી શકશે

## જનગણના ગણતરીદાર આપના ઘરની મુલાકાત લે ત્યારે તેમને SE ID પૂરો પાડવા જાહેર વિનંતી

**નડિયાદ, તા.14**

ભારતની જનગણના-૨૦૨૭ ના પ્રથમ તબકકામાં ઘરયાદી અને મકાનોની ગણતરીનું કાર્ય સમગ્ર ગુજરાત રાજયમાં આગામી તા. ૧ જૂન, ૨૦૨૬ થી તા.૩૦ જૂન, ૨૦૨૬ દરમ્યાન હાથ ઘરવામાં આવનાર છે. આ કામગીરી અંતર્ગત નાગરિકો ઇચ્છે તો, se.census.gov.in વેબસાઇટના માધ્યમથી પોતાના કુટુંબની સ્વ-ગણતરી તા.૧૭ મે થી ૩૧ મે, ૨૦૨૬ દરમ્યાન કરી શકશે.

આવી સ્વ-ગણતરીની તમામ માહિતી પૂરેપૂરી ભર્યા બાદ SE ID જનરેટ થશે અને આપને SMS/ઈમેઈલ ધ્વારા તે પ્રાપ્ત થશે. આ SE ID સાચવી રાખવા અને જયારે જનગણના ગણતરીદાર આપના ઘરની મુલાકાત લે ત્યારે, તેમને તે પૂરો પાડવા જાહેર વિનંતી છે.

આપનો આ નાનકડો પ્રયાસ રાષ્ટ્રીય જનગણનાની કામગીરી વધુ ઝડપી અને સરળ બનાવી શકે તેમ છે. જેથી પોતાના કુટુંબની સ્વ-ગણતરીની વિગતો આગોતરી ભરી, SE ID તૈયાર રાખી, આ રાષ્ટ્રીય કાર્યમાં પોતાનો ફાળો આપવા નડીઆદ મહાનગરપાલિકા તરફથી સૌ નગરજનોને જાહેર અનુરોધ કરવામાં આવે છે એમ સીટી સેન્સેસ ઓફિસર અને નાયબ મ્યુનિસિપલ કમિશનર નડીઆદ મહાનગરપાલિકાની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# મૂંડક ઉપનિષદમાં કહેવાયેલ પરા અને અપરા વિદ્યા શું છે? જગત ઉત્પત્તિનું કારણ શું છે?

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. બહુ સ્વાભાવિક પણે આપણને એમ થાય કે દુનિયા આટલી તેજીથી આગળ વધી રહી છે, અને ત્યારે આપણે આટલું પાછળ એટલે કે વેદ, પુરાણ, ઉપનિષદ, વગેરેનું સેવન કરવાનું, અથવા તો એમાં રહેલું જ્ઞાન પ્રાપ્ત કરવાનું કારણ શું છે? એ જાણવાની શું જરૂર છે? એવું એમાં શું કહ્યું છે? નિત્ય પ્રભાતે સૂર્યોદય પહેલાં જ આ ચિંતનની ધારા આપણને જગાડે છે! અને સદગુરુ કૃપાથી નિતનવા સંદર્ભોથી માત્ર એક વાતનો બોધ આપે છે, કે જાગો !હવે તો જાગો! આપણે સૌ જાણીએ છીએ કે, વિકાસ સાથે સાથે શાંતિ ઘટતી જાય છે, અને એટલે આપણાથી કંઈક તો આડું અવળું થયું જ છે! અને હણાઈ ગયેલી શાંતિ પાછી મેળવવાં કંઈક તો કરવું જ પડશે! સંસારીઓને સૌથી પ્રભાવિત કરતું જો કોઈ પરિબળ હોય તો એ માયા છે, અને આગળનાં મૂંડક ઉપનિષદમાં માથાનાં ખરતાં વાળ જેમ માયા ખરી જાય, અને દુ:ખ પણ થાય નહીં, એવાં બ્રહ્મ જ્ઞાનનો બોધ આપવામાં આવ્યો છે, તો ઈશ, કેન, માંડૂકય, અને ચોથું મૂંડક ઉપનિષદના પ્રથમ ખંડ વિશે આજે ચિંતનમાં વાત કરીશું.

મૂંડક ઉપનિષદનાં મુખ્ય ત્રણ ખંડ છે, અને એ ત્રણનાં પાછાં છ પેટા વિભાગ એમ, આ ઉપનિષદમાં કુલ ૬૪ શ્લોક આવેલ છે. મુંડક ઉપનિષદ એક ભારતીય ઉપનિષદ છે, જે જ્ઞાન અને વિજ્ઞાનની કડી રુપ માનવામાં આવે છે, તથા વેદાંત ફિલસૂફીનાં મહત્વપૂર્ણ ગ્રંથોમાંનો એક છે. તેનું ભાષ્ય આદિ શંકરાચાર્ય અને માધવાચાર્ય દ્વારા લખાયું છે, અને શંકર ભાષ્ય નામનાં આ ગ્રંથમાં વેદાંત ફિલસૂફીનાં મહત્વપૂર્ણ સિદ્ધાંતોની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. આ ગ્રંથ અદ્વૈત એટલે કે એક જ પરમાત્માનાં સત્યનું વેદાંત દ્વારા જે પ્રતિપાદન કરવામાં આવ્યું છે, એની પર ભાર મુકે છે. આ ઉપનિષદનો મુખ્ય ઉદ્દેશ્ય આત્મજ્ઞાન અને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાનો છે. મુંડકઉપનિષદ દેવનાગરી એટલે કે સંસ્કૃત ભાષામાં લખાયેલ એક પ્રાચીન વૈદિક લખાણ છે, જે અથર્વવેદમાં અંકિત છે, અને મૂંડક ઉપનિષદ સૌથી વધુ વ્યાપક રીતે અનુવાદિત થયું છે.આ ઉપનિષદને સૌનક ઋષિ અને અંગીરસ ઋષિ વચ્ચેનાં સંવાદ તરીકે રજૂ કરવામાં આવ્યું છે. તે એક કાવ્યાત્મક શ્લોક શૈલીનું ઉપનિષદ છે, જોકે, આ મંત્રોનો ઉપયોગ ધાર્મિક વિધિઓમાં થતો નથી, પરંતુ તેનો ઉપયોગ આધ્યાત્મિક જ્ઞાનનાં ધ્યેય અને ધ્યાન માટે થાય છે.

મૂંડક ઉપનિષદનાં પ્રથમ ખંડમાં કુલ ૯ મંત્રો છે, જે જ્ઞાન અને વિજ્ઞાનનો પાયો નાખે છે. આ ખંડમાં પરા એટલે કે આધ્યાત્મિક અને અપરા એટલે સાંસારિક સાધન સંપત્તિ મેળવવાનાં યજ્ઞ વિદ્યા વચ્ચેનો તફાવત સમજાવવામાં આવ્યો છે.

**તેમાં સૌથી મહત્વનાં અને પ્રસિદ્ધ શ્લોક નીચે મુજબ છે, જે શૌનક દ્વારા પુછવામાં આવેલા મુખ્ય પ્રશ્ન છે.

શૌનકો હ વૈ મહાશાલોડંગિરસં વિધિવદુપસન્નઃ પપ્રચ્છ।

કસ્મિન્નુ ભગવો વિજ્ઞાતે સર્વમિદં-વિઁજ્ઞાતં ભવતીતિ (૩)

જેનો અર્થ થાય છે, શૌનક કે જે એક મોટા ગૃહસ્થ છે, એમણે વિધિવત રીતે અંગિરસ ઋષિ પાસે જઈને પ્રશ્ન પૂછ્યો: 'હે ભગવન્!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

એવું કયું જ્ઞાન છે જેના દ્વારા આ બધું જ જાણી શકાય છે, અને એને જાણ્યા પછી બીજું કઈ જાણવાનું બાકી રહેતું નથી ?' ઉપનિષદનાં આ મૂળ પ્રશ્ન પર શૌનક દ્વારા સાચાં જ્ઞાનની શોધ વિશે પૃચ્છા થઈ છે.

** આ શ્લોક પરા અને અપરા વિદ્યાનો ભેદ દર્શાવે છે.

તસ્મૈ સ હોવાચ । દ્વે વિદ્યે વેદિતવ્યે ઈતિ હ સ્મ યદ્બ્રહ્મવિદો વદંતિ પરા ચૈવાપરા ચ ॥ 4॥

તત્રાપરા ઋગ્વેદો... અથ પરા યયા તદક્ષરમધિગમ્યતે (૫)

જેનો અર્થ થાય છે, અંગિરસ ઋષિએ કહ્યું: 'બ્રહ્મવિદો એટલે કે જ્ઞાનીઓ કહે છે કે, સાધક એ બે પ્રકારની વિદ્યા જાણવા જેવી છે, પરા સર્વોચ્ચ તત્વને અનુભવવા માટે છે, એટલે કે આધ્યાત્મિક યાત્રા સૂચવે છે, અને 'અપરા' વેદ મુજબ સાંસારિક સામાન્ય વ્યવહાર જ્ઞાનની વાતો. સીધાસાદા શબ્દોમાં કહીએ તો, જે શાસ્ત્રોક્ત જાણકારી છે, એને આપણે અપરા વિદ્યા કહીએ છીએ, જ્યારે જે જ્ઞાન થી બ્રહ્મ એવંમ પરમાત્માની અનુભૂતિ થાય છે એ પરા વિદ્યા છે. વેદ શાસ્ત્ર વગેરે અપરા વિદ્યા છે, જ્યારે જેનાં દ્વારા અવિનાશી પરમાત્માનું અંતિમ દર્શન રુપ'અક્ષર' ને પ્રાપ્ત કરી શકાય તે 'પરા વિદ્યા' છે. અક્ષર એટલે જેનો ક્યારેય નાશ થતો નથી અને જે શાશ્વત છે. અક્ષર એ ઈશ્વરનું શાશ્વત, દિવ્ય અને અપરિવર્તનીય સ્વરૂપ છે. અક્ષર એ ઈશ્વરનું નિરાકાર સ્વરૂપ છે, જે દેશ અને કાળની મર્યાદાથી મુક્ત છે. તે દિવ્યતાનું શુદ્ધ પ્રતીક છે.

** પ્રથમ ખંડનાં ૭ માં શ્લોકમાં જગતનું કારણ બતાવતા ઋષિ કહે છે,

યથોર્ણનાભિઃ સૃજતે ગૃહ્ણતે ચ... તથાડક્ષરાત્ સંભવતીહ વિશ્વમ્ (૭)

એનો અર્થ થાય કે જેમ કરોળિયો પોતે જ તાર ઉત્પન્ન કરે છે, અને પાછા ખેંચી લે છે, જેમ પૃથ્વી પર ઔષધિઓ ઉગે છે, જેમ મનુષ્યના શરીરમાં વાળ ઉગે છે, તેમ જ આ અવિનાશી પરમાત્મામાંથી આ સમગ્ર વિશ્વ ઉત્પન્ન થાય છે. આ શ્લોક બ્રહ્મ કે પરમાત્માની સૃષ્ટિનું ઉત્પત્તિ સ્થાન સમજાવે છે.

** પરમાત્માની સર્વજ્ઞતા એટલે કે વ્યાપકતાની પુષ્ટિ કરતો આ શ્લોક છે.

યઃ સર્વજ્ઞઃ સર્વવિદ્યસ્ય જ્ઞાનમયં તપઃ।

તસ્માદેતદ્બ્રહ્મ નામ રૂપમન્નં ચ જાયતે (૯)

એનો અર્થ થાય છે કે, જે સર્વજ્ઞ છે, અને જેનું તપ જ્ઞાનમય છે, તે પરમાત્મામાંથી બ્રહ્મા, નામ, રૂપ અને અન્ન ઉત્પન્ન થાય છે. આ ખંડનો અંતિમ મંત્ર છે, જે સમજાવે છે કે સૃષ્ટિની રચના કેવી રીતે થઈ.

મૂંડક ઉપનિષદ અથર્વ વેદમાં સ્થિત છે, અને બ્રહ્મા એ પોતાનાં સૌથી મોટાં પુત્ર અથર્વને સૌ પ્રથમ વાર બ્રહ્મ વિદ્યા આપી, અને આમ એ પરંપરા બની. તેમાં જ્ઞાન દ્વારા આધ્યાત્મિક માર્ગ પર પ્રકાશ ફેલાય છે, અને સાધકને જ્ઞાનની સીડીના ઉચ્ચતમ પગથિયાં 'બ્રહ્મવિદ બ્રહ્મૈવ ભવતિ' ના શિખર પર લઈ જાય છે. આ ઉપનિષદ સંન્યાસી માટેનું છે, કે જેમાં એ ખુદ પોતાના કેશ ઉતરાવે છે, એટલે પોતે જ માયાથી મુક્ત થવું પડે ત્યારે બ્રહ્મ સમજાય! અને આવું જ્ઞાન બ્રહ્મવિદ્યામાં પારંગત અને બ્રહ્મ અનુભવ ધરાવતાં ગુરુ પાસેથી પ્રેરણાત્મક દીક્ષા દ્વારા મેળવી શકાય છે, તે સત્ય આ ઉપનિષદમાં ખૂબ જ સ્પષ્ટ રીતે બહાર આવ્યું છે. દરેક ઉપનિષદ ની જેમ આ ઉપનિષદ પણ શાંતિ મંત્રથી શરું થાય છે! અને સાધકને શાંતિ મેળવવા શું કરવું જોઈએ! એના પાંચ કારણ બતાવે છે. જીવનમાં સારા વિચારો સાંભળવા મળે,સત્ય અને શુભતાનું દર્શન થાય, શરીર અને મન સ્વસ્થ રહે, અને જીવન ધર્મમય બને.આ માટે ઈન્દ્ર શક્તિ અને રક્ષણ આપે,પૂષા જ્ઞાન અને માર્ગદર્શન આપે,ગરુડ દુર્ભાગ્ય અને અવરોધોથી બચાવે,બૃહસ્પતિ બુદ્ધિ અને વિવેક આપો દરેક શાંતિ મંત્રમાં ત્રણ વખત "શાંતિ" બોલાય છે, અને એ રીતે આધિદૈવિક તાપ એટલે કે કુદરતી કે દૈવી અવરોધોથી મુક્તિ કે શાંતિ મળે

આધિભૌતિક તાપ, એટલે કે બહારની દુનિયાના કષ્ટોથી મુક્તિ કે શાંતિ મળે. આધ્યાત્મિક તાપ એટલે કે મન અને આત્માનાં દુ:ખો દૂર થાય.આ શાંતિ મંત્ર આપણને શીખવે છે કે, કોઈપણ જ્ઞાન પ્રાપ્ત કરવા પહેલાં મન, શરીર અને વાતાવરણમાં શાંતિ હોવી જોઈએ.

સત્ય સાંભળવા માત્રથી કંઈ થતું નથી, એને સમજવાની આંતરિક તૈયારી જરૂરી છે,

અને આધ્યાત્મિક માર્ગ માટે વિનમ્રતા, સૌનાં આરોગ્ય અને કલ્યાણની પ્રાર્થના નિત્ય કરવી જોઈએ.

# 'એક દિવસ બધું ખતમ થઈ જશે...' IPLમાં 9મી સદી ફટકાર્યાં બાદ વિરાટ કોહલી ઈમોશનલ થયો

**નવી દિલ્હી, તા.14**



આઈપીએલ 2026ની સિઝનમાં રવિવારે રમાયેલી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) અને કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) વચ્ચેની રોમાંચક મેચ ક્રિકેટ પ્રેમીઓ માટે યાદગાર બની ગઈ છે. આ મેચમાં કિંગ કોહલીએ પોતાની બેટિંગનો જાદુ ચલાવતા આઈપીએલ કરિયરની 9મી સદી ફટકારી હતી. કોહલીના અણનમ 105 રનની મદદથી આરસીબીએ કેકેઆરને 6 વિકેટે હરાવીને પોઈન્ટ ટેબલમાં ટોચનું સ્થાન હાંસલ કરી લીધું છે.

વિરાટ કોહલીએ આ સદી દરમિયાન અનેક ઐતિહાસિક સિદ્ધિઓ હાંસલ કરી છે. તે ટી20 ક્રિકેટમાં 14 હજાર રનનો આંકડો પાર કરનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો છે. તેણે દિગ્ગજ ક્રિસ ગેલનો રેકોર્ડ તોડીને સૌથી ઓછી ઈનિંગ્સમાં આ મુકામ હાંસલ કર્યો છે. કોહલી હવે આઈપીએલ ઈતિહાસમાં સૌથી વધુ મેચ રમનાર ખેલાડી પણ બની ગયો છે.

મેચમાં વિજય અપાવ્યા બાદ જ્યારે વિરાટ કોહલી આ રેકોર્ડ્સ વિશે વાત કરવા આવ્યો ત્યારે તે થોડો ભાવુક દેખાયો હતો. તેણે હૃદયસ્પર્શી વાત કરતા કહ્યું, મને આ સ્તર પર રમવું અને વિશ્વના સર્વશ્રેષ્ઠ ખેલાડીઓ સામે સ્પર્ધા કરવી એ મારા માટે ગર્વની વાત છે. મને બેટિંગ ખૂબ ગમે છે અને ક્રિકેટ સાથે મને સાચો પ્રેમ છે. પરંતુ હું જાણું છું કે એક દિવસ આ બધું ખતમ થઈ જશે, તેથી હું મેદાન પરની દરેક ક્ષણને માણવા માંગુ છું. કોહલીએ વધુમાં ઉમેર્યું કે, તે મેદાન પર હંમેશા પોતાનું હૃદય અને આત્મા લગાવી દે છે, કારણ કે તે દરેક ક્ષણનો પૂરો આનંદ લેવા માંગે છે. તેના માટે આંકડાઓ કરતા રમત પ્રત્યેનો પ્રેમ વધુ મહત્વનો છે.

પ્રથમ બેટિંગ કરતા કેકેઆરએ અંગક્રિશ રઘુવંશીના 71 રન અને રિંકુ સિંહના અણનમ 49 રનની મદદથી 192 રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. જવાબમાં આરસીબી તરફથી કોહલીએ 60 બોલમાં 11 ચોગ્ગા અને 3 છગ્ગા સાથે 105 રનની અણનમ ઈનિંગ રમી હતી. કોહલી અને દેવદત્ત પડિક્કલ (37 રન) વચ્ચેની 92 રનની ભાગીદારીએ જીતનો પાયો નાખ્યો હતો. આ શાનદાર જીત સાથે આરસીબી હવે 12 મેચમાં 16 પોઈન્ટ સાથે ટેબલમાં પ્રથમ ક્રમે છે, જ્યારે કેકેઆર 11 મેચમાં 9 પોઈન્ટ સાથે આઠમા સ્થાને છે.

# પાક. પ્રવાસમાંથી કમિન્સ, સ્ટાર્ક અને હેઝલવૂડને બાકાત રખાયા

## ઓસ્ટ્રેલિયન ટીમ ત્રણ ટોચના પેસર વિના પાકિસ્તાન અને બાંગ્લાદેશ સામે રમશે




**સિડની, તા.14**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ની વ્યસ્ત સિઝન બાદ ખેલાડીઓના વર્કલોડ મેનેજમેન્ટને ધ્યાનમાં રાખીને ઓસ્ટ્રેલિયાએ તેના પાકિસ્તાન અને બાંગ્લાદેશના આગામી લિમિટેડ ઓવરની સિરીઝ માટેના પ્રવાસ માટે તેના મુખ્ય ઝડપી બોલર પેટ કમિન્સ, મિચેલ સ્ટાર્ક અને જોશ હેઝલવૂડને આરામ આપવાનો નિર્ણય લીધો છે. આ દિગ્ગજ ત્રિપુટીની ગેરહાજરીમાં ઓસ્ટ્રેલિયાએ યુવાન પ્રતિભાઓ પર પસંદગી ઉતારી છે. નવોદિત ઓલરાઉન્ડર લિયા સ્કોટ અને ઓસ્ટ્રેલિયાની અંડર-19 વર્લ્ડ કપ ટીમના કેપ્ટન ઓલી પિકને પહેલી વાર સિનિયર નેશનલ ટીમમાં સ્થાન મળ્યું છે.

આ ઉપરાંત યુવા બેટર જોએલ ડેવિસને જૂનમાં બાંગ્લાદેશ સામેની ટી20 સિરીઝ માટે પસંદ કરવામાં આવ્યો છે. મિચેલ માર્શ બંને પ્રવાસમાં ટીમનું નેતૃત્વ કરશે. અનુભવી ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલની આ પ્રવાસમાંથી બાદબાકી કરવામાં આવી છે, જ્યારે ટ્રેવિસ હેડ અને ઝેવિયર બાર્ટલેટ જેવા ખેલાડી આઈપીએલ બાદ સીધા બાંગ્લાદેશમાં ટીમ સાથે જોડાશે. પસંદગી સમિતિના અધ્યક્ષ જ્યોર્જ બેઈલીએ જણાવ્યું હતું કે, "નવા ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તક મળતી જોવી હંમેશા રોમાંચક હોય છે. આગામી 18 મહિનાથી બે વર્ષ સુધી અમારું ધ્યાન વિવિધ પરિસ્થિતિઓમાં ખેલાડીઓના વિકાસ પર રહેશે, જે આગામી વન-ડે વર્લ્ડ કપની તૈયારીઓ માટે મહત્વપૂર્ણ છે."

# ટેસ્ટ ક્રમાંકમાં બુમરાહે મોખરાનો ક્રમ જાળવી રાખ્યો

## ઓપનર યશસ્વી જયસ્વાલ અને શુભમન ગિલ આઠ અને નવમા ક્રમે રહ્યા

**દુબઈ, તા.14**




ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે (આઈસીસી) બુધવારે જાહેર કરેલા તાજેતરના ટેસ્ટ રેન્કિંગમાં ભારતનો સ્ટાર ઝડપી બોલર જસપ્રિત બુમરાહે મોખરના ટેસ્ટ બોલર તરીકે પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. બુમરાહ હાલમાં 879 પોઈન્ટ સાથે બોલર્સની યાદીમાં મોખરે છે. બીજી તરફ બેટિંગ રેન્કિંગમાં ભારતીય ખેલાડીઓ યશસ્વી જયસ્વાલ અને શુભમન ગિલે ટોપ-10માં પોતાનું સ્થાન જાળવી રાખ્યું હતું.

બેટર્સની યાદીમાં ઈંગ્લેન્ડનો ભૂતપૂર્વ કેપ્ટન જો રૂટ 880 પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને છે. ભારત તરફથી યશસ્વી જયસ્વાલ 750 પોઈન્ટ સાથે આઠમા ક્રમે તથા ઓપનર અને કેપ્ટન શુભમન ગિલ એક સ્થાનના સુધારા સાથે 730 પોઈન્ટ મેળવી નવમા ક્રમે પહોંચી ગયો છે.

અન્ય આંતરરાષ્ટ્રીય બેટર્સમાં ઈંગ્લેન્ડનો હેરી બ્રુક બીજા ક્રમે, ઓસ્ટ્રેલિયન ઓપનર ટ્રેવિસ હેડ ત્રીજા ક્રમે અને તેના જ દેશનો સ્ટિવ સ્મિથ ચોથા ક્રમે છે.

બોલિંગમાં જસપ્રિત બુમરાહ બાદ અન્ય ભારતીયોમાં મોહમ્મદ સિરાઝ 12મા સ્થાને છે. સ્પિનર રવીન્દ્ર જાડેજા અને કુલદીપ યાદવ અનુક્રમે 14 અને 15મા ક્રમે છે. ઓસ્ટ્રેલિયાના મિચેલ સ્ટાર્ક અને કેપ્ટન પેટ કમિન્સે લાંબી છલાંગ લગાવીને અનુક્રમે બીજા અને ચોથા સ્થાને કબજો કર્યો છે. ન્યૂઝીલેન્ડના મેટ હેનરીએ પણ પ્રભાવશાળી દેખાવ સાથે ત્રીજું સ્થાન હાંસલ કર્યું છે.

ઉલ્લેખનીય છે કે ભારતીય ટીમે 2026માં હજી સુધી એક પણ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) મેચ રમી નથી. ભારત છેલ્લે નવેમ્બર 2025માં સાઉથ આફ્રિકા સામે ઘરઆંગણે ટેસ્ટ સિરીઝ રમ્યું હતું. આગામી સમયમાં રમાનારી મેચો ભારતીય ખેલાડીઓના રેન્કિંગ અને WTC પોઈન્ટ ટેબલમાં મહત્વની ભૂમિકા ભજવશે.

# કેચ ઓફ ધી સિઝન? મનીષ પાંડેએ ઝડપેલો કેચ જોઈ કિંગ કોહલી પણ ચોંકી ગયો

**નવી દિલ્હી, તા.14**

આઈપીએલ 2026 ની 57મી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ કોલકાતા નાઈટ રાઈડર્સને 6 વિકેટે હરાવીને ટેબલમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. જોકે, આ મેચમાં હાર છતાં કેકેઆરના વરિષ્ઠ ખેલાડી મનીષ પાંડેએ પોતાની ફિલ્ડિંગથી સૌના દિલ જીતી લીધા હતા.

આ ઘટના આરસીબીની ઈનિંગના 18મા ઓવરમાં બની હતી. બોલર કાર્તિક ત્યાગીના પાંચમા બોલ પર ટિમ ડેવિડે પોઈન્ટની દિશામાં ખૂબ જ જોરદાર 'કટ શૉટ' રમ્યો હતો. બોલ એટલી ઝડપથી જઈ રહ્યો હતો કે તે બાઉન્ડ્રી બહાર જશે તેવું લાગતું હતું, પરંતુ મનીષ પાંડેએ પોતાની ડાબી બાજુ ડાઈવ લગાવીને હવામાં ઉડતા એક હાથે શાનદાર કેચ ઝડપી લીધો હતો. નૉન-સ્ટ્રાઈકર એન્ડ પર ઉભેલા વિરાટ કોહલી પણ આ કેચ જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા. બેટ્સમેન ટિમ ડેવિડ પોતે પણ આ વાત પર વિશ્વાસ કરી શક્યા ન હતા. સોશિયલ મીડિયા પર આ કેચનો વીડિયો વાયરલ થયો છે અને ચાહકો તેને આ સીઝનનો સર્વશ્રેષ્ઠ કેચ ગણાવી રહ્યા છે.

વિરાટનું શતક: વિરાટ કોહલીએ 60 બોલમાં 11 ચોગ્ગા અને 3 છગ્ગાની મદદથી અણનમ 105 રન બનાવ્યા, જે તેની આઈપીએલની 9મી સદી છે.

કેકેઆરનો સ્કોર: કેકેઆર તરફથી અંગકૃષ રઘુવંશીએ 71 રન અને રિંકુ સિંહે અણનમ 49 રન બનાવીને 192/4 નો સ્કોર ઉભો કર્યો હતો.

આરસીબીની જીત: આરસીબીએ 194/4 રન બનાવીને 12 મેચમાં 16 પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં નંબર-1 નું સ્થાન મેળવ્યું છે.



# કાન્સમાં ઉર્વશીનાં કામણ: ચમકદાર-શાનદાર પુનરાગમન



**મુંબઈ, તા.14**

બોલીવુડ અભિનેત્રી ઉર્વશી રૌતેલા ફરી એકવાર આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાની ફેશન પસંદગીઓથી ચર્ચામાં આવી છે. ૭૯મા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના ઉદઘાટન સમારોહમાં ઉર્વશીએ શાનદાર વાપસી કરી, જેનાથી આ વર્ષે હાજરી નહીં આપવાની બધી અટકળોનો અંત આવ્યો. ઉદઘાટન સમારોહમાં ઉર્વશી બોલ્ડ શીયર સિલ્વર ગાઉનમાં પહોંચતાં વેંત સૌથી ચર્ચિત હસ્તીઓમાંની એક બની ગઈ. તે પાંચમી વખત ભારતનું પ્રતિનિધિત્વ કરીને રહી છે. ઉર્વશીએ જોલીપોલી કોચરનું અદભુત, કસ્ટમ-મેઈડ પોશાક પસંદ કર્યું હતું. આ પોશાકમાં લવંડર મેશ ડિટેલિંગ અને બોડીસ પર જટિલ ચાંદીના શણગાર સાથે શરીરને ગળે લગાવતી શીયર ડિઝાઈન હતી. ગાઉન સ્ફટિકો, મોતી અને કોતરેલા પથ્થરોથી શણગારવામાં આવ્યો હતો, જેનાથી તે રેડ કાર્પેટ પર ફ્લેશલાઈટ હેઠળ બખ્તર જેવી અસર આપતો હતો. વહેતી કેપ સ્લીવ્ઝે આ પોશાકમાં વધુ ભવ્યતા ઉમેરી. તેણીએ માંગ ટિક્કાથી પ્રેરિત હેડપીસ સાથે દેખાવ પૂર્ણ કર્યો જેમાં પક્ષી ડિઝાઈન અને ચમકતા ટેસેલ્સ હતા; તેણે મેચિંગ મોટા કાનની બુટ્ટીઓ પણ પહેરી હતી.

ભારતનું પ્રતિનિધિત્વ કરવા અંગે રેડ કાર્પેટ પરથી પોતાની લાગણીઓ વ્યક્ત કરતાં ઉર્વશીએ કહ્યું હતું કે "જ્યારે પણ હું મારા દેશનું પ્રતિનિધિત્વ કરું છું, ત્યારે હું ઉર્વશી રહેતી નથી, હું ભારત બની જાઉં છું." કાન્સમાં પ્રતિનિધિત્વ કરવાની બાબતને એક લહાવો ગણાવતાં તેણે વધુમાં એવું પણ કહ્યું કે આ સમારોહ માટે વિયેતનામી ડિઝાઈનર લેબલ જોલીપોલી કોચરનો પોશાક પહેરવાનો ગર્વ છે. અને કાન્સ ૨૦૨૬માં દેશનું 2022 માં કાન્સમાં પહેલીવાર આવ્યા બાદ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ઉર્વશીની આ સતત પાંચમી હાજરી છે. ઈવેન્ટ દરમિયાન બ્રુટ સાથે વાત કરતાં તેણે કહ્યું કે તેણી વર્ષ-દર-વર્ષ ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે "ખૂબ જ ગર્વ" અનુભવે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં, રૌતેલાએ કાન્સમાં તેના ભવ્ય અને મહત્તમ ફેશન પળો માટે નામના મેળવી છે. 2023 માં મગરના આકારનો હાર પહેરવાથી લઈને ગયા વર્ષે પોપટના આકારનો ક્લચ પહેરવા સુધી, અભિનેત્રીએ ફ્રેન્ચ રિવેરા પર આયોજિત કાર્યક્રમમાં સતત અત્યંત ગ્લેમરસ સ્ટાઈલ પસંદ કરી છે. અગાઉના હમણાં સુધી એવા સંકેતો મળતા હતા કે ઉર્વશી આ વર્ષે કાન્સમાંથી વિરામ લઈ શકે છે, પરંતુ એ દમામભેર પરત ફરી અને ફરી એકવાર તેની બોલ્ડ અને હેડલાઈન-ગ્રેબિંગ શૈલીમાં રેડ કાર્પેટ પર ચમકી છે.

# આલિયા ભટ્ટથી ડેમી મૂર સુધી, પ્રથમ દિવસે રેડ કાર્પેટ પર ગ્લેમર છવાયું



**મુંબઈ, તા.14**

હેઈદી ક્લુમ : હેઈદી ક્લુમ બેજ સ્ટ્રેપલેસ ગાઉનમાં જોવા મળી હતી. આ ગાઉન પર ફ્લોરલ એમ્બિલિશમેન્ટ્સે બધાનું ધ્યાન ખેંચ્યું. હેઈદીએ તેના આઉટફિટ સાથે સંપૂર્ણ રીતે મેળ ખાતો સૂક્ષ્મ મેકઅપ કર્યો હતો.

ફિલિપાઈન લેરોય-બ્યુલીયુ : ફિલિપાઈન લેરોય-બ્યુલીયુ કાન્સ રેડ કાર્પેટ પર જાંબલી ગાઉનમાં નજરે પડી હતી. આ ગાઉનની ખાસિયત તેના ફ્રીલ્સ હતા. તેને ડાયમંડ નેકલેસ અને મેચિંગ ઈયરિંગ્સ સાથે જોડી હતી. તેનો મેકઅપ પણ ખૂબ જ ચમકતો હતો.

જેન ફોન્ડા : હોલીવુડ અભિનેત્રી જેન ફોન્ડા ફુલ-સ્લીવ બ્લેક સિક્વિન ગાઉનમાં જોવા મળી હતી. તેણે ગાઉનને સ્ટેટમેન્ટ જ્વેલરી સાથે જોડી દીધો હતો, જેનાથી તેનો લૂક વધુ આકર્ષક બન્યો હતો.

રુથ નેગ્ગા : રુથ નેગ્ગાએ કાળા લેસ ડિટેલિંગ સાથે લીલો પ્લંગિંગ નેકલાઈન ગાઉન પહેરીને નવો નિખાર કર્યો હતો. ગાઉનને ડેન્ટી નેકલેસ સાથે જોડી દઈ સમગ્ર લૂકને પૂરક બનાવ્યો હતો.

ડેમી મૂર : હોલીવુડવા વીતેલા યુગની દિગ્ગજ અભિનેત્રી ડેમી મૂરે પણ પોતાના જાજરમાન લૂકથી સૌનું ધ્યાન ખેંચ્યું. ચમકતા સ્ટ્રેપલેસ ગાઉનમાં, ડેમી ખૂબ જ સુંદર દેખાતી હતી. તેણે ગાઉનને ડાયમંડ નેકલેસ સાથે જોડી દીધો, જે એકદમ અદભુત લાગતો હતો.

# કજોડું : થ્રિલર, રોમાન્સ અને સસ્પેન્સનો શાનદાર સમન્વય

**મુંબઈ, તા.14**




વિવિધ પ્રકારની નવી અને રસપ્રદ કહાનીઓ તેમજ આજના દર્શકોની પસંદ અને વિચારસરણી સાથે જોડાયેલી હોય એવી એવી ઓરિજિનલ વેબ સિરીઝ શેમારૂમી દ્વારા રજૂ કરાઈ રહી છે. 'કજોડું'માં એવા પાત્રો છે, જેમની સાથે દર્શકો પોતાને જોડાયેલા અનુભવે છે. સાથે જ તેમાં અનેક અણધાર્યા વળાંકો અને એવો ક્લાઈમેક્સ છે, જે અંત સુધી સસ્પેન્સ જાળવી રાખશે. આ સિરીઝ થ્રિલર, રોમાન્સ અને સસ્પેન્સનો શાનદાર સમન્વય છે, જેનું પ્રીમિયર 14 મે 2026ના રોજ થશે.

સિરીઝમાં ભાવેશનું પાત્ર ભજવી રહેલા મિત્ર ગઢવી કહે છે, "આપણે સૌ પોતાના મનમાં એક આદર્શ જીવનસાથીની કલ્પના બનાવી રાખીએ છીએ. દરેક વ્યક્તિ ઈચ્છે છે કે તેને એવો સાથી મળે, જે કંઈ કહ્યા વગર તેની લાગણીઓને સમજી શકે. 'કજોડું' પણ આવી જ વિચારસરણી પર આધારિત છે, પરંતુ તેમાં એક ખૂબ જ રસપ્રદ ટ્વિસ્ટ છે.

કહાનીમાં સોનલનું પાત્ર ભજવી રહેલી ઈશા કંસારા કહે છે, "આ એક એવા બેમેલ પતિ-પત્નીની સાચી અને માનવીય કહાની છે, જેને દર્શકો સરળતાથી પોતાના જીવન સાથે જોડાઈ શકશે. જે દર્શકો સાંસ્કૃતિક રંગો સાથે એક ઉત્તમ થ્રિલરનો આનંદ માણવા માંગે છે."

# 79મો કાન્સ ફેસ્ટિવલ: માત્ર બોલીવુડ નહીં, ગ્લોબલ ઈન્ડિયાની જમાવટ

## ભારત માત્ર બોલીવુડ પૂરતું મર્યાદિત ન રહેતા પંજાબી, મરાઠી, ગુજરાતી અને મલયાલમ સિનેમા પણ વિશ્વની નજરે નિખર્યાં

**મુંબઈ, તા.14**



79મા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ (Cannes 2026)માં ભારતીય સિનેમાનો દબદબો માત્ર ગ્લેમર પૂરતો મર્યાદિત રહ્યો નથી, પરંતુ કલાત્મક ફિલ્મો અને પ્રાદેશિક સિનેમાએ પણ આંતરરાષ્ટ્રીય સ્તરે ગૌરવ અપાવ્યું છે. આ વર્ષે 'રેડ કાર્પેટ' થી લઈને 'કાન્સ માર્કેટ' સુધી ભારતની હાજરી નોંધપાત્ર રહી છે. ૭૯મા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ (૨૦૨૬) એ સાબિત કરી દીધું છે કે ભારતીય સિનેમાની ઓળખ હવે માત્ર 'હિન્દી ફિલ્મો' પૂરતી સીમિત નથી, પરંતુ તે ભારતના વિવિધ રાજ્યોની ભાષા અને સંસ્કૃતિનો એક સંગમ બની ગઈ છે.

મરાઠી: અશોક સરાફ જેવા દિગ્ગજ કલાકારોનું ત્યાં હોવું એ પ્રાદેશિક પ્રતિભાનું સન્માન છે. મરાઠી સિનેમાએ હંમેશા તેની વાસ્તવિક અને કન્ટેન્ટ-આધારિત ફિલ્મો માટે માન મેળવ્યું છે, જે આ વખતે કાન્સના 'માર્ચે દુ ફિલ્મ' વિભાગમાં દેખાયું. પંજાબી: એમી વિર્કની ફિલ્મ 'ચડ્ડીકલા' ના પ્રમોશન સાથે પંજાબી સિનેમાએ પણ પોતાની વ્યાપારી અને સાંસ્કૃતિક તાકાત બતાવી છે. મલયાલમ ફિલ્મો વર્ષોથી તેની ગહન વાર્તાઓ માટે જાણીતી છે. આ વર્ષે કાન્સ ક્લાસિક્સમાં 'અમ્મા અરીયાન' જેવી ફિલ્મોનું રિસ્ટોરેશન દર્શાવવું એ દક્ષિણ ભારતીય સિનેમાના બૌદ્ધિક સ્તરની સ્વીકૃતિ છે. પહેલા કાન્સ એટલે માત્ર ઐશ્વર્યા રાય કે દીપિકા પાદુકોણના ડ્રેસની ચર્ચા થતી, પણ હવે ચર્ચા 'ફિલ્મ બજાર' (Film Market) અને 'કો-પ્રોડક્શન' ની થઈ રહી છે. ટેકનોલોજી અને હેરિટેજ: ભારત સરકારે કાન્સમાં 'ભારત પેવેલિયન' દ્વારા જે રીતે પ્રાદેશિક ફિલ્મોને પ્રોત્સાહન આપ્યું છે, તેનાથી વિશ્વભરના નિર્માતાઓ હવે પ્રાદેશિક વાર્તાઓમાં રોકાણ કરવા પ્રેરાયા છે. આ વખતે કાન્સમાં ભારત એક 'બ્રાન્ડ' તરીકે ઉભર્યું છે, જેમાં ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સુધીની વિવિધતા જોવા મળી. આ 'વૈશ્વિક ભારત' ખરેખર ભારતની સોફ્ટ પાવરને દુનિયા સામે મજબૂત રીતે રજૂ કરી રહ્યું છે. ગૂનીત મોંગા કપૂર: ઓસ્કાર વિજેતા ગૂનીત મોંગાએ 'વુમન ઈન ફિલ્મ ઈન્ડિયા' (WIFI) દ્વારા ભારતીય મહિલા પ્રોડ્યુસર્સને કાન્સના પ્રોડ્યુસર્સ નેટવર્કમાં મોકલવાની પહેલ કરી, જેણે ભારતીય મહિલા ફિલ્મ નિર્માતાઓને નવું પ્લેટફોર્મ પૂરું પાડ્યું. ડિજિટલ ક્રિએટર્સ: આ વર્ષે મોટી સંખ્યામાં ભારતીય ઈન્ફ્લુએન્સર્સ (જેમ કે ઈશિતા મંગલ, રિદા થારાના અને સુફી મોતીવાલા) એ પણ કાન્સના રેડ કાર્પેટ પર સ્થાન મેળવીને બદલાતા યુગની ઓળખ આપી.

# સેન્સેક્સ 790 પોઈન્ટ વધીને 75,399 પર બંધ થયો: નિફ્ટીમાં 277 પોઈન્ટનો ઉછાળો રહ્યો, બેન્કિંગ અને ફાર્મા શેરોમાં વધુ ખરીદી જોવા મળી

મુંબઈ, તા.14

ભારતીય શેરબજારના ઈતિહાસમાં આજનો દિવસ એટલે કે ૧૪ મે, ૨૦૨૬, રોકાણકારો માટે અત્યંત ઉત્સાહવર્ધક અને નફાકારક સાબિત થયો છે, કારણ કે બજારના બંને મુખ્ય સૂચકાંકોએ આજે જોરદાર તેજી સાથે નવો ઈતિહાસ રચવાની દિશામાં પ્રયાણ કર્યું છે. સવારથી જ બજારમાં ખરીદીનો જે માહોલ જોવા મળ્યો હતો તે દિવસના અંત સુધી અકબંધ રહ્યો, જેના પરિણામે બોમ્બે સ્ટોક એક્સચેન્જનો મુખ્ય સૂચકાંક સેન્સેક્સ ૭૯૦ પોઈન્ટના તોતિંગ ઉછાળા સાથે ૧.૦૬ ટકાની મજબૂતી દર્શાવીને ૭૫,૩૯૯ ના સ્તર પર બંધ રહ્યો હતો. આ ઉછાળો એટલો વ્યાપક હતો કે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ પાછળ રહ્યો નહોતો અને તેમાં પણ ૨૭૭ પોઈન્ટ એટલે કે આશરે ૧.૧૮ ટકાનો મોટો સુધારો જોવા મળ્યો હતો, જે તેને ૨૩,૬૯૦ ની સપાટી પર લઈ જવામાં સફળ રહ્યો હતો. આજના કારોબારમાં સૌથી વિશેષ બાબત એ રહી કે




મેટલ, બેન્કિંગ, હેલ્થ કેર અને ફાર્માસ્યુટિકલ જેવા મહત્વના ક્ષેત્રોમાં રોકાણકારોએ પડાપડી કરી હતી, જે બજારને ઉપર લઈ જવામાં મુખ્ય ચાલકબળ સાબિત થયા હતા, જોકે આ તેજીની વચ્ચે પણ આઈટી સેક્ટરના શેરોમાં રોકાણકારોએ પ્રોફિટ બુકિંગ કરવાનું પસંદ કરતા ત્યાં થોડી વેચવાલીનું દબાણ અનુભવાયું હતું.

બજારના નિષ્ણાતો અને વિશ્લેષકો આ આકસ્મિક અને મજબૂત તેજી પાછળના કારણો તપાસતા જણાવે છે કે વૈશ્વિક રાજનીતિમાં આજે એક અત્યંત મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે, જેની સીધી અને હકારાત્મક અસર વૈશ્વિક અર્થતંત્ર પર પડવાની અપેક્ષા છે. ચીનના પાટનગર બેઈજિંગમાં આજે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે એક ઉચ્ચ સ્તરીય બે દિવસીય બેઠકનો પ્રારંભ થયો છે, અને આ મુલાકાત એટલા માટે ખાસ છે કારણ કે તેનાથી બંને મહાસત્તાઓ વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા ભૌગોલિક અને વ્યાપારિક રાજકીય તણાવમાં ઘટાડો થવાની પ્રબળ શક્યતાઓ દેખાઈ રહી છે. વિશ્વભરના બજારો આ મુલાકાત પર ચાંપતી નજર રાખી રહ્યા છે અને ભારતીય બજારે આ ઘટનાને વધાવી લીધી હોય તેવું આજના આંકડાઓ પરથી સ્પષ્ટપણે જણાય છે. એશિયાના અન્ય બજારોની સ્થિતિ પર નજર કરીએ તો ત્યાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ ૧.૭૫ ટકાના વધારા સાથે ૭૯૮૧ પર બંધ થયો હતો, જ્યારે જાપાનનો નિકેઈ ઈન્ડેક્સ ૦.૯૮ ટકાના ઘટાડા સાથે ૬૨૬૫૪ પર અને હોંગકોંગનો હેંગસેંગ નજીવા ઘટાડા સાથે ૨૬૩૬૮ પર સ્થિર થયો હતો.

વૈશ્વિક સ્તરે અમેરિકી બજારમાં પણ ગઈકાલે મિશ્ર માહોલ રહ્યો હતો, જ્યાં ડાઉ જોન્સમાં ૦.૧૪ ટકાની નરમાશ જોવા મળી હતી પરંતુ ટેકનોલોજી આધારિત નાસ્ડેક ઈન્ડેક્સ ૧.૨૦ ટકા અને એસએન્ડપી ૫૦૦ ઈન્ડેક્સ ૦.૫૮ ટકા વધીને બંધ થયા હતા, જેણે ભારતીય બજાર માટે સવારથી જ પોઝિટિવ સંકેતો આપ્યા હતા. રોકાણકારોના વલણ વિશે વાત કરીએ તો, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) હજુ પણ સાવચેતીનું વલણ અપનાવી રહ્યા હોય તેમ લાગે છે કારણ કે ગઈકાલે પણ તેઓએ ભારતીય શેરબજારમાંથી ૪,૭૦૩ કરોડ રૂપિયાની કિંમતના શેરની ચોખ્ખી વેચવાલી કરી હતી. જોકે, આ ઘટાડાને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ (DII) ખૂબ જ અસરકારક રીતે સંભાળી લીધો હતો અને ૫,૮૬૯ કરોડ રૂપિયાની ભારે ખરીદી કરીને બજારમાં લિક્વિડિટી જાળવી રાખી હતી. જો છેલ્લા ૩૦ દિવસના એકંદર આંકડાઓ જોઈએ તો વિદેશી રોકાણકારોએ કુલ ૫૫,૩૫૨ કરોડ રૂપિયા પાછા ખેંચ્યા છે, પરંતુ તેની સામે ભારતીય સ્થાનિક રોકાણકારોએ ૫૩,૮૪૧ કરોડ રૂપિયાનું જંગી રોકાણ કરીને બજારને નીચે પડતું અટકાવ્યું છે. ગઈકાલના ટ્રેડિંગમાં પણ સેન્સેક્સ ૫૦ પોઈન્ટ અને નિફ્ટી ૩૩ પોઈન્ટના સામાન્ય વધારા સાથે બંધ થયા હતા, જે બજારમાં આવનારી આ મોટી તેજીનો પૂર્વસંકેત હોઈ શકે છે અને આજના આંકડાઓએ રોકાણકારોની સંપત્તિમાં મોટો વધારો કરીને અર્થતંત્રમાં નવી આશાનો સંચાર કર્યો છે.

## આકાશ અંબાણી જિયો પ્લેટફોર્મ્સના મેનેજિંગ ડિરેક્ટર બન્યા: 5 વર્ષ માટે મળી નવી જવાબદારી, મે-જૂન સુધીમાં કંપનીનો IPO આવી શકે છે

નવી દિલ્હી, તા.14

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ડિજિટલ આર્મ 'જિયો પ્લેટફોર્મ્સ' એ આકાશ અંબાણીને કંપનીના મેનેજિંગ ડિરેક્ટર (MD) તરીકે નિયુક્ત કર્યા છે. આ નિમણૂક કંપનીના ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (IPO) પહેલાં જ કરવામાં આવી છે. રેગ્યુલેટરી ફાઈલિંગ મુજબ, આકાશ અંબાણીનો કાર્યકાળ 9 એપ્રિલ 2026થી અમલમાં આવ્યો છે અને તેઓ આગામી 5 વર્ષ સુધી આ પદ પર રહેશે.

બજાર નિષ્ણાતો અને રેગ્યુલેટરી ફાઈલિંગના સંકેતો અનુસાર, જિયો પ્લેટફોર્મ્સ મેના અંતમાં અથવા જૂન મહિનામાં તેના IPO માટે ડ્રાફ્ટ પેપર્સ (DRHP) ફાઈલ કરી શકે છે. આકાશ અંબાણીને MD બનાવવાનો નિર્ણય આ લિસ્ટિંગની તૈયારી સાથે જોડીને જોવામાં આવી રહ્યો છે. કંપની તેની લીડરશિપ ટીમને મજબૂત કરીને રોકાણકારોને સ્પષ્ટ વિઝન આપવા માંગે છે.

આકાશ અંબાણી ઓક્ટોબર 2014 થી રિલાયન્સ જિયો ઈન્ફોકોમ (RJIL)ના બોર્ડનો ભાગ છે. તેઓ ગ્રુપની ડિજિટલ અને ટેલિકોમ સ્ટ્રેટેજીને નજીકથી જોતા રહ્યા છે. જૂન 2022 માં તેમને રિલાયન્સ જિયો ઈન્ફોકોમના ચેરમેન બનાવવામાં આવ્યા હતા. હવે જિયો પ્લેટફોર્મ્સના એમડી તરીકે તેમની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ બની



જશે, કારણ કે આ કંપની રિલાયન્સના સમગ્ર ડિજિટલ ઈકોસિસ્ટમને નિયંત્રિત કરે છે.

કંપનીની ફાઈનાન્સિયલ્સ ઘણી મજબૂત છે. નાણાકીય વર્ષ 2025-26 માં જિયો પ્લેટફોર્મ્સે કુલ 1.46 લાખ કરોડ રૂપિયાની રેવન્યુ હાંસલ કરી છે. આ સમયગાળા દરમિયાન કંપનીનો નેટ પ્રોફિટ 30,000 કરોડ રૂપિયાથી વધુ રહ્યો.

જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડ (JPL) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની સહાયક કંપની છે. તેમાં રિલાયન્સ જિયો ઈન્ફોકોમ (ટેલિકોમ), માય જિયો, જિયો સિનેમા, જિયો સાવન અને અન્ય ડિજિટલ એપ્સનો સમાવેશ થાય છે.

## એર ઇન્ડિયાએ 6 ઇન્ટરનેશનલ રૂટ્સ પર ફ્લાઇટ્સ રદ કરી: 23 રૂટ્સ પર ઘટાડી, જૂનથી ઓગસ્ટનું શેડ્યૂલ જાહેર, ફ્યુઅલ મોંઘું થવાને કારણે નિર્ણય

નવી દિલ્હી, તા.14

એર ઈન્ડિયાએ તેની આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સમાં ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. એરલાઈને બુધવારે જણાવ્યું હતું કે જૂનથી ઓગસ્ટ સુધી 6 આંતરરાષ્ટ્રીય રૂટ રદ કરવામાં આવ્યા છે.

તેમાં દિલ્હી-શિકાગો અને મુંબઈ-ન્યૂયોર્ક જેવા વ્યસ્ત રૂટનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, 23 આંતરરાષ્ટ્રીય રૂટ પર ફ્લાઈટ્સની સંખ્યા ઘટાડવામાં આવી છે.

ટાટા ગ્રુપની એરલાઈન કંપનીએ જણાવ્યું હતું કે કેટલાક દેશો પરથી ઉડ્ડયન પરના પ્રતિબંધો અને જેટ ફ્યુઅલના વધતા ભાવને કારણે આ રૂટ પર વિમાન ઉડાવવું નુકસાનકારક સોદો સાબિત થઈ રહ્યું છે.

ઈરાન-અમેરિકા યુદ્ધના કારણે ઘણા દેશોએ પોતાનું એરસ્પેસ પ્રતિબંધિત કરી દીધું છે, જેના કારણે ફ્લાઈટ્સને લાંબો ચક્કર લગાવીને જવું પડી રહ્યું છે. તેનાથી ઈંધણનો વપરાશ વધી ગયો છે. તે જ સમયે, ગ્લોબલ માર્કેટમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં ઉછાળાને કારણે વિમાન ઈંધણ (ATF)ના ભાવ રેકોર્ડ સ્તરે પહોંચી ગયા છે. ખોટમાં ચાલી રહેલી એર ઈન્ડિયા માટે આ મોંઘા રૂટને ચાલુ રાખવું મુશ્કેલ બની રહ્યું હતું.

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલના ભાવ 28 ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં 45.5% વધ્યા છે.




જોકે, સરકારે ઘરેલુ ફ્લાઈટ્સ માટે ATFના ભાવવધારાને 25% પર મર્યાદિત કર્યો હતો. તેને કારણે એપ્રિલમાં ઓઈલ કંપનીઓએ (OMCs) ઘરેલુ ATFના ભાવમાં માત્ર 9.2%નો જ વધારો કર્યો, પરંતુ ઈન્ટરનેશનલ ઓપરેશન્સ માટે આ વધારો ઘણો વધારે રહ્યો.

FIA ના મતે, આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ક્ષેત્રમાં ઈંધણના ભાવમાં ભારે તફાવતને કારણે એરલાઈન્સનું નેટવર્ક નાણાકીય રીતે અસ્થિર બની ગયું છે. અગાઉ એરલાઈન્સના કુલ ઓપરેશનલ ખર્ચમાં ઈંધણનો હિસ્સો 40% હતો, જે વધીને 60% સુધી પહોંચી ગયો છે.

એર ઈન્ડિયાએ જણાવ્યું કે ભારે કાપ છતાં, તે દર મહિને 1,200 થી વધુ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ ઓપરેટ કરતી રહેશે. તેમાં આ રૂટ સામેલ છે:

જણાવી દઈએ કે એર ઈન્ડિયાએ 31 માર્ચના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષમાં 220 અબજ રૂપિયાનું રેકોર્ડ નુકસાન નોંધાવ્યું છે. CEO કેમ્પબેલ વિલ્સનના રાજીનામા બાદ કંપની નવા નેતૃત્વની શોધમાં છે. આ કાપ એ જ કોસ્ટ-કટિંગ (ખર્ચ ઘટાડવાની) યોજનાનો એક ભાગ છે, જેના હેઠળ તાજેતરમાં મોટા અધિકારીઓના પગારમાં ઘટાડો અને નોન-ટેકનિકલ સ્ટાફને રજા પર મોકલવાની ચર્ચા થઈ હતી.

મિડલ ઈસ્ટ યુદ્ધ: ઈરાન-ઈઝરાયલ તણાવને કારણે એર ઈન્ડિયાને હવે પશ્ચિમના દેશો (યુરોપ/અમેરિકા) માટે લાંબો રૂટ લેવો પડે છે. તેનાથી ઉડાનનો સમય 1.5 થી 2 કલાક વધી ગયો છે, જેના કારણે કરોડોનું ઈંધણ વધુ બળી રહ્યું છે.

રોકાણ: ટાટા ગ્રુપ એરલાઈનને સુધારવા માટે નવા વિમાનોનો ઓર્ડર આપી રહ્યું છે અને જૂના વિમાનોના કેબિનને સંપૂર્ણપણે બદલી રહ્યું છે. આ મોટા રોકાણની અસર હાલમાં બેલેન્સ શીટ પર ખોટના રૂપમાં દેખાઈ રહી છે.

ઓપરેશનલ કોસ્ટ: એર ઈન્ડિયા પાસે ઘણા જૂના બોઈંગ વિમાનો છે જેના સ્પેરપાર્ટ્સ અને મેન્ટેનન્સ પર ઘણો ખર્ચ થાય છે. સાથે જ, સિંગાપોર એરલાઈન્સ સાથે મર્જરની કાનૂની પ્રક્રિયાઓમાં પણ ઘણું ભંડોળ ખર્ચાઈ રહ્યું છે.

## સોનું ₹382 વધીને ₹1.61 લાખ પર પહોંચ્યું: ચાંદી 370 સસ્તી થઈ, આ વર્ષે 57,000 રૂપિયા મોંઘી થઈ

નવી દિલ્હી, તા.14

ભારતીય અર્થતંત્ર અને કિંમતી ધાતુઓના બજારમાં ૧૪ મે, ૨૦૨૬ના રોજ એક અત્યંત નોંધપાત્ર અને ઐતિહાસિક દિવસ સાબિત થયો છે, જેમાં સોના અને ચાંદીના ભાવમાં જે પ્રકારે ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે તેણે રોકાણકારો અને સામાન્ય જનતા બંનેને વિચારતા કરી દીધા છે. આજના ટ્રેડિંગ સત્રની વિગતો મુજબ, ૨૪ કેરેટ શુદ્ધ સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામ ૩૮૨ રૂપિયાનો ધરખમ વધારો ઝીંકાયો છે, જેના પરિણામે સોનાની કિંમત હવે ૧.૬૧ લાખ રૂપિયાની મનોવૈજ્ઞાનિક સપાટી પર પહોંચી ગઈ છે, જે મધ્યમ વર્ગ માટે એક ચિંતાનો વિષય છે. બીજી તરફ, ચાંદીના બજારમાં થોડો વિપરીત પ્રવાહ જોવા મળ્યો હતો અને તેના ભાવમાં પ્રતિ કિલો ૩૭૦ રૂપિયાનો ઘટાડો નોંધાતા તે ૨.૮૭ લાખ રૂપિયાના સ્તર પર સ્થિર થઈ છે. જો વર્ષ ૨૦૨૬ના અત્યાર સુધીના ગ્રાફ અને આંકડાકીય વિશ્લેષણ પર ઊંડી નજર નાખીએ તો માલૂમ પડે છે કે આ વર્ષ કિંમતી ધાતુઓ માટે અત્યંત તેજીમય રહ્યું છે, કારણ કે માત્ર સાડા ચાર મહિનાના ટૂંકા ગાળામાં સોનામાં ૨૮ હજાર રૂપિયા અને ચાંદીમાં ૫૭ હજાર રૂપિયાનો અકલ્પનીય વધારો થયો છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ જે સોનું ૧.૩૩ લાખ રૂપિયાના ભાવે



મળતું હતું અને ચાંદી ૨.૩૦ લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, તે આજે નવા શિખરો સર કરી રહી છે, જ્યારે આ વર્ષના પ્રારંભિક ગાળામાં એટલે કે ૨૯ જાન્યુઆરીના રોજ બજારમાં એવી સ્થિતિ સર્જાઈ હતી કે સોનાએ ૧.૭૬ લાખ અને ચાંદીએ ૩.૮૬ લાખનો અત્યાર સુધીનો સર્વોચ્ચ 'ઓલટાઈમ હાઈ' રેકોર્ડ બનાવીને ઈતિહાસ રચ્યો હતો.

કિંમતી ધાતુઓના ભાવમાં આટલી મોટી અસ્થિરતા અને વધારા પાછળના કારણો માત્ર વૈશ્વિક બજાર જ નહીં, પરંતુ ભારત સરકારના કડક આર્થિક નિર્ણયો પણ છે, જેમાં દેશના વિદેશી મુદ્રા ભંડારને સુરક્ષિત રાખવા માટે કેન્દ્ર સરકારે સોના અને ચાંદીની આયાત પર લાગતી ડ્યુટીમાં ધરખમ ફેરફાર કર્યા છે. અગાઉ સોના પર ૬ ટકા ઈમ્પોર્ટ ડ્યુટી લાગતી હતી, જેને વધારીને હવે સીધી ૧૫ ટકા કરી દેવામાં આવી છે, જેમાં ૧૦ ટકા બેઝિક કસ્ટમ ડ્યુટી અને વધારાના ૫ ટકા એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેના કારણે સ્થાનિક બજારમાં સોનાનો સપ્લાય મોંઘો થયો છે. આ ગંભીર નાણાકીય સ્થિતિને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૦ અને ૧૧ મેના રોજ રાષ્ટ્રજોગ સંબોધનમાં દેશવાસીઓને અત્યંત ભાવુક અને દેશહિતની અપીલ કરતા એક વર્ષ સુધી સોનું ન ખરીદવા માટે આહવાન કર્યું છે. પીએમ મોદીએ દેશના ગૌરવશાળી ઈતિહાસને ટાંકીને જણાવ્યું હતું કે એક જમાનામાં સંકટ સમયે ભારતીયો પોતાનું સોનું દેશ માટે દાન કરી દેતા હતા, પરંતુ આજે દાનની અપેક્ષા નથી, માત્ર એટલા સંયમની જરૂર છે કે આપણે આપણા સામાજિક પ્રસંગોમાં સોનાની ખરીદી ટાળીએ જેથી દેશની વિદેશી મુદ્રા બચી શકે અને આપણી અર્થવ્યવસ્થા મજબૂત બને. વડાપ્રધાને આ બાબતને એક નવી પડકારજનક દેશભક્તિ તરીકે ગણાવી છે, જેનો સ્વીકાર કરીને દરેક નાગરિકે રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપવો જોઈએ.

આટલી મોટી મોંઘવારી અને સરકારી અપીલ છતાં, જો કોઈ ગ્રાહકે સામાજિક અનિવાર્યતા કે રોકાણના હેતુથી જ્વેલર્સ પાસે જઈને સોનું ખરીદવું પડે, તો નિષ્ણાતો કેટલીક પાયાની અને અત્યંત મહત્વની બાબતો પર ધ્યાન આપવાની કડક સલાહ આપે છે. સૌપ્રથમ તો ગ્રાહકે હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ એટલે કે BIS હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદવાનો આગ્રહ રાખવો જોઈએ, જેમાં રહેલો છ અંકનો વિશિષ્ટ આલ્ફાન્યુમેરિક હોલમાર્કિંગ કોડ સોનાની શુદ્ધતા અને કેરેટની ખાતરી આપે છે, જેથી ભવિષ્યમાં વેચાણ વખતે પણ સાચું વળતર મળી રહે. આ ઉપરાંત, સોનાની ખરીદી વખતે તેનું વજન અત્યંત ચોકસાઈથી કરાવવું અને તે જ દિવસના સત્તાવાર બજાર ભાવને ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન જેવી વિશ્વસનીય વેબસાઈટ્સ પરથી ચોક્કસપણે ક્રોસ ચેક કરવા જોઈએ, કારણ કે ૨૪ કેરેટ, ૨૨ કેરેટ અને ૧૮ કેરેટ સોનાના ભાવમાં મોટું અંતર હોય છે જેની જાણકારી હોવી ગ્રાહક માટે અનિવાર્ય છે. આમ, હાલમાં સોના અને ચાંદીના બજારમાં જોવા મળતી તેજી, સરકારની નવી ટેક્સ નીતિ અને વડાપ્રધાનની રાષ્ટ્રહિતની અપીલ વચ્ચે રોકાણકારો અને સામાન્ય જનતાએ અત્યંત સમજી-વિચારીને અને જાગૃત બનીને આર્થિક નિર્ણયો લેવાની જરૂરિયાત ઊભી થઈ છે.

## જથ્થાબંધ મોંઘવારી એપ્રિલમાં 8.30%, એક મહિનામાં બમણી: રોજિંદા જરૂરિયાતની ચીજવસ્તુઓ અને ગેસ-વીજળીના ભાવ વધ્યા, ઈરાન યુદ્ધની અસર

નવી દિલ્હી, તા.14

એપ્રિલમાં જથ્થાબંધ મોંઘવારી (WPI) બમણાથી વધુ વધીને 8.30% પર પહોંચી ગઈ છે. માર્ચમાં તે 3.88% પર હતી. એપ્રિલમાં મોંઘવારી 42 મહિનામાં સૌથી વધુ છે. ઓક્ટોબર 2022માં તે 8.39% પર પહોંચી ગઈ હતી. વાણિજ્ય મંત્રાલયે 14 મેના રોજ જથ્થાબંધ મોંઘવારીના આંકડા જાહેર કર્યા છે.

મોંઘવારી વધવાનું કારણ રોજિંદી જરૂરિયાતની ચીજવસ્તુઓ અને ઈંધણના ભાવ વધવા છે. આ વધારો એવા સમયે થયો છે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધ્યો છે. જો આ તણાવ લાંબો ચાલશે તો મોંઘવારી હજુ વધી શકે છે. આ તણાવને કારણે ક્રૂડ ઓઈલના ભાવ 100 ડોલરને પાર પહોંચી ગયા છે.

રોજિંદા જરૂરિયાતની ચીજવસ્તુઓ (પ્રાઈમરી આર્ટિકલ્સ) નો ફુગાવો 6.36% થી વધીને 9.17% થયો. ખાદ્યપદાર્થો (ફૂડ ઈન્ડેક્સ) નો ફુગાવો 1.85% થી વધીને 1.98% પર પહોંચી ગયો છે. ફ્યુઅલ અને પાવરનો જથ્થાબંધ ફુગાવાનો દર 1.05% થી વધીને



24.71% થયો છે. મેન્યુફેક્ચરિંગ પ્રોડક્ટ્સનો જથ્થાબંધ ફુગાવાનો દર 3.39% થી વધીને 4.62% રહ્યો.

પ્રાથમિક વસ્તુઓ, જેનું વેઈટેજ 22.62% છે. ફ્યુઅલ અને પાવરનું વેઈટેજ 13.15% અને મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટ્સનું વેઈટેજ સૌથી વધુ 64.23% છે. પ્રાથમિક વસ્તુઓના પણ ચાર ભાગ છે.

એપ્રિલમાં છૂટક મોંઘવારી વધીને 3.48% પર પહોંચી ગઈ છે. આ પહેલા માર્ચમાં તે 3.40% હતી. મોંઘવારી વધવાનું સૌથી મોટું કારણ ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારો છે. ફૂડ ઈન્ફ્લેશન એપ્રિલમાં વધીને 4.20% પર પહોંચી ગયું. માર્ચમાં આ આંકડો 3.87% હતો.

જથ્થાબંધ મોંઘવારી લાંબા સમય સુધી વધતી રહેવાથી મોટાભાગના ઉત્પાદક ક્ષેત્રો પર તેની ખરાબ અસર પડે છે. જો જથ્થાબંધ ભાવ લાંબા સમય સુધી વધુ રહે છે, તો ઉત્પાદકો તેનો બોજ ગ્રાહકો પર નાખે છે. સરકાર ફક્ત ટેક્સ દ્વારા WPIને નિયંત્રિત કરી શકે છે.

જેમ કે, ક્રૂડ ઓઈલમાં તીવ્ર વધારાની સ્થિતિમાં સરકારે ઈંધણ પર એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કર્યો હતો. જોકે, સરકાર ટેક્સ કપાત એક મર્યાદામાં જ ઓછી કરી શકે છે. WPIમાં મેટલ, કેમિકલ, પ્લાસ્ટિક, રબર જેવા ફેક્ટરી સંબંધિત સામાનનું વધુ વેઈટેજ હોય છે.

ભારતમાં બે પ્રકારની મોંઘવારી હોય છે. એક રિટેલ એટલે કે છૂટક અને બીજી જથ્થાબંધ મોંઘવારી હોય છે. રિટેલ મોંઘવારી દર સામાન્ય ગ્રાહકો દ્વારા ચૂકવવામાં આવતી કિંમતો પર આધારિત હોય છે. આને કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) પણ કહેવાય છે. જ્યારે, હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ (WPI) નો અર્થ એવી કિંમતોથી થાય છે, જે જથ્થાબંધ બજારમાં એક વેપારી બીજા વેપારી પાસેથી વસૂલે છે.

મોંઘવારી માપવા માટે અલગ-અલગ વસ્તુઓનો સમાવેશ કરવામાં આવે છે. જેમ કે જથ્થાબંધ મોંઘવારીમાં મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટ્સનો હિસ્સો 63.75%, પ્રાઈમરી આર્ટિકલ જેવા કે ફૂડ 22.62% અને ફ્યુઅલ એન્ડ પાવર 13.15% હોય છે. જ્યારે, રિટેલ મોંઘવારીમાં ફૂડ અને પ્રોડક્ટની ભાગીદારી 45.86%, હાઉસિંગની 10.07% અને ફ્યુઅલ સહિત અન્ય વસ્તુઓની પણ ભાગીદારી હોય છે.

## ટાટા મોટર્સ CV નો નફો 33% વધ્યો: ચોથા ક્વાર્ટરમાં ₹1,793 કરોડ રહ્યો, રેવન્યુમાં 19% નો ઉછાળો, કંપની ₹4 ડિવિડન્ડ આપશે

મુંબઈ, તા.14

ટાટા મોટર્સ કોમર્શિયલ વ્હીકલ્સને FY26ના ચોથા ક્વાર્ટરમાં 1,793 કરોડનો કોન્સોલિડેટેડ નફો થયો છે. ગયા વર્ષે આ જ ક્વાર્ટરમાં કંપનીને 1,340 કરોડનો નફો થયો હતો. એટલે કે, વાર્ષિક ધોરણે કંપનીનો નફો 33.8% વધ્યો છે. આ વૃદ્ધિ વેચાણમાં વધારો અને સારા માર્જિનને કારણે મળી છે.

ચોથા ક્વાર્ટરમાં કંપનીની આવક પણ વાર્ષિક ધોરણે 19.3% વધીને 26,098 કરોડ રૂપિયા રહી. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં તે 21,863 કરોડ રૂપિયા રહી હતી. નફામાં આવેલી આ તેજીને જોતા બોર્ડે શેરહોલ્ડરો માટે 4 રૂપિયા પ્રતિ શેરના ફાઈનલ ડિવિડન્ડની પણ જાહેરાત કરી છે.

ટાટા મોટર્સે ચોથા ક્વાર્ટરમાં 1.32 લાખ કોમર્શિયલ વાહનો વેચ્યા, જે ગયા વર્ષની સરખામણીમાં 25% વધુ છે. સમગ્ર નાણાકીય વર્ષ 2026ની વાત કરીએ તો કુલ વેચાણ 14% વધીને 4.28 લાખ યુનિટ રહ્યું.

ઘરેલું બજારમાં કંપનીનો હિસ્સો 35.7% રહ્યો. તેમાં હેવી કોમર્શિયલ




વ્હીકલ (HCV) સેગમેન્ટમાં કંપનીનો દબદબો સૌથી વધુ 55% રહ્યો.

કંપનીએ આ વર્ષે 17 નેક્સ્ટ-જનરેશન ટ્રક લોન્ચ કર્યા છે. આ ઉપરાંત, ભારતના નવા લેબર કોડ લાગુ થવાને કારણે ગ્રેચ્યુઈટી અને અન્ય જોગવાઈઓમાં ફેરફારની અસર પણ નાણાકીય પરિણામો પર જોવા મળી છે.

માર્ચ ક્વાર્ટરમાં તેના કારણે 214 કરોડ રૂપિયાનું નેટ રિવર્સલ નોંધવામાં આવ્યું, જેને અનુમાનોમાં ફેરફાર તરીકે દર્શાવવામાં આવ્યું છે.

કંપનીઓના પરિણામો બે ભાગમાં આવે છે - સ્ટેન્ડઅલોન અને કન્સોલિડેટેડ. સ્ટેન્ડઅલોનમાં ફક્ત એક યુનિટનું નાણાકીય પ્રદર્શન દર્શાવવામાં આવે છે. જ્યારે, કન્સોલિડેટેડ અથવા સંકલિત નાણાકીય રિપોર્ટમાં આખી કંપનીનો રિપોર્ટ આપવામાં આવે છે.

અહીં, ટાટા મોટર્સની જગુઆર લેન્ડ રોવર જેવી 100 થી વધુ પેટાકંપનીઓ અને સહયોગી કંપનીઓ છે. આ બધાના નાણાકીય રિપોર્ટને ભેગા કરીને કન્સોલિડેટેડ કહેવામાં આવશે. જ્યારે, જો જગુઆર લેન્ડ રોવરના અલગ પરિણામને સ્ટેન્ડઅલોન કહેવામાં આવશે.

EBITDA: તેનો અર્થ છે - અર્નિંગ બિફોર ઈન્ટરેસ્ટ, ટેક્સ, ડેપ્રિસિયેશન એન્ડ અમોરટાઈઝેશન. આ દર્શાવે છે કે વ્યાજ, ટેક્સ અને અન્ય ખર્ચાઓ પહેલાં કંપનીએ તેના મુખ્ય કામકાજમાંથી કેટલી કમાણી કરી.

EBIT: તેને 'ઓપરેટિંગ પ્રોફિટ' પણ કહેવાય છે. આ કંપનીના કામકાજમાંથી થતી કુલ કમાણી દર્શાવે છે, જેમાં ફક્ત વ્યાજ અને ટેક્સને બાદ કરવામાં આવ્યા નથી હોતા.

નેટ કેશ પોઝિટિવ: જ્યારે કોઈ કંપની પાસે તેના કુલ દેવા કરતાં વધુ રોકડ અથવા રોકાણ હોય, ત્યારે તેને નેટ કેશ પોઝિટિવ કહેવાય છે.

# અમદાવાદમાં કેન્દ્રીય શિક્ષણમંત્રીનો કાળા વાવટા ફરકાવી વિરોધ

## IIMના કાર્યક્રમમાં આવેલા ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ, NEET પેપર લીક મુદ્દે NSUI લાલઘૂમ

**અમદાવાદ, તા.14**

દેશભરમાં NEET પરીક્ષા પેપર લીકને લઈને લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, ત્યારે કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની આજની અમદાવાદની મુલાકાત દરમિયાન વિવાદના દશ્યો જોવા મળ્યા હતા. પેપર લીક કાંડ બાદ મંત્રીની આ મુલાકાતને ખૂબ જ ગુપ્ત રાખવામાં આવી હતી, છતાં NSUI દ્વારા વિરોધ પ્રદર્શનની ચીમકી મળતા તંત્ર સતર્ક થઈ ગયું હતું અને મંત્રીના કાફલાને રોકવા આવેલા કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી.



સામાન્ય રીતે કેન્દ્રીય શિક્ષણમંત્રીના કાર્યક્રમની વિગતો મીડિયામાં જાહેર કરવામાં આવતી હોય છે, પરંતુ NEET પેપર લીક વિવાદના પગલે આ વખતે કાર્યક્રમને સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવ્યો હતો. કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન આજે અમદાવાદમાં IIM ખાતે એક ખાનગી કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચ્યા હતા. જોકે, આ કાર્યક્રમની જાણ થતા જ NSUIના કાર્યકરો સક્રિય થઈ ગયા હતા અને તેમણે મંત્રીનો વિરોધ કર્યો હતો.

મંત્રીના આગમન પહેલા જ IIMની બહાર ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. જ્યારે કેન્દ્રીય શિક્ષણમંત્રીનો કાફલો IIM અમદાવાદના ગેટ પરથી બહાર નીકળ્યો, ત્યારે અચાનક જ NSUIના કેટલાક કાર્યકર્તાઓ કાળા વાવટા અને કાળા કપડાં પહેરીને રસ્તા પર આવી ગયા હતા. તેમણે મંત્રીના કાફલાને રોકવાનો પ્રયાસ કરી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. પરિસ્થિતિ વણસે તે પહેલા જ તૈનાત પોલીસે તાત્કાલિક પહોંચીને તમામ NSUI કાર્યકર્તાઓની અટકાયત કરી લીધી હતી.

આ વિરોધ પ્રદર્શન અંગે ગુજરાત NSUIના પ્રદેશ મહામંત્રી વિક્રમસિંહ ગોહિલે આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, 'NEETની પરીક્ષાનું પેપર લીક થયું હોવાથી અમે વિરોધ નોંધાવી રહ્યા છીએ. વિદ્યાર્થીઓને ન્યાય મળે તે માટે અમે કેન્દ્રીય શિક્ષણમંત્રીના રાજીનામાની માંગ કરીએ છીએ. આ કૌભાંડમાં ક્યાંક ને ક્યાંક ધર્મેન્દ્ર પ્રધાન અને તેમના મળતિયાઓની સંડોવણી અથવા સેટિંગ હોય એવું લાગી રહ્યું છે, જેની નૈતિક જવાબદારી સ્વીકારી તેમણે તુરંત પદ પરથી હટી જવું જોઈએ.'

NEET પરીક્ષાનું પેપર લીક થયા બાદ પરીક્ષા રદ કરવામાં આવી છે, જેને કારણે લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પ્રશ્નાર્થ ચિન્હ મુકાયું છે. વિદ્યાર્થી પાંખ દ્વારા આ મામલે શિક્ષણ વિભાગની કામગીરી સામે સતત સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. આજના વિરોધ પ્રદર્શને ફરી એકવાર સ્પષ્ટ કર્યું છે કે, પેપર લીક મામલે વિદ્યાર્થીઓમાં શિક્ષણ તંત્ર પ્રત્યે ભારે રોષ અને અવિશ્વાસની લાગણી છે.

NEET પેપર લીક કેસની તપાસ હવે વેગવંતી બની છે અને અત્યાર સુધીમાં ત્રણ અલગ-અલગ રાજ્યોમાંથી કુલ 7 લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ કેસમાં મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાંથી 3-3 જ્યારે હરિયાણામાંથી 1 આરોપી ઝડપાયો છે. મહારાષ્ટ્રમાં CBI દ્વારા તાજેતરમાં પુણેથી બ્યુટિશિયન મનીષા વાઘમારે અને અહિલ્યાનગરથી 26 વર્ષીય ધનંજય નિવૃત્તિ લોખંડેની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે આ અગાઉ 12 મેના રોજ નાસિકથી શુભમ ખૈરનાર (30) ને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. બીજી તરફ, રાજસ્થાનમાંથી સીકરના કન્સલ્ટન્સી સંચાલક રાકેશ મંડાવરિયા તથા પેપર ખરીદીને વેચનારા બે ભાઈઓ દિનેશ બિવાલ અને માંગીલાલ બિવાલને પકડવામાં આવ્યા છે.

# અમદાવાદને 2030 સુધીમાં 'રેબીઝ ફ્રી' બનાવવાનું લક્ષ્ય: રોડ પર રખડતા કૂતરાઓની ગણતરી શરૂ

## કુતરાના લોકેશન અને રસીની માહિતી સાથેની તમામ ડીટેલ મેળવાશે

**અમદાવાદ, તા.14**

'રેબીઝ ફ્રી અમદાવાદ-2030' અભિયાન અંતર્ગત શહેરમાં અત્યાધુનિક ટેકનોલોજીની મદદથી ડોગ સેન્સસ (શ્વાન ગણતરી) હાથ ધરવામાં આવી છે. વર્ષ 2019ના સર્વે મુજબ શહેરમાં અંદાજે 2,10,000 રખડતા કુતરાઓ હતા. હાલમાં નવી ગણતરીમાં ડુપ્લીકેશન અટકાવવા માટે GPS, ફોટોગ્રાફી અને જીઓ-ટેગિંગ જેવી વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. શહેરના બહેરામપુરા વોર્ડમાં સૌપ્રથમ ડોગ સેન્સર કરવામાં આવી છે જેમાં 1100 જેટલા રખડતા કૂતરાઓ નોંધાયા છે. કુતરાઓના લોકેશનથી લઈ ખસીકરણ અને વેક્સિનેશન સુધીની તમામ માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના CNCD વિભાગના વડા નરેશ રાજપૂતે જણાવ્યું હતું કે, શહેરમાં ચાલુ વર્ષે ડોગ સેન્સસ કરવામાં આવી છે. રૂ. 28 લાખથી વધુના ખર્ચે 10 મહિનામાં શહેરભરના કૂતરાઓની ગણતરી



કરવામાં આવશે. અત્યારે હાલમાં બહેરામપુરા વોર્ડમાં ગણતરી કરવામાં આવી છે, જેમાં અત્યાર સુધીમાં 1100 જેટલા કુતરાઓ નોંધાયા છે. ખાસ કરીને ખસીકરણ થયેલા 5,071 શ્વાનોમાં 'માઈક્રોચીપ' લગાવવામાં આવી છે. આ ચીપના કારણે શ્વાનનું 'રી-વેક્સિનેશન' (ફરીથી રસીકરણ) કરવું સરળ બનશે. ઝોન વાઈઝ જોઈએ તો સૌથી વધુ દક્ષિણ ઝોનમાં 1,642 અને પશ્ચિમ ઝોનમાં 833 શ્વાનોમાં માઈક્રોચીપિંગ પૂર્ણ થયું છે.

આ સર્વેના આધારે જે શ્વાનોનું ખસીકરણ બાકી હશે, તેમને શોધીને ત્વરિત રસીકરણ પ્રક્રિયા હેઠળ આવરી લેવામાં આવશે જેથી જન્મદર પર કાબૂ મેળવી શકાશે. છેલ્લા સાત વર્ષમાં AMCએ નોંધપાત્ર કામગીરી કરી

રસીકરણ કામગીરીમાં વર્ષ 2018થી અત્યાર સુધીમાં કુલ 1,86,884 શ્વાનોનું ખસીકરણ અને રસીકરણ કરવામાં આવ્યું છે. આ કામગીરી પાછળ અત્યાર સુધીમાં રૂ.18,78,42,194 નો ખર્ચ કરવામાં આવ્યો છે. સતત કામગીરીના કારણે શહેરમાં નાના ગલુડિયાઓની સંખ્યામાં ઘટાડો થયો છે અને વૃદ્ધ શ્વાનોની સંખ્યા વધુ જોવા મળી રહી છે.

# પૈસા-લેડીઝ અંડરગાર્મેન્ટની ચોરી કરતા જોઈ જતા ભત્રીજાએ ફૂઆની હત્યા કરી

## અમદાવાદના વેપારીની હત્યા કેસમાં ચોંકાવનારો ખુલાસો, આરોપીને મહિલાના કપડા પહેરવાનો શોખ

**અમદાવાદ, તા.14**

અમદાવાદના શીલજ વિસ્તારમાં ફૂઆની હત્યા નિપજાવનાર ભત્રીજાને પોલીસે ઉદયપુરથી ઝડપી પાડ્યો છે. અમદાવાદ લાવી પૂછપરછ કરતા ચોંકાવનારા ખુલાસા થયા છે. બનાવના દિવસે ભત્રીજો જ્યારે ઘરમાં પૈસા અને મહિલાના અંડરગાર્મેન્ટની ચોરી કરી રહ્યો હતો ત્યારે જ ફૂઆએ રંગેહાથ ઝડપી પાડ્યો હતો. જેથી મામલો બહાર ન આવે તે માટે ભત્રીજાએ ફૂઆનું ગળું દબાવી હત્યા કરી નાખી હતી. આરોપી યુવક મહિલાના વસ્ત્રો પહેરવાનો શોખ ધરાવતો હોવાનું પણ સામે આવ્યું છે. અમદાવાદના શીલજના અવનીશ હાઈટ્સમાં રહેતા મનીષભાઈની તેમના જ ફ્લેટમાંથી હત્યા કરેલી હાલતમાં લાશ મળી આવી હતી.લાશ મળી આવતા મનીષભાઈના દીકરાએ પોલીસને જાણ કરી હતી.બોપલ પોલીસે સ્થળ પર પહોંચીને તપાસ શરૂ કરી હતી.પોલીસની તપાસ દરમિયાન



ઘરમાં 10 દિવસથી રહેવા આવેલો મનીષભાઈના સાળાનો દીકરો વ્રજ સોની ગાયબ હતો.

પોલીસે ફ્લેટના સીસીટીવી તપાસતા વ્રજ સોની ફ્લેટમાંથી થેલો લઈને મનીષભાઈની ગાડી લઈને પાર્કિંગમાંથી વહેલી સવારે જતો દેખાયો હતો,જેથી પોલીસે ઘરમાં તપાસ કરી ત્યારે મનીષભાઈના ઘરમાંથી 5 લાખ રૂપિયાની ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું.સમગ્ર મામલે બોપલ પોલીસે લૂંટ વિથ મર્ડરનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બોપલ પોલીસે મોબાઈલ નંબરના આધારે તપાસ કરતા આરોપી વ્રજ સોની હત્યા બાદ મૃતકની કાર લઈને ઉદયપુર તરફ ગયો હોવાની જાણ થઈ હતી,જેથી બોપલ પોલીસની ટીમ પણ આરોપીની ધરપકડ માટે ઉદયપુર પહોંચી હતી.પોલીસે આરોપીની ઉદયપુરથી ધરપકડ કરી હતી. આરોપી પાસેથી લૂંટ કરેલ રકમ પૈકીના 2 લાખ રૂપિયા મળી આવ્યા હતા.આ સાથે આરોપીએ ચોરી કરેલા લેડીઝ અંડર ગારમેન્ટ્સ પણ મળી આવ્યા હતા.

પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, આરોપીએ ચોરી કરતો હતો ત્યારે ફુઆ મનીષભાઈ જોઈ ગયા હતા,જેથી આરોપીએ મનીષભાઈની ગળું દબાવી હત્યા કરી હતી.હત્યા કર્યા બાદ આરોપીએ તેના ફોઈના જ અંડર ગારમેન્ટની પણ ચોરી કરી હતી અને નાસી છૂટ્યો હતો. પોલીસની તપાસમાં એ પણ જાણવા મળ્યું હતું કે આરોપી ક્યારેક મહિલાઓના કપડા પહેરવાનો શોખ ધરાવે છે,જેની ઘરમાં પણ જાણ હતી. આરોપીએ અગાઉ પણ મનીષભાઈના ઘરમાંથી 25 હજાર રૂપિયાની ચોરી કરી હતી.

# '11 મહિના થયા છતાં ટાટા ગ્રુપ તરફથી વળતર મળ્યું નથી': ફિલ્મમેકરના પત્ની

## 'નોકરીનું વચન આપ્યું પણ જવાબ આપતા નથી', અમદાવાદ પ્લેન ક્રેશના પીડિત પરિવારના આક્ષેપ

**અમદાવાદ, તા.14**

12 જૂન 2025ના અમદાવાદમાં બનેલી AI 171 પ્લેન ક્રેશની દુર્ઘટનાને એક વર્ષ પૂર્ણ થવા આડે હવે મહિનો પણ બાકી નથી ત્યારે પીડિત પરિવારો ન્યાયની માંગ સાથે લડત લડી રહ્યા છે. અનેક રજૂઆતો અને અનેક પત્ર લખવા છતાં યોગ્ય ન્યાય ન મળ્યો હોવાનો આક્ષેપો કરી રહ્યા છે. તેમાં પણ ઘણાં પરિવારને તો વળતર મળ્યું નથી તો કેટલાક પરિવારજનને નોકરી આપવાની ખાતરી આપવા છતાં યોગ્ય જવાબ અપાયો નથી.

સોલા ભાગવત ખાતે કેટલાક પીડિત પરિવારોએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેમણે વળતરની સાથે સાથે જે જગ્યાએ દુર્ઘટના બની ત્યાં એક વર્ષ પૂર્ણ થાય ત્યારે જમીન શુદ્ધિકરણ અને અલગ અલગ ધર્મના લોકો ધાર્મિક વિધિ કરી શકે તે માટેની મંજૂરી આપવામાં આવે તેવી માંગ કરી છે. TATA અને સરકાર દ્વારા અપાયેલા તમામ વાયદાઓ પૂરા થવાની પીડિત પરિવારો હજુ પણ રાહ જોઈ રહ્યા છે.



તેમજ મૃતક પરિવારો સહિત અનેક લોકો હજુ પણ અકસ્માતનું ચોક્કસ કારણ જાણી શક્યા નથી. જોકે સરકારે એક મહિનામાં રિપોર્ટ જાહેર કરવાની વાત કરી છે. પરંતુ પીડિત પરિવારો તેની સાથે સાથે બ્લેક બોક્સના ડેટા જાહેર કરવાની પણ માંગ કરી રહ્યા છે.

પ્લેન ક્રેશમાં મૃત્યુ પામેલા ફિલ્મમેકર મહેશ જીરાવાલાના પત્ની એવા વડોદરાના હેતલબેન પ્રજાપતિએ જણાવ્યું કે, મારા પતિ પાલડી એક મિટિંગ માટે ગયા હતા અને જે પૂર્ણ કરી ઘરે પરત ફરી રહ્યા હતા. જ્યાં મેઘાણીનગરમાં પ્લેન ક્રેશનો બનાવ બન્યો હતો. ઘટના બની તે સમયે પોલીસ દ્વારા પણ કોઈ પણ પ્રકારનો સપોર્ટ કરવામાં આવ્યો ન હતો. અમે તપાસ કરી ત્યારે ખબર પડી કે DNA મેચ થયા છે અને તમારા પતિનું મોત થયું છે. જે બાદ અમારા ઘરે એરલાઈનના કેટલાક લોકો અને ટાટા ગ્રુપમાંથી મળવા માટે આવ્યા હતા. જો ભવિષ્યમાં કોઈ પણ પ્રકારની મુશ્કેલી આવશે તો મદદ કરવાની તે લોકોએ ખાતરી આપી હતી. તેમજ એજ્યુકેશન પ્રમાણે મને નોકરી આપવાની પણ ખાતરી આપી હતી.

હેતલ પ્રજાપતિએ વધુમાં ઉમેર્યું કે, નોકરીની ખાતરી આપ્યા બાદ 11 મહિના થયા હોવા છતાં અનેક વખત મેલ કરીએ છીએ છતાં પણ જવાબ આપવામાં આવતો નથી. તેમજ મારો અકસ્માત થતા ત્રણ મહિના ઘરમાં રહેવું પડ્યું હતું. જેથી હવે એરલાઈન અને ટાટા ગ્રુપ કોઈપણ પ્રકારના જવાબ આપતા નથી.

પ્લેન ક્રેશમાં દીકરો ગુમાવનાર મોહમ્મદ રફિકભાઈએ જણાવ્યું હતું કે, પ્લેન દુર્ઘટનામાં મારા દીકરાનું મૃત્યુ થયું હતું. પરંતુ 11 મહિના થયા છતાંય ટાટા ગ્રુપ તરફથી કોઈપણ પ્રકારનું વળતર આપવામાં આવ્યું નથી. તેમજ કોઈપણ પ્રકારનો જવાબ પણ આપવામાં આવતો નથી. મેલ કરીએ તો તેનો પણ યોગ્ય જવાબ અમને મળી રહ્યો નથી. તેમજ અમારો ફોન પણ હવે ઉપાડવામાં આવતો નથી. અમારી માંગ છે કે મને ન્યાય મળે અને યોગ્ય વળતર આપવામાં આવે. તેમજ ઘટના કઈ રીતે બની હતી તેનો યોગ્ય જવાબ પણ મળવો જોઈએ.

સામાજિક કાર્યકર કવિરાજે જણાવ્યું હતું કે, 12 જુન 2026 ના પ્લેન ક્રેશની દુર્ઘટનાને એક વર્ષ પૂર્ણ થશે. એક મહિના કરતાં પણ ઓછો સમય હવે બાકી રહ્યો છે. જેથી પીડિત પરિવારો એવું ઈચ્છે છે કે જ્યાં દુર્ઘટના બની હતી ત્યાં જમીન શુદ્ધિકરણ અને ધાર્મિક કાર્યક્રમ કરવાની માગણી કરી રહ્યા છે. અનેક વખત બ્લેક બોક્સનો ડેટા આપવા માટે મેલ કરવામાં આવ્યા છે પરંતુ રીપ્લાય આપવામાં આવતો નથી.

પ્લેન ક્રેશ બાદ ગાયબ ગુજરાતી ફિલ્મમેકર મહેશ જીરાવાલાનો મૃતદેહ પરિવારને સોંપી દેવાયો હતો. DNA મેચ થવા છતાં પરિવાર માનવા તૈયાર નહોતો કે એ મૃતદેહ ફિલ્મમેકરનો છે, પરંતુ પોલીસને આ કપરી પરિસ્થિતિમાં પણ સળગેલા એક્ટિવાના એન્જિન-ચેસીસ નંબરના આધારે વાહન ઓળખી, સીસીટીવી તથા અન્ય બીજા અનેક પુરાવો એકત્રિત કરી પરિવારને એ મૃતદેહ ફિલ્મમેકરનો જ હોવાનું મનાવવામાં સફળતા મળી હતી.

# બિલ્ડરની મર્સિડીઝ ચોરવા ગાડી લઈને આવ્યા: અમદાવાદમાં ફ્લેટના પાર્કિંગમાંથી કાર ચલાવી નીકળી ગયા, બે શખસ કેમેરામાં કેદ

**અમદાવાદ, તા.14**

અમદાવાદના વસ્ત્રાપુરના માનસી ટાવર ચાર રસ્તા પાસે આવેલા ફ્લેટના પાર્કિંગમાંથી અજાણ્યા શખ્સો મર્સિડીઝ ગાડીની ચોરી કરીને લઈ ગયા છે. શહેરના બિલ્ડર અને વેપારીની આ લક્ઝરી કાર પાર્કિંગમાં પાર્ક હતી, જે ચોર ડુપ્લીકેટ ચાવીથી ચોરીને લઈ ગયા છે. જે અંગેના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે. વસ્ત્રાપુર પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

ઘટનાની વિગતો મુજબ, બોડકદેવ વિસ્તારમાં એસ.આર. ગ્રુપ નામે રિયલ એસ્ટેટનો વ્યવસાય કરતા પ્રશાંતભાઈ નાયર રાત્રે ઘરે આવ્યા હતા. તેમના ડ્રાઈવર કૃણાલ



લેઉવાએ રાત્રે સાત વાગ્યાની આસપાસ બ્રાઉન કલરની મર્સિડીઝ બેન્ઝ (નંબર PY.01.CJ.8314) કોર્ણાક ટાવરના પાર્કિંગમાં લોક કરીને પાર્ક કરી હતી. સોમવારે(11 મે) સવારે જ્યારે પ્રશાંતભાઈને કામ અર્થે બહાર જવાનું હોવાથી ડ્રાઈવર ગાડી લેવા ગયો, ત્યારે પાર્ક કરેલી જગ્યાએ ગાડી મળી આવી ન હતી. આસપાસ તપાસ કરવા છતાં ગાડીનો પત્તો ન લાગતા આખરે મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો.

# જીવરાજ પાર્કમાં હત્યાના કેસમાં બે આરોપી ઝડપાયા: સામાન લેવા અને દરવાજો ખોલવા બાબતે પીજીમાં રહેતા યુવકની હત્યા કરી હતી

**અમદાવાદ, તા.14**

શહેરના જીવરાજ પાર્ક નજીક એક પીજીમાં રહેતા બે યુવાનો વચ્ચે દરવાજો ખોલવા જેવી સામાન્ય બાબતમાં થયેલી તકરારમાં યુવકની હત્યા થઈ હતી. એક યુવકે અન્ય મિત્ર સાથે મળીને મૃતક યુવકના પેટમાં છરીનો ઘા મારી તેની હત્યા કરી હતી. પોલીસે હત્યા કરનાર બે આરોપીઓને ઝડપી લઈ વધુ તપાસ શરૂ કરી છે.

હિરેન સોલંકી (ઉ.વ. 25) એપલ સ્ટોરમાં પ્રાઈવેટ નોકરી કરતો હતો, તે જીવરાજ પાર્ક નજીક આવેલા એક પીજીમાં મહાવીરસિંહ જાદવ (ઉ.વ. 23, મૂળ



સુરેન્દ્રનગર) અને રણવીરસિંહ સાથે રહેતો હતો.મહાવીરસિંહ પણ એપલ સ્ટોરમાં જ કામ કરતો હતો. બંને યુવાનો સાથે રહેતા હોવાથી પીજીના કબાટમાં પોતાનો સામાન મૂકવા જેવી સામાન્ય બાબતોને લઈને તેમની વચ્ચે નાની-મોટી બોલાચાલી થતી રહેતી હતી.

દરમિયાન બુધવારે વહેલી સવારે બંને વચ્ચે દરવાજો મોડો ખોલવા બાબતે તકરાર થઈ હતી. જેમાં ઉશ્કેરાઈ ગયેલા મહાવીરસિંહે રણવીરસિંહ સાથે મળીને પોતાની પાસે રહેલી છરી હિરેનના પેટમાં મારી દીધી હતી જેના કારણે હિરેનનું મોત થયું હતું.વેજલપુર પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપી મહાવીરસિંહ અને રણવીરસિંહની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે હત્યા સમયે રણવીરસિંહ મહાવીરસિંહને છરી આપી હતી.

તો ચાંદખેડાના ઝુંડાલ સર્કલ પાસેથી જસ્મિતસિંગની લાશ મળી આવી હતી. પેથાપુરના લાભ એપાર્ટમેન્ટમાં રહેતો 30 વર્ષીય જસ્મિતસિંગ 12 મેની સાંજે ઘરેથી બાઈક લઈને નીકળ્યો હતો, પરંતુ તે જીવતો પરત ન ફર્યો અને ચાંદખેડા પોલીસે પરિવારને 13 મેની સવારે હત્યાની જાણ કરી હતી.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




